


FRIDAY, 12 JUNE, 2026 Vol. 24, No. 24 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

### ઈરાન પર ભીષણ હુમલા કરવાનો ખોખારો ખાધા બાદ ડોનાલ્ડ ટ્રમ્પની ફરી એકવાર ગુલાટ

# ઈરાન પર હુમલા બંધ, 'ટૂંક સમયમાં ડીલ કરીશું'

**તહેરાન**

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગુરુવારે ઈરાન પર ભયાનક હુમલો કરવાની યોજના જાહેર કરી હતી, જોકે તેમણે આ મામલે મોટી ગુલાંટ મારી હુમલાની યોજના ટાળી દીધી છે. તેમણે સૈન્ય હુમલાને અચાનક રદ કરવાની જાહેરાત કરી હતી. ટ્રમ્પે જણાવ્યું છે કે, ઈરાન સાથે ડીલ કરવાની વાતચીત ઉચ્ચ સ્તરે પહોંચી ગઈ છે અને તે ડીલને મંજૂરી પણ મળી ગઈ છે, જેના કારણે હુમલો ટાળવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ સમજૂતી અંતિમ ન થાય ત્યાં સુધી ઈરાન પર નૌકાદળની નાકાબંધી યથાવત રહેશે.

ટ્રમ્પે તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ સોશિયલ' પર લખ્યું કે, આ વાતચીત અને તેના અંતિમ મુદ્દાઓને અમેરિકા, ઈઝરાયેલ, સાઉદી અરેબિયા, યુએઈ, કતાર, તુર્કી, પાકિસ્તાન સહિતના તમામ સંબંધિત દેશોએ મંજૂરી આપી દીધી છે. ટૂંક સમયમાં જ આ ઐતિહાસિક કરાર પર હસ્તાક્ષર કરવા માટેના સમય અને સ્થળની જાહેરાત કરવામાં આવશે.

## ટ્રમ્પની નજર 'ખાર્ગ આઈલેન્ડ' પર



તેમણે દાવો કર્યો હતો કે, ઈરાનની નૌસેના, વાયુસેના, રડાર અને એન્ટી એરક્રાફ્ટ ગન સહિતની સંરક્ષણ પ્રણાલીઓ અમેરિકાએ પહેલેથી જ પાયમાલ કરી દીધી છે. ટ્રમ્પે ઈરાનની આર્થિક કમર તોડવાની પણ ચીમકી આપી હતી અને જણાવ્યું હતું કે, ભવિષ્યમાં અમેરિકા ઈરાનના મુખ્ય તેલ અને ગેસ સંસાધનો પર સંપૂર્ણ નિયંત્રણ મેળવી લેશે, જેમાં સૌથી મહત્વનો વ્યૂહાત્મક ટાપુ 'ખાર્ગ આઈલેન્ડ' સામેલ છે. ખાર્ગ ટાપુ એ ઈરાનના તેલ વેપારની કરોડરજ્જુ છે જ્યાંથી દરરોજ આશરે 20 લાખ બેરલ ક્રૂડ ઓઈલની નિકાસ થાય છે. ટ્રમ્પે ઉમેર્યું હતું કે અમે આ ઓઈલ માર્કેટ પર તે જ રીતે નિયંત્રણ મેળવીશું જેમ અમે વેનેઝુએલામાં કર્યું છે.

## જાહેરાત પહેલાં ટ્રમ્પે આપી હતી હુમલાની ચેતવણી

આ શાંતિપૂર્ણ જાહેરાત પહેલા ટ્રમ્પે આજે જ ગુરુવારે સોશિયલ મીડિયા પર જાહેરાત કરી હતી કે, યુનાઈટેડ સ્ટેટ્સ આજે રાત્રે જ ઈરાન પર અત્યાર સુધીનો સૌથી મોટો સૈન્ય હુમલો કરવા જઈ રહ્યું છે. ટ્રમ્પના આ નિવેદનથી વૈશ્વિક સ્તરે અને ક્રૂડ ઓઈલના બજારમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી.

# ઓમાનમાં અમેરિકાના હુમલા બાદ ગુમ થયેલાં ત્રણ ભારતીયોના મોત

### કેન્દ્રીય મંત્રીએ પુષ્ટિ કરી શોક પ્રગટ કર્યો

**મસ્કત**

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે ભારતે વધુ 3 નાગરિકો ગુમાવ્યા છે. ઓમાનના દરિયાકિનારે અમેરિકાની સેના દ્વારા 'સેટેબેલો' ટેન્કર પર કરવામાં આવેલા હુમલામાં ત્રણ ભારતીય ખલાસીઓના મોત થયા છે. કેન્દ્રીય શિપિંગ મંત્રી સર્વાનંદ સોનોવાલે આ દુઃખદ સમાચારની પુષ્ટિ કરી છે. પાલાઉ દેશનો ધ્વજ ધરાવતું ઓઈલ ટેન્કર 'સેટેબેલો' ગલ્ફ ઓફ ઓમાનમાંથી પસાર થઈ રહ્યું હતું. અમેરિકાનો દાવો છે કે આ જહાજે તેમના બ્લૉકેડનું ઉલ્લંઘન કર્યું તેથી તેના પર હુમલો કરવામાં આવ્યો હતો. અમેરિકાના હુમલા બાદ જહાજના એન્જિન રૂમમાં આગ લાગી ગઈ હતી.

કેન્દ્રીય મંત્રી સર્વાનંદ સોનોવાલે સોશિયલ મીડિયા પર આ ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું છે. તેમણે કહ્યું છે કે, MT Settebello પર થયેલી આ દુઃખદ ઘટના વિશે જાણીને ખૂબ જ આઘાત લાગ્યો છે. અમેરિકાના હુમલા બાદ 21 ભારતીય ક્રૂ મેમ્બર્સને જહાજ પરથી રેસ્ક્યૂ કરી લેવામાં આવ્યા હતા. તે તમામને હવે સ્વદેશ પરત લાવવા માટેની પ્રક્રિયા શરૂ કરી દેવાઈ છે. આ સિવાય મૃતકોના પાર્થિવ દેહને વહેલી તકે ભારત લાવવા માટેની વ્યવસ્થા કરાઈ રહી છે.

## ભારતીયો ઉપર હુમલા બાદ ભારત લાલઘૂમ, UNSCમાં વિરોધ નોંધાવ્યો

સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં ભારતના કાયમી પ્રતિનિધિ હરીશ પર્વતનેનીએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે, ભારત આવી હિંસક ઘટનાઓને ક્યારેય સ્વીકારશે નહીં. છેલ્લા કેટલાક મહિનાઓથી ચાલી રહેલા આ સંઘર્ષમાં કેટલાક ભારતીયોએ પોતાના જીવ ગુમાવ્યા છે અને કેટલાક ગુમ છે. ઓમાનના કિનારે અમેરિકા દ્વારા કરવામાં આવેલા હુમલામાં 'સેટેબેલો' નામના કોમર્શિયલ ટેન્કરને નિશાન બનાવવામાં આવ્યું હતું, જેમાં 24 ભારતીય ક્રૂ મેમ્બર્સ સવાર હતા.

# કેનેડાના સરેમાં ગોળીબાર અને આગચંપી મુદ્દે 3 ભારતીયોને સજા, એકને તો 5 વર્ષની કેદ થઈ

### પેટ્રોલિંગ કરી રહેલી 'પ્રોજેક્ટ એશ્યોરન્સ' ટીમે ગણતરીના કલાકોમાં ત્રણેયને ઝડપી લીધા

**સરે**

સરે શહેરમાં ફાયરિંગ અને આગચંપીના કેસમાં કોર્ટે ત્રણ ભારતીય યુવકોને દોષિત ઠેરવીને સજા ફટકારી હતી. 1લી ફેબ્રુઆરી 2026ના રોજ મોડી રાત્રે એક રહેણાંક વિસ્તારમાં અંધાધૂંધ ગોળીબાર થવા અને એક ઘરની બહાર આગ લાગવાની માહિતી મળતાં પોલીસ એક્શનમાં આવી હતી. ઘટના ક્રેસન્ટ રોડ અને 132 સ્ટ્રીટની આસપાસ બની હતી. એ સમયે સરે પોલીસની 'પ્રોજેક્ટ એશ્યોરન્સ' ટીમ વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી. પોલીસ અધિકારીઓએ તાત્કાલિક સમગ્ર વિસ્તારને સુરક્ષિત કર્યો અને મામલાની તપાસ હાથ ધરી હતી. પોલીસ કાર્યવાહી દરમિયાન ટૂંક સમયમાં જ ત્રણ શંકાસ્પદ યુવકોને 28 એવેન્યુ અને 140 સ્ટ્રીટ પાસેથી ઝડપી લેવામાં આવ્યા હતા. ધરપકડ કરાયેલા આરોપીઓની ઓળખ 21 વર્ષીય હરજોત સિંહ, 19 વર્ષીય તરનવીર સિંહ અને 21 વર્ષીય દયાજીત સિંહ બિલિંગ તરીકે થઈ હતી.

બાદમાં તેઓની સામે પોલીસે આરોપીઓ સામે ગંભીર કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો. પ્રાથમિક તપાસમાં આરોપ હતો કે આ લોકોએ એવા વિસ્તારમાં ગોળીબાર કર્યો હતો, જ્યાં કોઈ વ્યક્તિનો જીવ જોખમમાં મુકાઈ શકે તેમ હતો. ત્યારબાદ પોલીસ તપાસ આગળ વધી અને આ કેસ સાથે જોડાયેલા પુરાવા અદાલત સમક્ષ રજૂ થયા હતા. 9 જૂન 2026ના રોજ ત્રણેય આરોપીઓએ સરે પ્રાંતીય અદાલતમાં પોતાનો ગુનો કબૂલ કર્યો હતો. અદાલતે તરનવીર સિંહને સૌથી વધુ સજા સંભળાવતા 5 વર્ષની જેલની સજા સંભળાવી હતી. તેને બેદરકારીપૂર્વક ફાયરિંગ કરવાના ગુનામાં દોષિત ઠેરવવામાં આવ્યો છે. બીજી તરફ દયાજીત સિંહ બિલિંગ અને હરજોત સિંહને વિસ્ફોટક પદાર્થ ફેંકવાના મામલામાં દોષિત ઠેરવવામાં આવ્યા છે. અદાલતે દયાજીતને 27 મહિના અને હરજોતને 25 મહિનાની જેલની સજા સંભળાવી હતી. આ બંનેની સજામાં તેમણે પહેલા જેલમાં વિતાવેલો સમય પણ સામેલ કરી લેવામાં આવશે. પોલીસે ઘટના પછી ઝડપી કાર્યવાહી કરીને પુરાવા એકઠા કર્યા હતા. જેના કારણે કોર્ટમાં મજબૂત કેસ બન્યો હતો.









# મિસિસાગામાં મિની ગુજરાત જીવંત થયું : ગુજરાતી સિનિયર સમાજના આનંદમેળામાં જામી સ્વાદ અને સંસ્કૃતિની મહેફિલ!

**ફાલુદાથી લઈને તીખા-તમતમતા ખીચું-પાણીપૂરી સુધીના સ્ટ્રીટ ફૂડ પર તૂટી પડતા ખાણીપીણીના શોખીનો, માઇન્ડ ગેમ, એમ્બ્રોઇડરી અને જ્વેલરીના સ્ટોલ્સ સાથે બાળકો માટે ક્રાફ્ટ વર્કશોપ બન્યું આકર્ષણનું કેન્દ્ર, સભ્યોના મધુર ગીતો વચ્ચે રાફલ ડ્રોના વિજેતાઓની જાહેરાત થતાં જ હોલ તાળીઓના ગડગડાટથી ગુંજી ઉઠ્યો**

**મિસિસાગા**

ગુજરાતી સિનિયર સમાજ મિસિસાગાનો આનંદમેળો જૂન ૦૭, ૨૦૨૬ના રોજ સ્ટીફન લેવિસ સેકન્ડરી સ્કૂલનો હોલ, થોમસ સ્ટ્રીટ, મિસિસાગા ખાતે ૨ વાગ્યે યોજાયો હતો. GSSMના ઉત્સાહી સંચાલક મંડળના સભ્યોના વિચારને મૂર્તિમંત કરવા માટેની જવાબદારી ધર્મિષ્ઠાબેન પટેલ અને ઈલાબેન દેવાણીએ સંભાળી હતી. સંયોજકોએ સૌને આવકાર્યા બાદ મેળામાં કૂપનો થકી વિક્રેતાઓ અને ગ્રાહકો વચ્ચે તાલમેલ થાય તે માટે કૂપનનું વેચાણ સમાજના સ્વયંસેવક જનીભાઈ પટેલ, દિનેશભાઈ પટેલ અને ઈશ્વરભાઈ પટેલ દ્વારા કરાયું હતુ. ઈનામી ડ્રૉ માટેની રાફલ ટિકિટનું વેચાણ પ્રકાશભાઈ દેસાઈ અને હીનાબેન દેસાઈ દ્વારા થયું હતુ. મહેન્દ્રભાઈ ગોધિયા દ્વારા અનિલભાઈ જેઠવાની સહાય સાથે ઓડિયો સિસ્ટમ થકી જીવંતતા બક્ષી હતી.












વિક્રેતાઓએ પોતાના સ્ટોલ ઉપર પોતાની આઈટમના નામ, તેની બનાવટની વિગતો અને કિંમતની કૂપન સંબંધિત માહિતી પ્રદર્શિત કરી હતી. સુધાબેનની સુંદર ભાવનાત્મક પ્રાર્થના બાદ ખાણીપીણીનું બજાર ધમધમ્યું હતુ.

વાનગીઓ માણવા સભ્યો અને મહેમાનો આતુરતા હોય, વિક્રેતાઓનો ઉત્સાહ પણ વધતો ગયો હતો. ઘણા વિક્રેતાઓએ પોતાના સ્ટોલ પર ગ્રાહકોને આકર્ષવા માટે નુસખાઓ પણ અપનાવ્યા હતા. માધુરીબેન, અરવિંદાબેન, ઈલાબેન, નીરુબેન પટેલ, તારાબેન, નીરુબેન મિસ્ત્રી, ધર્મિષ્ઠાબેન, મીનાબેન, પ્રજ્ઞાબેન, દીપ્તિબેન, રેખાબેન તેમજ પ્રવીણભાઈ મહેતા, નરેન્દ્રભાઈ ખંડેરિયા, ભૂપેન્દ્રભાઈ, ગૌતમભાઈ, કિરીટભાઈ, રૂપેનભાઈ અને કેરસીભાઈએ સ્ટ્રીટ ફૂડ આઈટમ્સ તૈયાર કરી હતી. જેમાં ફાલુદા, ભેલપૂરી, બટાટાવડા, ઢેબરા, ચાટ પાપડી, કચોરી, ખસ્તા કચોરી, ખીચું, દહીંવડા, પાણીપૂરી, ઈડલી ચટણી, મોગો, ચટાકો, ચા અને લીંબુ શરબત વેચાયા હતા. સાથે વિક્રમભાઈ માઈન્ડ ગેમ લઈને આવ્યા અને રૂપાબેન દેસાઈએ એમ્બ્રોઈડરીની પોતાની કસબ અજમાવી અને હંસાબેન કોઠારીએ તેમની કોઠાસૂઝ જ્વેલરી વેચીને પ્રદર્શિત કરી હતી. રીનાબેન દેવાણીએ એક ટેબલ ગોઠવ્યું હતું અને બાળકોને કલાકૃતિ બનાવવાનું શીખવ્યું હતુ.સભ્યો અને મહેમાનોએ સ્વાદીષ્ટ વ્યંજનનો સ્વાદ માણ્યો હતો. ગૌતમભાઈ નાયક, ઈલાબેન દેવાણી અને કનુકાકાના વરદહસ્તે રાફલ ડ્રો કરીને ઈનામોની જાહેરાત કરાઈ હતી. પ્રથમ ત્રણ ઈનામો મેળવનારને સૌએ અભિનંદન આપ્યા અને તાળીઓ વગાડી ઉત્સાહિત કર્યા હતા.

વચ્ચે સમયે સમયે સભ્યોએ સુંદર ગીતો રજૂ કરી સૌને મજા કરાવી હતી. યાદગાર ક્ષણોને તસવીરોમાં ઝડપવાનું કામ ચંપકભાઈ ટેલરે અને વીડિયો થકી જીવંત રાખવાની જવાબદારી પ્રવીણભાઈ મહેતાએ સંભાળી હતી.

## લુઇસ આર્બર કેનેડાના 31મા ગવર્નર જનરલ તરીકે નિયુક્ત : સમારોહમાં સંભાળ્યો હોદ્દો

**ઓટાવા**

પ્રખ્યાત ન્યાયશાસ્ત્રી અને માનવાધિકાર રક્ષક લુઈસ આર્બરને સોમવારે એક ભવ્ય અને પરંપરાગત સમારોહમાં કેનેડાના 31મા ગવર્નર જનરલ તરીકે નિયુક્ત કરાયા હતા. ગયા અઠવાડિયે લંડનમાં યોજાયેલી બેઠકમાં રાજા (કિંગ) દ્વારા આર્બરના નામ પર મંજૂરી અપાયા બાદ સેનેટ ચેમ્બરમાં યોજાયેલા એક સમારોહમાં તેઓ સત્તાવાર રીતે કેનેડાના રાજ્યના વડા અને કેનેડિયન સશસ્ત્ર દળોના કમાન્ડર-ઈન-ચીફના પ્રતિનિધિ બન્યા છે.

લુઈસ આર્બર બંધારણીય વ્યવસ્થાના રક્ષક, બિનપક્ષપાતી અને રાષ્ટ્રીય એકીકરણકર્તા તરીકે સેવા આપશે. કેનેડાના વડા પ્રધાન માર્ક કાર્ની અને તેમની પત્ની ડાયના, એનડીપી નેતા અવી લુઈસ, ભૂતકાળના વડા પ્રધાનો જો ક્લાર્ક અને જીન ક્રેટિયન સહિત અનેક રાજદ્વારીઓ, સ્વદેશી નેતાઓ અને સંસદસભ્યોની ઉપસ્થિતિમાં તેમણે પોતાનું પ્રથમ પ્રવચન આપ્યું હતું. જેમાં તેમણે કહ્યું હતુ કે, પુરોગામી ગવર્નર જનરલોની પરંપરા આગળ ધપાવાશે. ભૂતકાળના ગવર્નર જનરલોની જેમ લુઈસ આર્બર પણ પોતાના કાર્યકાળ દરમિયાન દેશના મહત્વના મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે.

ઉલ્લેખનીય છે કે તેમના પુરોગામી મેરી સિમોન (આ હોદ્દો સંભાળનાર પ્રથમ સ્વદેશી વ્યક્તિ)એ પોતાના પાંચ વર્ષના કાર્યકાળમાં 'સમાધાન' ને પ્રાથમિકતા આપી હતી.

પૂર્વ ગવર્નર જનરલ ડેવિડ જોહ્નસ્ટને શિક્ષણ, પરોપકાર અને સ્વયંસેવા પર ભાર મૂક્યો હતો.

પોતાના સંબોધનમાં આર્બરે સ્પષ્ટ કર્યું હતું કે રોજિંદા જીવનમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)નો પ્રભાવ વધી રહ્યો છે, ત્યારે ટેક્નોલોજીકલ પરિવર્તનના જોખમો અને તેનાથી થતા ફાયદાઓ અંગે સતર્ક રહેવું જરૂરી છે. આ ઉપરાંત દાયકાઓમાં યુવાનોની બેરોજગારી હાલ સૌથી ઉચ્ચતમ સ્તરે હોવાથી તેમણે દેશના યુવાધન માટે ખીલવા અને આગળ વધવાની વધુ તકો ઊભી કરવા વિશે વાત કરી હતી. કેનેડિયન સશસ્ત્ર દળોમાં ઉત્પીડન પર અગાઉ એક મહત્વપૂર્ણ અને કડક અહેવાલ આપનાર લેખક તરીકે, આર્બરે લશ્કરમાં થઈ રહેલા તાજેતરના સુધારાઓની પ્રશંસા કરી હતી. તેમણે સૈન્યના રેન્કમાં વિવિધતાને વધારવાના પ્રયાસોને બિરદાવ્યા હતા, જે લશ્કરનું નેતૃત્વ હવે તેમના હસ્તક છે. અંતમાં તેમણે ઉમેર્યું કે કેનેડિયનોને એક "પરિપક્વ લોકશાહી" માં રહેવાનો લહાવો મળ્યો છે, જ્યાં કાયદાનું શાસન છે અને વિવેચનાત્મક વિચારસરણી તથા નવીનતાને સન્માન મળે છે. દેશ હાલમાં અનેક સમસ્યાઓનો સામનો કરી રહ્યો છે તે સ્વીકારતા તેમણે નાગરિકોને આહવાન કર્યું કે, એક બહેતર દેશના નિર્માણમાં પોતાની વ્યક્તિગત ભૂમિકાને ક્યારેય નાની ન ગણવી જોઈએ.



આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI)ના જોખમો, યુવા બેરોજગારી અને સૈન્ય સુધારા જેવા મુદ્દાઓ પર ભાર આપ્યો

## ઓન્ટેરિયોમાં અનેક વાહનો વચ્ચે ટક્કર થતાં ડ્રાઈવર અને મોટરસાઈકલ સવાર બેના મોત

**ઓન્ટેરિયો**

કાવર્થા લેક્સ વિસ્તારમાં અનેક વાહનો વચ્ચે ટક્કર થતાં એક ટીન એજ ડ્રાઈવર અને બે મોટરસાઈકલ સવારોના મોત થયા હતા. ઓન્ટેરિયોના ઓમેમી શહેરમાં શનિવારે સાંજે લગભગ 6 વાગ્યે થયેલી જીવલેણ ટક્કર બાદ ઈમરજન્સી ક્રૂ અને ઓન્ટેરિયો પ્રાંતીય પોલીસે મદદ કરી હતી.

ચાર મોટરસાઈકલ અને એક પેસેન્જર વાહન વચ્ચે ગંભીર ટક્કરના અહેવાલ મળ્યા બાદ ક્રૂને હાઈવે 7 અને ન્યૂ હાઈટ્સ રોડના ક્રોસિંગ પર મોકલવામાં આવ્યા હતા.

પોલીસે જણાવ્યું હતું કે, વાહનના ડ્રાઈવર, પીટરબરોનો 18 વર્ષીય યુવાન અને ડંચર્ચનો 72 વર્ષીય પુરુષ કે જે મોટરસાઈકલ સવાર હતા તે બંનેને ગંભીર ઈજા થતાં તેમના ઘટના સ્થળે જ મોત નિપજ્યા હતા.

બીજો મોટરસાઈકલ સવાર, બેરીનો 65 વર્ષીય પુરુષ, ગંભીર ઈજાઓ સાથે ટોરોન્ટો-વિસ્તારના ટ્રોમા સેન્ટરમાં એરલિફ્ટ કરવામાં આવ્યો હતો, પરંતુ બાદમાં તેનું પણ મૃત્યુ થયું હતુ.




# ગુજરાતી સિનિયર્સનો અલાસ્કા પ્રવાસ : ગરબાની રમઝટ

## હિમાલયની યાદ તાજી થઈ, અલાસ્કાના ગ્લેશિયર્સ અને બિગ માઉન્ટેન્સ વચ્ચે કુદરતી સૌંદર્ય, બોટિંગ અને ડોગ શો આકર્ષણરૂપ રહ્યાં : ફ્લાય ઓવર' રાઈડના માધ્યમથી વડીલોએ આકાશી સફર સાથે અદ્‌ભુત નજારો નિહાળ્યો



**ટોરોન્ટો**

હર્ષદભાઈ પટેલની આગેવાની હેઠળ 73 સિનિયર્સે એક સાથે અલાસ્કા ગ્રાન્ડ પ્રિન્સીસ ક્રુઝ ટ્રીપની મોજ માણી હતી. ગુજરાતી સીનિયર્સ ગ્રુપ ઓફ બ્રામ્પ્ટનના સેક્રેટરી હર્ષદભાઈ પટેલ દ્વારા આયોજિત ૧૨ દિવસની ક્રુઝ આનંદોલ્લાસ સાથે વિના વિઘ્ને સંપન્ન થઈ હતી. હર્ષદભાઈએ મંડળમાં ક્રુઝ ટ્રીપની વાત કરતાં જ મેજોરિટી મેમ્બર્સના નામ આવી ગયા હતા. સાથે અન્ય સિનિયર્સ પણ જોડાયા હતા.





પાંચમી મેના રોજ રાખેલી મીટિંગમાં હર્ષદભાઈએ સંપૂર્ણ માહિતી સાથે ૧૨ દિવસનું પ્લાનિંગ સમજાવ્યું હતું. જે મુજબ 16મી મેના રોજ વહેલી સવારે સૌ એરપોર્ટ પહોંચી મજાક-મસ્તીના મૂડમાં આવી ગયા હતા. જે બાદ ટોરોન્ટોથી વાનકુંવર પહોંચ્યા પછી હર્ષદભાઈના પ્લાન પ્રમાણે સૌએ એક અદ્‌ભુત રાઈડ, ફલાય ઓવરમાં બેસીને સંપૂર્ણ કેનેડા નિહાળ્યું હતુ. ક્રૂઝમાં બ્રેકફાસ્ટ, લંચ, ડિનર સૌના ટેસ્ટ મુજબ ઉપલબ્ધ હતું. થિયેટરમાં ડિફરન્ટ શોઝ જોઈ ડિફરન્ટ કલ્ચર્સ વિશે પણ સભ્યોએ જાણકારી મેળવી હતી. જે બાદ ફ્લોર પર ગરબાની રમઝટ જમાવાઈ હતી. છેલ્લા ત્રણ દિવસની રોડ ટુરની વિશિષ્ટતામાં કુદરતનો અદ્‌ભુત નજારો જોવા મળ્યો હતો. બિગ માઉન્ટેન્સ અને ગ્લેશિયર્સ નિહાળતા સૌને હિમાલયની યાદ આવી ગઈ હતી. બોટિંગમાં સુંદર ડોગ્સ શો પણ જોવા મળ્યો હતો.

વિશેષમાં, 73 સિનિયર્સે સાથે મળીને મજાક-મસ્તી કરતાં સાથે ૧૧ દિવસ સાથે રહેવાનો અનેરો આનંદ માણ્યો હતો. 26મી મેના રોજ સૌ સહી-સલામત ટોરોન્ટો પરત આવ્યા હતા. હર્ષદભાઈનું સુંદર પ્લાનીગ, ઉત્તમ માર્ગદર્શન, સાવચેતી રાખવાનો સ્વભાવ અને યોગ્ય લીડરશીપને કારણે આ ટ્રીપ સૌ માટે યાદગાર સંભારણું બની રહી હતી.










તંત્રી સ્થાનેથી

# પછડાટ બાદ ટીએમસીમાં બખડજંતર પાર્ટીને બચાવવું મમતા માટે પડકાર

પશ્ચિમ બંગાળના રાજકારણમાં તૃણમૂલ કોંગ્રેસ અને મમતા બેનર્જી છેલ્લાં 15 વર્ષથી કેન્દ્રસ્થાને રહ્યા છે. મમતાએ ૧ જાન્યુઆરી, ૧૯૯૮ના રોજ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસથી અલગ થઈને 'ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસની સ્થાપના કરી હતી. અને પક્ષનું પ્રતીક 'જોડા ઘાસ ફૂલ' (બે ફૂલ અને ઘાસ) રખાયું હતુ. ૨૦૧૧માં પશ્ચિમ બંગાળમાં સતત ૩૪ વર્ષ શાસન કરનાર ડાબેરી મોરચાને હરાવીને ટીએમસીએ પહેલીવાર ઐતિહાસિક બહુમતી સાથે સરકાર બનાવી હતી અને મમતા બેનર્જી બંગાળના પ્રથમ મહિલા મુખ્યમંત્રી બન્યા હતા.



તંત્રી - સ્વદેશ

જોકે 2026માં પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં પરાજય બાદ ટીએમસીમાં ભારે અરાજકતા ફેલાયેલી છે. ગયા અઠવાડિયે જ પક્ષના 80માંથી 65 ધારાસભ્યોએ સત્તાવાર પક્ષથી અલગ થઈને ઋતબ્રત બેનર્જીની આગેવાનીમાં વિધાનસભામાં મુખ્ય વિરોધ પક્ષ તરીકેની માન્યતા મેળવી લીધી હતી. જેની સામે મમતા જૂથે વાંધો ઉઠાવતા મામલો હાઈકોર્ટ સુધી પહોંચ્યો હતો. પરંતુ ત્યાં પણ મમતા જૂથને કોર્ટે ઝટકો આપ્યો હતો. કોલકાતા હાઈકોર્ટે તૃણમૂલ કોંગ્રેસને તાત્કાલિક રાહત આપવાનો ઈનકાર કર્યો અને હાલ માટે વિપક્ષના નેતાની નિમણૂક પર કોઈ રોક ન લગાવતા ઋતબ્રત બેનર્જી હાલ વિપક્ષના નેતા તરીકે યથાવત રહેશે.

વિધાનસભામાં સત્તાધારી પક્ષની સાથે વિપક્ષનો પણ એક મુખ્ય નેતા હોય છે, જેને વિપક્ષના નેતા કહેવામાં આવે છે. પશ્ચિમ બંગાળ વિધાનસભાના સ્પીકર રથીન્દ્રનાથ બોઝે તાજેતરમાં ઋતબ્રત બેનર્જીને વિપક્ષના નેતા તરીકે માન્યતા આપી હતી. ઋતબ્રત બેનર્જી અગાઉ TMC સાથે જોડાયેલા હતા, પરંતુ ચૂંટણીમાં પાર્ટીની હાર બાદ તેમણે પોતાની જ પાર્ટી સામે બળવો કર્યો હતો. ત્યારબાદ સ્પીકરે તેમને વિપક્ષના નેતા તરીકે માન્યતા આપી હતી.

આમ તો પશ્ચિમ બંગાળમાંથી સત્તા ગુમાવ્યા બાદ તૃમણૂલ કોંગ્રેસના વડા મમતા બેનરજી એક પણ એક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. વિધાનસભા બાદ બળવાની આગ સંસદ સુધી પહોંચી હતી. જ્યાં કાકોલી ઘોષ દસ્તીદારના નેતૃત્વમાં બળવાખોર સાંસદોએ 20થી વધુ લોકસભા સભ્યોના સમર્થનનો દાવો કર્યો હતો. બુધવારે જ જાદવપુરના સાંસદ સાયની ઘોષ અને કોલકાતા દક્ષિણના સાંસદ માલા રોય પણ આ બળવાખોર જૂથમાં સામેલ થઈ ગયા હતા. આ યાદીમાં સૌથી ચોંકાવનારું નામ સયોની ઘોષનું છે. તે જે રીતે વિધાનસભા ચૂંટણી માટે પ્રચાર કરી રહ્યાં હતાં તેના પરથી તેમને મમતા બેનર્જીનાં વિકલ્પ તરીકે જોવામાં આવી રહ્યાં હતાં. સયોની ઘોષ જાધવપુર લોકસભા બેઠકનાં સાંસદ છે. ૨૦૨૧માં તે તૃણમૂલમાં જોડાયા હતાં. ૨૦૨૧માં તે વિધાનસભા ચૂંટણી હારી ગયા હતાં. આમ છતાં અભિષેક બેનર્જીએ તેમને તૃણમૂલ યુથ વિંગના રાષ્ટ્રીય અધ્યક્ષ બનાવ્યા હતાં. 19 સાંસદોએ સંસદમાં પોતાનું એક અલગ સંસદીય જૂથ બનાવવા માટે લોકસભા સ્પીકર ઓમ બિરલાને સહીઓ સાથેનો સત્તાવાર પત્ર સોંપ્યો હોવાનો દાવો કરવામાં આવ્યો હતો. જો કે, આ મામલે તૃણમૂલ કોંગ્રેસના મોવડીમંડળ કે મમતા બેનર્જી જૂથ તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ કે વિગતવાર પ્રતિક્રિયા આપવામાં આવી નથી. મમતા સામે બગાવત કરનારા ટીએમસીના 19 લોકસભા સાંસદોમાં બોલિવૂડના દિગ્ગજ અભિનેતા અને રાજનેતા શત્રુઘ્ન સિન્હા, સયોની ઘોષ તેમજ ભારતીય ટીમના પૂર્વ સ્ટાર ક્રિકેટર યુસુફ પઠાણ જેવા મોટા અને હાઈપ્રોફાઈલ નામો સામેલ હોવાથી પશ્ચિમ બંગાળ અને દિલ્હીના રાજકારણમાં ઉત્તેજના ફેલાઈ હતી. જો કે, બાદમાં શત્રુઘ્ન સિંહાએ ફેરવી તોળતા મમતા સાથે આજે પણ અડીખમ ઉભા હોવાનો દાવો કર્યો હતો. જો કે, બાકીના લોકોના રાજીનામા પાછળના સત્તાવાર કારણો સામે આવ્યા નથી, પરંતુ વિપક્ષી દળો તેને મમતા બેનર્જીના કિલ્લામાં ગાબડું અને પક્ષની અંદરનો ભારે અસંતોષ ગણાવી રહ્યા છે.

બીજી તરફ તૃણમૂલનાં બળવાખોર ધારાસભ્ય અને વિધાનસભામાં વિરોધ પક્ષનાં નેતા બનેલા ઋતબ્રત બેનર્જીએ દાવો કર્યો છે કે, તેમની સાથે આવનારા ધારાસભ્યોની સંખ્યા વધીને ૬૪ થઈ ગઈ છે. જો કે, તેમણે સ્પષ્ટપણે જણાવ્યું છે કે તેમનું જૂથ ભાજપ નેતૃત્ત્વવાળા એનડીએમાં કે કોંગ્રેસમાં સામેલ નહીં થાય. હાલમાં ૬૪ ધારાસભ્યો અમારી સાથે છે. આ તમામ ધારાસભ્યો વિધાનસભા અધ્યક્ષને પત્ર સોંપશે. તેમણે જણાવ્યું હતું કે તેમનું જૂથ એક અલગ રાજકીય ઓળખ સાથે કામ કરશે અને પશ્ચિમ બંગાળનાં હિતો માટે સંઘર્ષ કરશે. કોંગ્રેસમાં સામેલ થવાની અટકળોને પણ ઋતબ્રત બેનર્જીએ ફગાવી દીધી હતી. તેમણે જણાવ્યું હતું કે આ સંખ્યા વધુ આગળ વધી શકે છે, તેથી અસલી તૃણમૂલ કોંગ્રેસ અમે જ છીએ. અમારો કોંગ્રેસમાં વિલય થવાનો કોઈ ઈરાદો નથી. ટીએમસીમાં ચાલતા બખડજંતરનો મામલો એટલો ગરમાયો છે કે, પ્રકાશ ચિક બરાઈક પહેલાં પક્ષના વરિષ્ઠ નેતા સુખેન્દુ શેખર રોય અને ત્યારબાદ સુસ્મિતા દેવે રાજ્યસભાના સભ્યપદેથી રાજીનામું આપી દીધું હતું. એક પછી એક થયેલા આ ત્રણ મોટા રાજીનામાને કારણે રાજ્યસભામાં તૃણમૂલ કોંગ્રેસનું સંખ્યાબળ ઘટીને હવે માત્ર 10 સાંસદો પર આવી ગયું છે.

મમતા બેનર્જીએ જેમને ચીફ વ્હીપ બનાવવા માટે પોતાના 40 વર્ષ જૂના સાથી કાકોલી ઘોષને પદ પરથી હટાવી દીધા હતા, તે જ કલ્યાણ બેનર્જી હવે બળવાના માર્ગે છે. કલ્યાણ બેનર્જીએ ટીએમસી પ્રમુખ મમતા બેનર્જીને સીધું અલ્ટીમેટમ આપતાં કહ્યું છે કે, 'દીદીએ હવે નક્કી કરવું પડશે કે, તેમને કાં તો અભિષેક બેનર્જી જોઈએ અથવા મારા જેવા વફાદાર નેતાઓ. જો મમતા બેનર્જી અભિષેક બેનર્જીને પદ પરથી નહીં હટાવે, તો હું પક્ષમાં રહી શકીશ નહીં. અભિષેક બેનર્જી સામે ચાલી રહેલા નકલી સહીના કેસમાંથી કલ્યાણ બેનર્જીએ પોતાને અલગ કરી લીધા હતા. તેમણે નારાજગી વ્યક્ત કરતાં કહ્યું કે, 'અમે મધ્યરાત્રિ સુધી અભિષેકના કેસની તૈયારી કરી રહ્યા હતા અને અચાનક રાત્રે મને જાણ કરાઈ કે વકીલ બદલી નાખવામાં આવ્યા છે. આ ઘણું અપમાનજનક છે. અભિષેકે ક્યારેય મારા પર ભરોસો કર્યો નથી અને તેઓ વરિષ્ઠ નેતાઓનું સન્માન કરવાનું જાણતા નથી.' કલ્યાણ બેનર્જીએ અભિષેક બેનર્જીને 'ઘમંડી' ગણાવ્યા હતા અને કહ્યું છે કે તેમના કારણે જ પાર્ટીને આટલું મોટું નુકસાન વેઠવું પડ્યું છે. 'હું મમતા બેનર્જીની સાથે જ છું, પરંતુ દીદીએ હવે ફેંસલો કરવો પડશે કે તેમને પક્ષ અને વફાદાર નેતાઓ વહાલા છે કે પછી પરિવાર.' કલ્યાણ બેનર્જી માત્ર મમતા બેનર્જીના ખાસ જ નહોતા, પરંતુ પશ્ચિમ બંગાળની ચૂંટણીમાં હાર બાદ કોર્ટમાં પાર્ટીના તમામ મહત્ત્વના કેસોની પેરવી પણ કરી રહ્યા હતા. અભિષેક બેનર્જી આરોપી છે તેવા નકલી સહીના કેસમાં પણ તેઓ જ મુખ્ય વકીલ હતા. આ સ્થિતિમાં કલ્યાણ બેનર્જીનું બળવાખોર વલણ હવે ટીએમસી માટે શબપેટીમાં છેલ્લા ખીલા સમાન સાબિત થઈ શકે છે. આમ ટીએમસી માટે હાલ એક સાંધે ત્યાં તેર તૂટે જેવી હાલત છે. પાર્ટીને બચાવવા માટે મમતા બેનર્જીએ કપરા ચઢાણ ચઢવા પડશે તે પણ નક્કી છે.

manoj1968@yahoo. ca






# વડોદરાની કંપની સાથે 47 લાખની ઠગાઈ, જર્મન કંપનીના નામે નકલી ઈ-મેઈલ દ્વારા ખેલ કરાયો

## અધિકારીઓને ગેરમાર્ગે દોરી યુરો નાણા પોર્ટુગલની બેંક ખાતામાં ટ્રાન્સફર કરાવી લીધા

**વડોદરા**

વડોદરાની કેમિકલ ઉત્પાદક કંપની દીપક નાઈટ્રાઈટ લિમિટેડ આંતરરાષ્ટ્રીય સાયબર ઠગાઈનો ભોગ બની છે. જર્મનીની એક કંપની સાથેના ટેકનિકલ કરાર અંતર્ગત કરવામાં આવેલી ચુકવણી દરમિયાન સાયબર ઠગોએ નકલી ઈ-મેઈલ આઈડી બનાવી કંપનીના અધિકારીઓને ગેરમાર્ગે દોરી યુરો 46,959 (અંદાજે રૂ. 47 લાખથી વધુ) પોર્ટુગલ સ્થિત બેંક ખાતામાં ટ્રાન્સફર કરાવી લીધા હતા. સમગ્ર ઘટનાનો ખુલાસો થતાં કંપનીએ જવાબદારો સામે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે.

છાણી વિસ્તારમાં રહેતા અને દીપક નાઈટ્રાઈટ લિમિટેડમાં ચીફ મેનેજર (એકાઉન્ટ્સ) તરીકે ફરજ બજાવતા લક્ષ્મી ગણપતિએ કંપની વતી ફરિયાદ નોંધાવી છે. કંપનીએ વર્ષ 2024 દરમિયાન જર્મનીની કંપની સાથે સોડિયમ નાઈટ્રાઈટના ઉત્પાદન માટે જરૂરી પ્રોસેસ ટેકનોલોજીની ચકાસણી અને ફિઝિબિલિટી ટેસ્ટ માટે કરાર કર્યો હતો. આ ઈ-મેઈલ દ્વારા પેમેન્ટ માટે નવી બેંકિંગ વિગતો મોકલી પોર્ટુગલની બેંકના ખાતામાં રકમ જમા કરાવવા સૂચના આપવામાં આવી હતી. આ સૂચનાના આધારે દીપક નાઈટ્રાઈટની ઓમાન સ્થિત સહાયક કંપનીના કોટક મહિન્દ્રા બેંક, ગિફ્ટ સિટી ગાંધીનગર ખાતેના ખાતામાંથી 17 ઓક્ટોબર, 2025ના રોજ યુરો 46,959 ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા.

# વડોદરા કોર્પો.માં V-MAP સિસ્ટમમાં અનેક ભૂલોઃ વેરાની વસૂલાતમાં કરોડોનું નુકસાન

**વડોદરા**

વડોદરા કોર્પોરેશનમાં વેરા વસૂલાત પદ્ધતિ માટે જે કોમ્પ્યુટરમાં સિસ્ટમ દાખલ કરવામાં આવી હતી તેના બદલે તાજેતરમાં તારીખ 22 એપ્રિલથી નવી V-MAP સિસ્ટમ દાખલ કરવામાં આવતા કોર્પોરેશનની વેરાની આવક પર સીધી અસર પડી છે એટલું જ નહીં અસંખ્ય બીલોમાં ભારાંકથી લઈ રકમ અને વર્ષમાં પણ અનેક ભૂલો આવતી હોવાથી દરેક વોર્ડમાં કર્મચારીઓ અને કરદાતાઓ વચ્ચે ચકમકના દ્રશ્યો સર્જાતા રહે છે.

વડોદરા કોર્પોરેશનમાં વેરા વસુલાતની કામગીરી માટે હાલમાં આઈ.ટી વિભાગ દ્વારા ORCS સિસ્ટમ બંધ કરીને V-MAP ઓનલાઈન સિસ્ટમથી જીઓ ટેગીંગથી આકારણી કરવાની પદ્ધતિ અમલમાં મૂકવામાં આવી છે.

જેમાં આકરણીના બિલની રકમમાં વારંવાર ખોટી રકમ બિલમાં છપાઈને આવે છે અમુક સેન્સસ નંબરવાળા વેરાબીલોમાં પાછલી ડિમાન્ડ, ચાલુ ડિમાન્ડની રકમ કુલ ડિમાન્ડમાં બંનેની ટોટલ થઈને આવવી જોઈએ જેની જગ્યાએ અલગ જ રકમ બતાવે છે તેમજ ઓછી રકમ બતાવે છે.

# જમીન ખાલી કરો, નહીં તો દંડ થશે : હાઈકોર્ટે ક્રિકેટર અને MP યુસુફ પઠાણનો ઉધડો લીધો

## તમે કંઈ અભણ નથી, એક ક્રિકેટર પાસેથી આવી આશા ન હોઈ શકેઃ હાઈકોર્ટ

**વડોગરા**

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની ટીપી સ્કીમ નંબર-22ના ફાઈનલ પ્લોટ નંબર-90ના પ્લોટ પર ગેરકાયદે કબજો કરવાના વિવાદમાં પશ્ચિમ બંગાળના તૃણમૂલ કોંગ્રેસના સાંસદ અને પૂર્વ ક્રિકેટર યુસુફ પઠાણને ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ ડી.એન.રે. ની ખંડપીઠે ઉધડો લઈ નાંખ્યો હતો. હાઈકોર્ટે જે અધિકારીએ તમને જમીનનો કબજો આપ્યો તે અધિકારી વિરૂદ્ધ



તપાસનો હુકમ કરવાની ચીમકી પણ ઉચ્ચારી હતી. હાઈકોર્ટે યુસુફ પઠાણને એટલે સુધી કહી દીધું કે, જમીન ખાલી કરો, નહીતર તમને દંડ ફટકારીશું. પૂર્વ ક્રિકેટર યુસુફ પઠાણની ટીકા કરતાં ગુજરાત હાઈકોર્ટે જણાવ્યું કે, 'આ પ્રકારે જરૂરી પ્રક્રિયાનું પાલન કર્યા વિના જમીન પર કબજો જમાવી દેવો અને સરકારી જમીન પર અનઅધિકૃત દબાણ કરી દેવું એ ગુનો છે અને તમે અભણ નથી. આંતરરાષ્ટ્રીય કક્ષાના ક્રિકેટર પાસેથી આવી અપેક્ષા રાખી ના શકાય. ભલે તમે જમીનનો ઉપયોગ ના કરતા હોવ તો પણ જમીન તમારા કબજામાં છે અને તેથી તમારે તેનું ભાડું ચૂકવવું જ પડશે. જો તમે જમીન ખાલી નહીં કરો કોર્ટ ઓથોરિટીને પઝેશન લેવા હુકમ કરશે.'

# વડોદરાના યુવકોની કાર કેનાલમાં ખાબકતાં 1નું મોત, 3ને બચાવાયા

## યુવકો રાજપીપળાના બાર વણઝાર ધોધમાં ન્હાવા આવ્યા હતા

**નર્મદા**

વડોદરામાં રહેતા રોહિત વસાવા, હર્ષલ જગતાપ, સાહિલ નઝીર મલેક અને જયદીપ મૂળજી રાઠોડ એક કારમાં રાજપીપળા નજીક આવેલા બાર વણઝાર ધોધ ખાતે ન્હાવા માટે આવ્યા હતા. સાંજના સમયે ધોધથી પરત વડોદરા જવા નીકળ્યા ત્યારે માર્ગમાં કાર ચાલક રોહિત વસાવાએ સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. પરિણામે, કાર સીધી રોડ નજીક આવેલી કેનાલમાં ખાબકી હતી. હર્ષલ, સાહિલ અને જયદીપને સ્થાનિકોની મદદથી કારની બહાર નીકળવામાં સફળ રહ્યા હતા. જો કે, કાર ચલાવી રહેલો રોહિત વસાવા બહાર તો નીકળ્યો, પણ તે તરતા ન આવડવાને કારણે ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. આ અકસ્માતની જાણ બાર વણઝાર ફળિયામાં રહેતા ચંદન દેવા વસાવા નામના યુવકને થતાં તે તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. ચંદને પોતાના જીવની પરવા કર્યા વિના દોરડાની મદદથી હર્ષલ જગતાપ અને જયદીપ રાઠોડને પાણીમાંથી સુરક્ષિત બહાર ખેંચી લીધા હતા.

# પંચમહાલમાં મામી-ભાણાના પ્રેમસંબંધની શંકાએ પતિ દ્વારા પત્નીની કરપીણ હત્યા

## ઘટના અંગે પતિએ પરિવારજનોને જાણ કરી પોલીસ સમક્ષ સરન્ડર થયો

**પંચમહાલ**

હાલોલની યમુના નગર સોસાયટીમાં રહેતો આ પરિવાર રોજગારી અર્થે ખાનગી કંપનીમાં કામ કરતો હતો અને પોતાના બે સંતાનો સાથે વસવાટ કરતો હતો. પરિવારના નજીકના સગા સાથે પત્નીના (મામી-ભાણા) સંબંધ હોવાની શંકાને કારણે પતિ-પત્ની વચ્ચે છેલ્લા કેટલાક સમયથી વારંવાર મતભેદો અને ઝઘડા થતા હોવાનો સ્થાનકોએ દાવો કર્યો છે. પરિવારજનો દ્વારા અગાઉ સમાધાનના પ્રયાસો કરવામાં આવ્યા હોવા છતાં બંને વચ્ચેનો વિવાદ યથાવત રહ્યો હતો. સોમવારની સવારે પતિ અચાનક ઘરે પરત ફર્યો હતો. તે સમયે પત્ની પોતાના સંતાનો સાથે રૂમમાં હતી. બંને વચ્ચે ફરી એકવાર ઉગ્ર બોલાચાલી થતાં મામલો હિંસક બની ગયો હતો. ઉશ્કેરાયેલા પતિએ પત્ની પર જીવલેણ હુમલો કરી ગંભીર ઇજાઓ પહોંચાડતાં તેનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. સમગ્ર ઘટના દરમિયાન ઘરમાં હાજર બે માસૂમ સંતાનો ભયભીત થઈ ગયાં હતાં. ઘટના બાદ આરોપીએ પોતાના પરિવારજનોને જાણ કરી અને ત્યારબાદ સીધો હાલોલ પોલીસ મથકે પહોંચી આત્મસમર્પણ કર્યું છે. પોલીસે આરોપીની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે

# છોટા ઉદેપુરમાં માતા-પિતાની સંપત્તિ મુદ્દે ઝઘડો થતાં ભાઈએ ભાઇને પતાવી દીધો

## રિટાયરમેન્ટ, પેન્શન, મિલકતને લઈને ઘણા સમયથી મતભેદ હતો

**વડોદરા**

કલાલી ખાતે રહેતા ચાર ભાઈ અને બે બહેનોના પિતા દેવસિંગ રાઠવા રેલવે વિભાગમાં પોલીસ તરીકે નોકરી કરતા હતા. તેમના અવસાન બાદ તેમના રિટાયરમેન્ટના પૈસા મળ્યા હતા. આ રકમ માતાના પેન્શન અને અન્ય પારિવારિક મિલકતના હિસ્સાને લઈને ચાર ભાઈઓ વચ્ચે લાંબા સમયથી ગંભીર મતભેદ ચાલી રહ્યા હતા. આ દરમિયાન, મિલકતના હિસ્સા અંગે અંતિમ ચર્ચા કરવા માટે વિજય રાઠવા ડભોઈ ખાતે રહેતા તેના ભાઈ હિતેશને સાથે લઈને પોતાના વતન કવાંટના ખાટિયાવાટ ગામે પહોંચ્યા હતા. જ્યાં તેમનો ભાઈ બળવંત રાઠવા અન્ય સભ્યો અને તેની માતા પણ હાજર હતી. ગામના પંચોની હાજરીમાં આ મિલકતની ન્યાયિક ચર્ચા કરવાની હોવાથી, વિજયે પંચોને બોલાવવાનું કહ્યું હતું. આ સાંભળતા જ બીજો ભાઈ બળવંત રાઠવા એકદમ ઉશ્કેરાઈ ગયો હતો અને પરિવાર વચ્ચે ઉગ્ર બોલાચાલી શરૂ થઈ ગઈ હતી. ગુસ્સામાં અંધ બનેલા બળવંત રાઠવાએ સગા ભાઈ વિજય રાઠવાના માથાના ભાગે લોખંડના તાર વીંટાળેલા લાકડાના દંડાનો જોરદાર ફટકો મારી દીધો હતો. આ જીવલેણ હુમલામાં વિજય ઘટનાસ્થળે જ લોહીલુહાણ થઈને ઢળી પડ્યો હતો.

# જુનો પ્રેમી પાછો જોઈતો હોય તો ભુવાજી કામ કરી આપશે કહી યુવતી પાસેથી રોકડ-દાગીના ખંખેર્યા

## મિત્રતાના નામે મુકેલા ભરોસાનો ગેરલાભ ઉઠાવનાર જયન્ત વસાવા સુરતનો હોવાનું બહાર આવ્યું

**વડોદરા**

વડોદરામાં ફેશન ડિઝાઈનિંગનું કામ કરતી એક શિક્ષિત યુવતી સાથે છેતરપિંડીનો અજીબો ગરીબ કિસ્સો બન્યો છે. યુવતીએ મિત્રતાના નામે મુકેલા ભરોસાનો ગેરલાભ ઉઠાવનાર યુવકનું નામ જયન્ત પ્રવીણભાઈ વસાવા હોવાનું બહાર આવ્યું છે.

એકાદ મહિના બાદ જયંતે રૂબરૂમાં મળવાનો આગ્રહ કરતાં રેલ્વે સ્ટેશન પાસેની એક નાની રેસ્ટોરમાં બંને વચ્ચે પહેલી મુલાકાત થઈ હતી. યુવતીએ વિશ્વાસ મૂકીને જયંતને પોતાના બ્રેકઅપ વિશે વાત કરી હતી અને એમ પણ કહ્યું હતું કે હજી પણ હું એક્સ બોયફ્રેન્ડને ચાહું છું તેમજ તેની સાથે સંબંધ રાખવા તૈયાર છું. યુવતીની આ વાતનો જયંતે લાભ ઉઠાવી લીધો હતો અને કહ્યું હતું કે મારી પાસે એક ભુવાજી છે જે તારા જુના પ્રેમીને તારી જિંદગીમાં પાછા લાવી દેશે. પરંતુ આ માટે 30,000 જેટલો ખર્ચો કરવો પડશે.

જુના બોયફ્રેન્ડને જિંદગીમાં પાછો લાવવા માટે યુવતીએ જયંતને 30 હજાર રૂપિયા આપ્યા હતા. ત્યારબાદ જયંતે કહ્યું હતું કે ભુવાએ તારી વિધિ ચાલુ કરી છે પણ હજી વધુ ખર્ચો થાય તેમ છે. યુવતીએ પૈસા નહિ હોવાનું કહેતા જયંતે તેની પાસે દાગીના માંગ્યા હતા. તેણે કહ્યું હતું કે દાગીના ગીરવી મૂકીને પૈસા મેળવી લઈશ અને કામ પતશે એટલે દાગીના પાછા છોડાવી દઈશ.

છેલ્લા છ માસ દરમ્યાન જયંતને રોકડા રૂ.30 હજાર અને રૂ.3.66 લાખના દાગીના આપી દીધા છે. ઉપરાંત રૂ.4.02 લાખની મતા આપ્યા પછી પણ આજ સુધી મારું કામ થયું નથી કે દાગીના પરત મળ્યા નથી. જયંતે મારા દાગીના સુરતના કાપોદ્રા ખાતે રહેતા જયેશ ઉર્ફે જીગર ગોવિંદ ભાઈ પટેલને ગીરવી આપ્યા હોવાનું જાણવા મળ્યું છે.

# વાઘોડિયામાં લગ્નના 3 માસમાં પત્નીની હત્યા કરનાર પતિને આજીવન કેદની સજા

**વડોદરા**

હાંસાપુરા ગામના બાર ફળિયામાં રહેતા આરોપી રઘુવીરસિંહને ગામની જ એક અન્ય યુવતી સાથે પ્રેમ સંબંધ હોવાની જાણ તેની પત્ની સ્નેહાને થઈ ગઈ હતી. આ બાબતે પતિ-પત્ની વચ્ચે ઉગ્ર બોલાચાલી અને ઝઘડો થયો હતો. જેમાં ઉશ્કેરાઈ ગયેલા આરોપીએ 27 જુલાઈ 2024ના રોજ મોડી રાત્રે આશરે 1:45 વાગ્યે પત્નીના ગળાના ભાગે ઉપરાછાપરી છરીના ઘા મારી તેની હત્યા કરી નાખી હતી. પોલીસે આ બનાવ અંગે રઘુવીરસિંહ ઉર્ફે રઘુસિંહ વિજયસિંહ ચૌહાણ સામે હત્યાનો ગુનો દાખલ કરી તેની ધરપકડ કરી હતી. આ કેસમાં દસ્તાવેજી પુરાવાઓ અદાલત સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. ન્યાયાધીશે તમામ પુરાવાઓને ધ્યાને રાખી આરોપી રઘુવીરસિંહને આજીવન કેદની સજા ફટકારી હતી.

# સુરતમાં 100થી વધુ મકાનોના કથિત 'ભૂતિયા ડિમોલિશનથી વિવાદ

## મામલો ગરમાતા મહાપાલિકાએ પહેલા કહ્યું કે, અમે ડિમોલિશન કર્યું નથી અને 12 દિવસે ભાન આવ્યું કે બધી કાર્યવાહી કાયદેસરની છે

**સુરત**

ગુજરાતમાં ભાજપના રાજમાં ભૂમાફિયાઓ અને ભ્રષ્ટ તંત્રની જુગલબંધીએ સરકારની પ્રતિષ્ઠાનો ગ્રાફ એકદમ નીચે ઉતારી દીધો છે. સુરતના વેડ દરવાજા વિસ્તારમાં કાયદેસરની નોટિસ વિના, ખાખી વર્દીના પ્રોટેક્શન હેઠળ 100થી વધુ ગરીબોના આશિયાના જમીનદોસ્ત કરી દેવાયા છે. ત્યારે સુરતના નાસીરનગર ડિમોલિશન પ્રકરણમાં વિવાદ શમવાના બદલે દિવસેને દિવસે વધુ ઘેરો બની રહ્યો છે. તંત્રના અધિકારીઓ પર આક્ષેપો થઈ રહ્યા છે.

વેડ દરવાજા નજીક આવેલા નાસીરનગર વિસ્તારમાં 29 મેના રોજ થયેલા ડિમોલિશન બાદ પાલિકા અને પોલીસની કાર્યવાહી સામે



અનેક સવાલો ઊભા થયા હતા. ડિમોલિશન દરમિયાન નિયમોનું પાલન થયું હતું કે નહીં, ખાનગી મિલકતોને ગેરકાયદે નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું કે નહીં અને તંત્રે પોતાની સત્તાનો દુરુપયોગ કર્યો હતો કે કેમ, તેવા મુદ્દાઓને લઈને ભારે વિરોધ નોંધાયો હતો. વધતા જનઆક્રોશ વચ્ચે પાલિકાએ છ સભ્યોની તપાસ સમિતિની રચના કરી હતી. આ ઘટના બાદ પહેલાએ પોતે ડિમોલિશન કર્યું નથી તેવું ગાણું ગાયું હતું પરંતુ 12 દિવસ બાદ તેને ભાન આવ્યું હતું. મનપાના સેન્ટ્રલ ઝોનના અધિકારી આશિષ નાયકે એક સત્તાવાર રેકોર્ડેડ વિડીયો નિવેદન જાહેર કરીને દાવો કર્યો છે કે, સોશિયલ મીડિયા અને રાજકીય વર્તુળોમાં જેને 'ભૂતિયા ડિમોલિશન' (નકલી અથવા બિનસત્તાવાર તોડકામ) ગણાવવામાં આવી રહ્યું છે, તે હકીકતમાં સંપૂર્ણપણે કાયદેસર અને વહીવટી પ્રક્રિયા હતી. આ વિવાદ હવે વહીવટી વિવાદ મટીને રાજકીય આક્ષેપબાજીમાં ફેરવાઈ ગયો છે.

### સુરતમાં ભૂતિયા ડિમોલિશનની તપાસ સમિતિ પર ભાજપ ધારાસભ્યને ભરોસો નથી

વિનુ મોરડીયાએ જણાવ્યું હતું કે, આ તપાસ માત્ર એક ઔપચારિકતા બનીને ન રહી જવી જોઈએ. સમગ્ર ઘટનાની સ્વતંત્ર અને પારદર્શક તપાસ થાય તે અત્યંત જરૂરી છે. જો તપાસ દરમિયાન કોઈ પણ અધિકારી, કર્મચારી અથવા અન્ય જવાબદાર વ્યક્તિની સંડોવણી સામે આવે, તો માત્ર વિભાગીય પગલાં પૂરતા નથી, પરંતુ તેમની સામે પોલીસ ફરિયાદ નોંધીને ફોજદારી કાર્યવાહી પણ હાથ ધરવી જોઈએ. દોષિતોને કાયદા મુજબ કડક સજા મળવી જરૂરી હોવાનું તેમણે ઉમેર્યું હતું.

# પારડીમાં શાકભાજી સાથે ગાંજાની ખેતી કરનારની ધરપકડ, માલિક પણ વોન્ટેડ

**વલસાડ**

પારડી તાલુકાના સરોધી ગામે આવેલા એક ખેતરમાં વલસાડ જિલ્લા SOGની ટીમે બાતમીના આધારે દરોડો પાડીને ગાંજાના 18 જેટલા લીલાછમ છોડ શોધી કાઢ્યા છે. પોલીસે સ્થળ પરથી આશરે 37.15 લાખ રૂપિયાની કિંમતનો 74.310 કિલોગ્રામ ગાંજાનો જથ્થો જપ્ત કર્યો છે. આ મામલે પોલીસે એક શખ્સની ધરપકડ કરી છે, જ્યારે જમીન માલિકને વોન્ટેડ જાહેર કરી આગળની તપાસ હાથ ધરી છે. વલસાડ એસઓજીને એક ગુપ્ત અને સચોટ બાતમી મળી હતી કે પારડીના સરોધી ગામના બરવાળી ફળિયામાં ગેરકાયદેસર નશીલા પદાર્થનું વાવેતર કરાયું છે. આ બાતમીના આધારે પીઆઈ અને તેમની ટીમે હર્ષિલ નરેન્દ્રભાઈ પટેલ નામના વ્યક્તિની માલિકીની જમીનમાં ઓચિંતો દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન પોલીસને ખેતરમાં શંકાસ્પદ છોડ વાવેલા જોવા મળ્યા હતા. પોલીસે FSLની ટીમની મદદ લઈને સ્થળ પર જ વૈજ્ઞાનિક પરીક્ષણ કરાવ્યું હતું, જેમાં આ તમામ 18 છોડ ગાંજાના જ હોવાનું સ્પષ્ટ તારણ બહાર આવ્યું હતું. પોલીસે આ તમામ છોડ મૂળમાંથી ઉખેડીને કુલ 74.310 કિલોગ્રામ વજનનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

# જુમ્મા મસ્જિદના 700 વર્ષથી બંધ ભોંયરામાંથી જૈન તીર્થંકર મલ્લિનાથ ભગવાનની પ્રતિમા મળી

## કામગીરીનો પુરાતત્વ વિભાગ દ્વારા વીડિયો રિપોર્ટ તૈયાર કરીને ઉચ્ચ સ્તરે મોકલાયો

**ભરૂચ**

ભરૂચ જિલ્લાની રાષ્ટ્રીય ધરોહર ગણાતી અને વર્ષોથી ધાર્મિક સ્થાન તરીકે ઉપયોગમાં લેવાતી જુમ્મા (જામા) મસ્જિદનો વિવાદ હવે વધુ ઘેરો બન્યો છે. આ સ્થળ જૈન સમરી વિહાર અને શ્રી ચક્રધર સ્વામીનું જન્મ સ્થળ હોવાના દાવા સાથે છેલ્લા છ મહિનાથી સંતો અને વિવિધ સંગઠનો દ્વારા આંદોલન ચલાવવામાં આવી રહ્યું હતું. આ વિવાદ વધતાં આખરે પુરાતત્વ વિભાગે મસ્જિદના વર્ષોથી બંધ ભોંયરાનો દરવાજો ખોલીને તપાસ કરતા અંદાજે 700 વર્ષથી બંધ એવા ભોંયરામાંથી 19મા જૈન તીર્થંકર ભગવાન મલ્લિનાથ અને અન્ય જૈન દેવી-દેવતાઓની પૌરાણિક પ્રતિમાઓ મળી આવી છે, જેના પર સંવત 1213નો ઉલ્લેખ છે. આ સમગ્ર કામગીરીનો પુરાતત્વ વિભાગ દ્વારા વીડિયો રિપોર્ટ તૈયાર કરીને ઉચ્ચ સ્તરે મોકલવામાં આવ્યો છે.

પૌરાણિક પ્રતિમાઓ મળી આવ્યા બાદ તંત્ર દ્વારા તાત્કાલિક પગલાં ભરીને મસ્જિદ પરિસરમાંથી બિનઅધિકૃત દબાણો દૂર કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ સાથે જ સુરક્ષા અને કાયદો-વ્યવસ્થા જાળવવા માટે ભોંયરા તરફ જતો એક મુખ્ય દરવાજો હાલ પૂરતો કાયમ માટે બંધ કરી દેવાયો છે. પુરાતત્વ વિભાગની પરવાનગી વિના અહીં ઊભા કરાયેલા અન્ય વજુખાના અને પંખા-લાઈટ જેવી સુવિધાઓ અંગે પણ તપાસ શરૂ કરાઈ છે. વિવાદનું મૂળ ઈતિહાસ સાથે જોડાયેલું છે.

# વાપીમાં બોગસ કોલ સેન્ટર ચલાવી કેનેડાના લોકોને ટાર્ગેટ કરતાં 11 શખ્સોની ધરપકડ

## 4.95 લાખનો મુદ્દામાલ જપ્ત, કોલિંગ માટે આધુનિક એપ્સનો ઉપયોગ કરાતો હતો

**વાપી**

વાપીના હરિયાપાર્ક વિસ્તારમાં આવેલા એક બંગલામાં વલસાડ જિલ્લા સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG)એ દરોડો પાડીને એક મોટા આંતરરાષ્ટ્રીય બોગસ કોલ સેન્ટરનો પર્દાફાશ કર્યો છે. પોલીસે ઘટનાસ્થળેથી બે મહિલાઓ સહિત કુલ 11 આરોપીઓની ધરપકડ કરી છે. પોલીસે વાપીના હરિયા પાર્કમાં આવેલા બંગલા નંબર 43માં દરોડો પાડવામાં આવ્યો હતો. બંગલામાં તપાસ કરતા ત્યાં ગેરકાયદે રીતે આંતરરાષ્ટ્રીય બોગસ કોલ સેન્ટર ધમધમતું હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે સ્થળ પરથી 11 શખ્સોની અટકાયત કરીને સઘન પૂછપરછ હાથ ધરી હતી. તપાસ દરમિયાન આ રેકેટના મુખ્ય સૂત્રધાર તરીકે રાજેશ ઉર્ફે રાજ ઠોલારનું નામ સામે આવ્યું છે, જેને પકડવા માટે પોલીસે જુદી જુદી કલમો હેઠળ ગુનો નોંધી ચક્રો ગતિમાન કર્યા છે. પોલીસ પૂછપરછમાં આરોપીઓએ ચોંકાવનારા ખુલાસા કર્યા છે. મુખ્ય સૂત્રધાર રાજેશ દ્વારા તમામ ટેલીકોલર્સને વોટ્સએપ પર અંગ્રેજી સ્ક્રિપ્ટ અને PDF ફાઈલો પૂરી પાડવામાં આવતી હતી. આરોપીઓ કેનેડાના નાગરિકોને ફોન કરીને કહેતા કે, 'તમારું એક પાર્સલ આવ્યું છે, જેમાં નાર્કોટિક્સ ડ્રગ્સ અથવા ગેરકાયદે કરન્સી છે.' સામેવાળી વ્યક્તિને વધુ ડરાવવા માટે તેઓ કેનેડિયન ગવર્મેન્ટના બોગસ લેટરપેડનો ઉપયોગ કરતા અને પોતાની ઓળખ કેનેડિયન ઈન્ટેલિજન્સ એજન્સી અથવા પોલીસ અધિકારી તરીકે આપતા હતા. જ્યારે ભોગ બનનાર વ્યક્તિ ગભરાઈ જતી હતી.

# ભરૂચમાં એક જ પરિવારના 3 સભ્યો પર ચપ્પુથી ઘાતકી હુમલો, 2ના મોત

**ભરૂચ**

ભરૂચમાં વ્હોરવાડ અને કોઠી વિસ્તારમાં બુધવારે ધોળા દિવસે હૃદયકંપાવી દેનારી ઘટના સામે આવી છે. અહીં એક જ પરિવારના ત્રણ સભ્યો પર કોઈ કારણોસર ધારદાર ચપ્પુ વડે જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. બે અલગ-અલગ મકાનોમાં થયેલા આ હુમલામાં ગંભીર ઈજાઓ થવાને કારણે બે લોકો સેહેનાઝબેન અને અલીફિયાનું મોત થયું હતું. ત્રીજા સભ્ય લોહીલુહાણ હાલતમાં જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે.

હુમલો એટલો ઘાતકી હતો કે ઘરનું રસોડું લોહીથી ખરડાઈ ગયું હતું, જ્યાં એક મહિલાની લોહીલુહાણ લાશ મળી આવી હતી. ઘટનાને પગલે સમગ્ર પંથકમાં અરેરાટી સાથે ભારે સનસનાટી મચી ગઈ છે. મર્ડરની જાણ થતાં પોલીસ અધિકારીઓ સહિતનો કાફલો તાત્કાલિક દોડી આવ્યો હતો. ઘવાયેલી વ્યક્તિને તાબડતોબ નજીકની હોસ્પિટલમાં ખસેડાઈ છે, જ્યાં તેની સ્થિતિ નાજુક હોવાનું જાણવા મળ્યું છે. ક્રૂર હત્યાકાંડ પાછળ અદાવત કે લૂંટનો ઈરાદો, તે અંગેનું રહસ્ય અકબંધ છે. પોલીસે ગુનો નોંધી હત્યારાઓને પકડી પાડવા માટે અલગ-અલગ દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# વાપીમાં કિશોરી સાથે દુષ્કર્મ કેસ આરોપીને 20 વર્ષની કેદની સજા

**વાપી**

વાપીમાં પરપ્રાંતિય પરિવાર રહે છે. વર્ષ 2021માં પાડોશમાં રહેતો રાજકુમાર સિંગ આ પરિવારના ઘરે પહોંચ્યો હતો. તે સમયે કામિની (નામ બદલ્યું છે) ઘરે એકલી હોવાથી તેણે તેની લસ્સીમાં નશીલો પદાર્થ ભેળવી દીધો હતો. લસ્સી પીધા બાદ કામિની બેભાન થઈ ગઈ હતી, જેનો લાભ ઉઠાવીને રાજકુમારે તેની પર દુષ્કર્મ આચર્યું હતું અને કામિનીના નગ્ન ફોટા તથા વીડિયો ઉતારી લીધા હતા.

ત્યારબાદ, રાજકુમારે આ વીડિયો અને ફોટા બતાવીને તેને બદનામ કરવાની ધમકી આપી બ્લેકમેઈલ કરવાનું શરૂ કર્યું હતું. રાજકુમારે 2 વર્ષના સમયગાળા દરમિયાન કિશોરીનું શોષણ કર્યું હતું. એટલું જ નહીં, અંતે રાજકુમારે કામિનીના નગ્ન ફોટા અને વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ પણ કરી દીધા હતા. આ કેસમાં પોલીસે નરાધમ આરોપી રાજકુમારની ધરપકડ કરી હતી. વાપી કોર્ટમાં હાથ ધરાયેલી સુનાવણી દરમિયાન સરકારી વકીલ (પબ્લિક પ્રોસિક્યુટર)એ ભોગ બનનાર પીડિતા, તેના પરિવારજનો અને અન્ય સાક્ષીઓના નિવેદનો તેમજ મેડિકલ રિપોર્ટ સહિતના સજ્જડ પુરાવાઓ રજૂ કર્યા હતા.

# માંગરોળમાં ઘોડો ગાજર ખવડાવતા માલિકનો હાથનો અંગૂઠો ચાવી ગયો, બાદમાં સફળ સર્જરી

## 4 કલાકની સર્જરી કરી ડોક્ટરોએ અંગૂઠો ફરી હાથ સાથે સફળતાપૂર્વક જોડી આપ્યો

**સુરત**

યુકેમાં રહેતા અને મૂળ માંગરોળ ગામના રહેવાસી સલીમભાઈને ઘોડા પ્રત્યે વિશેષ લગાવ છે. તેમના ફાર્મ હાઉસ પર ચાર જેટલા ઘોડા રાખવામાં આવ્યા છે અને તેઓ સમયાંતરે યુકેથી ખાસ ઘોડાઓની સંભાળ લેવા માટે ભારત આવતા રહે છે. તાજેતરમાં સલીમભાઈએ અંદાજે રૂ.12 લાખના ખર્ચે એક નવો ઘોડો ખરીદ્યો હતો. ઘોડાની દેખરેખ અને તાલીમ માટે તેઓ થોડા દિવસ પહેલાં જ યુકેથી માંગરોળ આવ્યા હતા. બે દિવસ અગાઉ બપોરના સમયે તેઓ પોતાના ફાર્મ પર ઘોડાને ગાજર ખવડાવી રહ્યા હતા. આ દરમિયાન અચાનક ઘોડાએ ગાજર સાથે તેમના જમણા હાથના અંગૂઠાનો અડધો ભાગ ચાવી લીધો હતો. ઘટના બાદ પરિવારજનો સલીમભાઈને તાત્કાલિક સારવાર માટે સુરત લઈ આવ્યા હતા. જોકે અંગૂઠાનો કપાયેલો ભાગ ઘોડાના મોઢામાં જ રહ્યો હતો. પરિવારજનો અને ફાર્મના કર્મચારીઓએ લગભગ એક કલાક સુધી પ્રયત્નો કર્યા બાદ ઘોડાના મોઢામાંથી અંગૂઠાનો ભાગ બહાર કાઢવામાં સફળતા મેળવી હતી. અડાજણ વિસ્તારમાં આવેલી એક ખાનગી હોસ્પિટલમાં નિષ્ણાત સર્જનોએ તાત્કાલિક ઓપરેશન હાથ ધર્યું હતું. ડોક્ટરો દ્વારા લગભગ ચાર કલાક સુધી ચાલેલી માઈક્રો સર્જરી બાદ અંગૂઠાનો ભાગ ફરીથી હાથ સાથે જોડવામાં આવ્યો હતો.

# જામનગરના ધ્રોલના પેટ્રોલ પંપમાં 14.06 લાખની ઉચાપતનો આક્ષેપ

## મેનેજર સામે વિશ્વાસઘાત અને ધમકીની ફરિયાદ નોંધાઈ

**જામનગર**

જામનગર જિલ્લાના ધ્રોલ ખાતે આવેલા 'જય દ્વારકાધીશ પેટ્રોલિયમ' પેટ્રોલ પંપમાં રૂપિયા 14,06,857ની ઉચાપત થયાનો આક્ષેપ સામે આવ્યો છે. પેટ્રોલ પંપના ભાગીદાર કેતનભાઈ લાલજીભાઈ પરમારે ધ્રોલ પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદ મુજબ પંપના કર્મચારી દાઉદશા અનવરશા શાહમદાર સામે વિશ્વાસઘાત અને ધમકી આપ્યાનો ગુનો નોંધાવાયો છે.

ધ્રોલના ચામુંડા પ્લોટ વિસ્તારમાં આવેલ પેટ્રોલ પંપનું સંચાલન 4 ભાગીદારો દ્વારા કરવામાં આવે છે. વર્ષ 2018થી શરૂ થયેલા આ પેટ્રોલ પંપમાં મેનેજર નિશાંતભાઈ રજાએ જતા તા.02 ડિસેમ્બર 2025થી 21 ડિસેમ્બર 2025 દરમિયાન સમગ્ર વહીવટ દાઉદશા અનવરશા શાહમદારને સોંપવામાં આવ્યો હતો. આ સમયગાળા દરમિયાન પેટ્રોલ અને ડીઝલનું કુલ રૂપિયા 44,95,368નું વેચાણ થયું હોવાનું હિસાબમાં સામે આવ્યું હતું, જ્યારે બેંક અને હિસાબમાં માત્ર 30,88,511 જમા કરાવવામાં આવ્યા હોવાનું જણાયું હતું. તપાસ કરતાં 14,06,857ની રકમનો તફાવત સામે આવ્યો હતો. ભાગીદારોએ હિસાબ અંગે પૂછપરછ કરતાં દાઉદશાએ પોતાના ઉપયોગ માટે રકમ ખર્ચી નાખ્યાનું સ્વીકાર્યું હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. ત્યારબાદ દાઉદશા અને તેના ભાઈ રફીકશા અનવરશા શાહમદારે તા.17 જાન્યુઆરી 2026ના રોજ નોટરી લખાણ કરી રકમ પરત આપવાની ખાતરી આપી હતી. જોકે નોટરીમાં દર્શાવેલ સમયમર્યાદા પૂર્ણ થયા બાદ પણ રકમ પરત આપવામાં આવી નહોતી. ફરિયાદી પક્ષના જણાવ્યા મુજબ રકમની ઉઘરાણી માટે સંપર્ક કરતાં આરોપી ગોળમટોળ જવાબ આપતો હતો અને બાદમાં "તમારાથી જે થાય તે કરી લેજો, રૂપિયા આપવાના નથી" કહી હાથ-પગ ભાંગી નાખવાની તેમજ જાનથી મારી નાખવાની ધમકી પણ આપતો હતો.

# ઉર્જા ક્ષેત્રે છલાંગ : માણાવદર પંથકમાં રેકોર્ડબ્રેક ડ્રીલીંગ

**માણાવદર**

સૌરાષ્ટ્રના ઈતિહાસમાં પ્રથમ વખત ખનીજ તેલ અને કુદરતી ગેસના અખૂટ ભંડાર શોધવા માટે ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ONGC) દ્વારા એક ભગીરથ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે, જે હવે એક મહત્વપૂર્ણ તબક્કે પહોંચ્યું છે. ઓક્ટોબર 2023માં કરવામાં આવેલા પ્રારંભિક જીઓલોજીકલ સર્વેમાં સકારાત્મક સંકેતો મળ્યા હતા. જેને આધારે માણાવદરના બુરી-દડવા ગામની જમીનની અંદર 3000 મીટર જેટલી અધધ ઊંડાઈ સુધીનું ડ્રિલિંગ સફળતાપૂર્વક પૂર્ણ કરી લેવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટની વિશાળતાનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય કે, ઓપરેશન માટે ONGC દ્વારા અત્યાધુનિક ડ્રિલિંગ રિગ (NG-1500-1) મેદાનમાં ઉતારવામાં આવી છે. આ રિગના માધ્યમથી માણાવદર અને તેની આસપાસના 12 કિલોમીટર જેટલા મોટા કાર્યક્ષેત્રમાં હાલ યુદ્ધના ધોરણે કામગીરી ચલાવવામાં આવી રહી છે.

# અમરેલીમાં રૂ. 96 હજારનું સાયબર ફ્રોડ તપાસમાં આંકડો 2.74 કરોડે પહોંચ્યો

## મહેનરજી ઠાકોર નામના આરોપીની પાટણથી ધરપકડ

**અમરેલી**

અમરેલી જિલ્લામાં શેરબજારમાં રોકાણના નામે નિર્દોષ નાગરિકોને શિકાર બનાવતી સાયબર ગુનેગારોની ટોળકીનો પોલીસે પર્દાફાશ કર્યો છે. આશરે 20 દિવસ પહેલાં નોંધાયેલી સાયબર છેતરપિંડીની એક ફરિયાદના આધારે તપાસ ચલાવીને પોલીસે મહેનરજી મફાજી ઠાકોર નામના મુખ્ય આરોપીની પાટણથી અટકાયત કરી છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે ઝડપાયેલા આ આરોપી વિરુદ્ધ સમગ્ર ગુજરાતમાં અલગ-અલગ જગ્યાએ અગાઉથી જ 8 જેટલી સાયબર ફ્રોડની ફરિયાદો નોંધાઈ ચૂકી છે.

આ કેસની સૌથી ચોંકાવનારી વિગત આરોપીના બેંક ખાતાઓ તપાસતા સામે આવી છે. સાયબર ગુનેગારે માત્ર 2 મહિનાના ટૂંકા ગાળામાં લોકો સાથે છેતરપિંડી કરીને પોતાના ખાતામાં 2 કરોડ 74 લાખ રૂપિયા જેટલી રકમ જમા કરાવી લીધી હતી. પોલીસના જણાવ્યા મુજબ આ પ્રકારના ગુનાઓમાં સ્થાનિક સ્તરે નાની રકમની છેતરપિંડી દેખાતી હોય છે, પરંતુ જ્યારે આવા ગુનેગારોના નાણાકીય વ્યવહારોનું ઊંડાણપૂર્વક વિશ્લેષણ કરવામાં આવે ત્યારે રાષ્ટ્રીય કે રાજ્ય સ્તરનું મોટું કૌભાંડ બહાર આવતું હોય છે.

પોલીસે આરોપીની ધરપકડ બાદ જણાવ્યું કે સામાન્ય રીતે કોઈ એક ભોગ બનનાર વ્યક્તિના 96 હજાર જેવી મર્યાદિત રકમ ફ્રોડમાં ગઈ હોય તેવું બને, પણ જ્યારે તે ગુનેગારના ખાતા તપાસાય ત્યારે અઢી કરોડથી વધુ રકમનો ફ્રોડ સામે આવે છે. આ તમામ નાણાં સાયબર છેતરપિંડી દ્વારા જ મેળવવામાં આવ્યા હોય છે. આવા કિસ્સાઓમાં જો નાગરિકો છેતરપિંડી થયાના તુરંત બાદ '1930' હેલ્પલાઈન નંબર પર સમયસર જાણ કરે, તો ગુનેગાર નાણાં ઉપાડે તે પહેલાં જ રકમને બેંક ખાતામાં ફ્રીઝ કરાવી શકાય છે અને કોર્ટની પ્રક્રિયા દ્વારા તે પરત મેળવી શકાય છે.

Imperial PEST CONTROL
Serving Since 2006.
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs, Silver Fish, Spiders & Fleas, Carpenter Ants. Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon, Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service *Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820

First Flight FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ
Brampton (West) — 519, Ray lawson boulevard, Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours Phone 647-657-9631 ------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM : SAT-SUN : 1.00 PM to 6.00 PM
Scarborough — 880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex, Phone 647-657-9631 905-673-9631 ------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM FRIDAY WEEKLY OFF : SAT-SUN : 11.00 AM to 6.00 PM
we are back to Great Punjab — 2980 DREW ROAD, UNIT 135 NEXT TO SWEET MASTER --------: MON - FRI :-------- 10 AM TO 7 PM --------: SAT-SUN :-------- 11AM TO 6PM
Bovaird
2260 BOVAIRD DR., EAST UNIT 121 " RAJDHANI RESTAURANT PLAZA, NEXT TO DENTAL CLINIC" BRAMPTON, ON L6R3J5
CONTACT : 647-657-9631 / 905-673-9631
MON - FRI - 12 PM TO 7 PM, SAT - SUN - 11 AM TO 6 PM
MONDAY WEEKLY OFF
૬૪૭-૭૬૧-૧૩૧૭ www.firstflightcanada.com

સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS
Return Undeliverable Canadian Address To : Shree Balaji Inc.
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.
Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
Designed By Sabir Daroga, Mevada Piyush, Firoz Shaikh
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)
Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# ગાંધીધામમાં 43.93 કરોડના સાયબર ફ્રોડ-નેટવર્કનો પર્દાફાશ

## શ્રીલંકા સુધી લિંક, 4 આરોપીઓ ઝડપાયા, 7 મોબાઈલ કબજે લેવાયા, ગુજરાત સહિત 12 વધુ રાજ્યોના લોકો ભોગ બન્યા હતા

**ભુજ**

ગુજરાત સરકાર દ્વારા રાજ્યભરમાં ચલાવવામાં આવી રહેલા “ઓપરેશન મ્યુલ હંટ ૨.૦” અંતર્ગત પૂર્વ કચ્છ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશને ગાંધીધામ સંકુલમાંથી ઓપરેટ થતા કરોડો રૂપિયાના બેંક એકાઉન્ટ ભાડે આપવાના મોટા આંતરરાષ્ટ્રીય કૌભાંડનો પર્દાફાશ થયો છે. પ્રાથમિક તપાસમાં ગરીબ અને જરૂરિયાતમંદ લોકોના નામે ખોલાવાયેલા ૧૦૫ ‘મ્યુલ એકાઉન્ટ્સ’ એટલે કે, ભાડૂતી ખાતામાંથી રૂા. ૪૩.૯૩ કરોડથી વધુની શંકાસ્પદ નાણાકીય હેરફેર સામે આવતાં ભારે ખળભળાટ મચી ગયો છે.



સરહદી રેન્જ ભુજના આઈજી ચિરાગ કોરડીયા તથા પૂર્વ કચ્છ પોલીસ વડા સાગર બાગમારના માર્ગદર્શન હેઠળ સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા હાથ ધરાયેલા આ ઓપરેશનની વિગતો મુજબ, આરોપીઓ ગરીબ, મજૂર અને આર્થિક રીતે નબળા લોકોને થોડા કમિશન કે આર્થિક લાભની લાલચ આપી તેમના અસલી દસ્તાવેજો મેળવી લેતા હતા. સાયબર પોલીસે હ્યુમન સોર્સ અને ટેકનિકલ સર્વેલન્સના આધારે દિવ્યરાજસિંહ રાણા, જયનીત ભરત કાર (કન્નર), ચિરાગસિંહ બલવંતસિંહ ઝાલા અને શબ્બીર અકબર લુહાર (લોધા) નામના ચાર આરોપીઓને ઝડપી પાડી, તેમની પાસેથી ૭ મોબાઈલ ફોન કબ્જે કર્યા છે. જ્યારે આ રેકેટના મુખ્ય ભેજાબાજ ગણાતા કિંગ ડેવિડ ઉર્ફે કનૈયાલાલ ઠક્કર, દીપક ઠક્કર, જયરાજસિંહ જીતેન્દ્રસિંહ રાણા અને રાજભા ગાંડુજી વાઘેલા હજુ પોલીસ પકડથી દૂર હોઈ તેમને શોધવા કવાયત તેજ કરાઈ છે.

ત્યારબાદ આ દસ્તાવેજોના આધારે વિવિધ સરકારી અને ખાનગી બેંકોમાં બચત તથા કરંટ ખાતાઓ ખોલાવવામાં આવતા હતા. ખાતું ખૂલ્યા બાદ તેની ગુપ્ત બેંકિંગ કીટ, એટીએમ કાર્ડ, ચેકબુક, રજિસ્ટર્ડ સિમકાર્ડ, ઈ-મેઈલ આઈડી અને નેટબેંકિંગના પાસવર્ડ કુરિયર અને વોટ્સએપ મારફતે છેક શ્રીલંકામાં રહેલા સાયબર માફિયાઓ સુધી પહોંચાડવામાં આવતા હતા. ભારત સરકારના નેશનલ સાયબર ક્રાઈમ સમન્વય પોર્ટલ પર આ ખાતાઓ વિરૂદ્ધ દેશભરમાંથી કુલ ૯૦ જેટલી સત્તાવાર ફરિયાદો નોંધાઈ ચૂકી છે. આ કૌભાંડમાં ગુજરાત ઉપરાંત સહિત ૧૨થી વધુ રાજ્યોના ભોગ બનનારાઓના નાણાં ટ્રાન્સફર થયા હોવાનું ખુલ્યું છે.

# હવે સામાન્ય મુસાફરો માટે મુન્દ્રાનું એરપોર્ટ 23 જૂનથી ધમધમતું થશે

## દેશના મહત્ત્વના શહેરો સાથે વનસ્ટોપ કનેક્ટિવિટી થશે

**ભુજ**

કચ્છના ઔદ્યોગિક હબ એવા બંદરીય મુંદરા પંથકના પ્રવાસીઓ માટે લાંબા સમયની પ્રતીક્ષાનો આખરે સુખદ અંત આવ્યો છે. માત્ર અદાણી ગ્રુપના ખાનગી વપરાશ પૂરતા સીમિત રહેલા મુન્દ્રા એરપોર્ટને હવે કમર્શિયલ એટલે કે સામાન્ય નાગરિકોની અવરજવર માટે સત્તાવાર મંજૂરી મળી ગઈ છે. આગામી ૨૩મી જૂનથી ‘સ્ટાર એર’ કંપની દ્વારા અહીંથી નિયમિત વિમાની સેવાઓ શરૂ કરવામાં આવશે. આ એરપોર્ટને ‘એમડીએ’ કોડ ફાળવવામાં આવ્યો છે અને સામાન્ય પ્રવાસીઓ માટે ૧૦૦ મુસાફરોની ક્ષમતાવાળું એક આધુનિક પેસેન્જર ટર્મિનલ પણ સજ્જ કરી દેવાયું છે. ૨૩ જૂનથી મુંદરાના આકાશમાં જેટ પ્લેન ઉડાન ભરશે. નવી ફ્લાઈટ શિડ્યુલ અનુસાર, મુંદરાથી મુંબઈ, હિંડન ગોવા અને સુરત માટે સીધી ફ્લાઈટ્સ ઉપલબ્ધ બનશે. આ ઉપરાંત મુન્દ્રા થઈને કનેક્ટિંગ ફ્લાઈટ્સ મારફતે પ્રવાસીઓ બેંગલુરુ, નાંદેડ, કોલ્હાપુર અને બેલગાવી જેવા દેશના મહત્વના શહેરો સાથે વન-સ્ટોપ કનેક્ટિવિટીથી જોડાઈ શકશે.

# જમીન વિવાદમાં ઘેરાયા રાજકોટ ભાજપના નેતા, 9 વીઘા જમીન ખાલસા કરવાનો આદેશ

## હું ભૂલ સ્વીકારું છું. પ્રીમિયમ ભર્યા વગર જમીન વેચવી મારી : નેતાની કેફિયત

**રાજકોટ**

શહેર ભાજપના નેતા જમીન વિવાદમાં ઘેરાયા છે. તેમને ૯ વીઘા જમીન ખાલસા કરવાનો આદેશ જિલ્લા કલેકટર દ્વારા આપવામાં આવ્યો છે. મળતી વિગત પ્રમાણે, રાજકોટમાં ભાજપના બક્ષીપંચ મોરચાના પ્રમુખ બાબુભાઈ માટીયાને માલિયાસણ નજીક આવેલી આશરે 9 વિઘા જમીન, જેની અંદાજિત કિંમત 7 કરોડ હોવાનું કહેવાય છે, તેને ખાલસા કરવાનો જિલ્લા કલેક્ટર દ્વારા આદેશ આપવામાં આવ્યો હોવાનું સામે આવ્યું છે.

નવી શરતની આ જમીન સરકારની પૂર્વ મંજૂરી અને જરૂરી પ્રીમિયમ ભર્યા વિના વેચી દેવામાં આવી હોવાના આક્ષેપો છે. આ મામલે વહીવટી તપાસ બાદ જમીન ખાલસા કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યું છે. આ સમગ્ર વિવાદ વચ્ચે બાબુભાઈ માટીયાએ પોતાની પ્રતિક્રિયામાં સ્વીકાર્યું છે કે પ્રીમિયમ ભર્યા વગર જમીન વેચવામાં ભૂલ થઈ હતી. તેમણે જણાવ્યું કે, મેં ભૂલ કરી છે, એ હું સ્વીકારું છું. પ્રીમિયમ ભર્યા વગર જમીન વેચવી મારી ભૂલ હતી. ઉલ્લેખનીય છે કે અગાઉ પણ ઈસરોના અધિકારીઓ સાથે થયેલી મારામારીની ઘટનામાં બાબુભાઈના પરિવારનું નામ ચર્ચામાં આવ્યું હતું, જેના કારણે આ નવો વિવાદ પણ રાજકીય વર્તુળોમાં ચર્ચાનો વિષય બન્યો છે. હાલ જમીન ખાલસા કરવાની પ્રક્રિયા અને તેના કાનૂની પાસાઓ અંગે આગળની કાર્યવાહી પર સૌની નજર છે.

# અંધશ્રદ્ધા : રાજકોટમાં પતિના અવસાનના ત્રીજા જ દિવસે પત્નીનું મુંડન કરાવી દેવાયું

## 2023માં પતિને મૃત્યુ થયું, સાસુ અને નણંદની ચડામણીથી ઘરમાં કલેશ થતો હતો

**રાજકોટ**

માયાણી ચોકમાં પિયરમાં રહેતી સોનલબેન જાગાણીના લગ્ન 2014માં જેતપુરમાં રહેતાં ચંદ્રેશ સાથે થયા હતા. પતિ કારખાનું ધરાવતા હતા. દામ્પત્યજીવનમાં પુત્ર અને પુત્રીની પ્રાપ્તિ થઈ હતી. લગ્ન બાદ સાસુ અને નણંદ પતિને નાની-નાની વાતમાં ચડામણી કરતા હોવાથી પતિ અવારનવાર ઝઘડા કરી મારકૂટ કરતો હતો. લગ્નની શરૂઆતથી જ નણંદ કહે તે મુજબ જ બધું થતું હતું. 2022માં પુત્રીનો જન્મ થયો હતો. તેના સાસુ ભૂવા, દોરા-ધાગામાં ખૂબ જ માનતા હોવાથી અલગ-અલગ ભૂવાઓને ઘરે બોલાવતા હતા. જે તેને ગમતું નહીં. પરિણામે આ બાબતે ઝઘડાઓ થતાં હતાં. 2023માં પતિને આંતરડાનું કેન્સર થયાનો રિપોર્ટ આવ્યો હતો. પતિની સારવાર ચાલુ હતી ત્યારે સાસુએ ભૂવાના કહેવાથી સારવાર બંધ કરાવી દીધી હતી. પતિની તબિયત વધુ ખરાબ થતાં ધોરાજી સાસરે રહેવા જતા રહ્યા હતા. જ્યાં સારવાર માટે સાસુ-સસરા ઘરમાં અવારનવાર ભૂવાને બોલાવતા હતા. આખરે ગઈ તા. 12-11-2025ના રોજ પતિનું મૃત્યુ થયું હતું. તેના ત્રણ દિવસ બાદ સાસુ અને નણંદે તેને કહ્યું કે, તારા માથાનું મુંડન કરાવવું પડશે, જો તું મુંડન નહીં કરાવ તો તારા પતિની આત્માને શાંતિ નહીં મળે. આ પછી બળજબરીથી તેના માથાનું મુંડન કરાવી નાખ્યું હતું. પોલીસે સાસુ જયાબેન, સસરા ભાડાભાઈ અને નણંદ નિમિષાબેન રાજેશભાઈ પાદરીયા વિરુદ્ધ ગુનો નોંધ્યો છે.

# ભુજના પદ્ધરમાં તાંત્રિક વિધિને નામે ધૂતતી પરપ્રાંતિય ત્રિપુટીને ઝડપી પાડી

**ભુજ**

ભુજ ડિવિઝનના ડીવાયએસપી ડો. વિશ્વા શાહ અને પદ્ધર પોલીસ મથકના પી.આઈ એ.ડી. ખાંટના જણાવ્યા અનુસાર, એક કારમાં ત્રણ શંકાસ્પદ ઈસમો ફરી રહ્યા હોવાની બાતમી મળી હતી. આ ત્રિપુટી પૈકીનો એક શખ્સ સાધુ જેવો વેશ ધારણ કરી પોતે દૈવી અને વિશેષ શક્તિઓ ધરાવતો હોવાનો ઢોંગ કરતો હતો. તેઓ ગ્રામ્ય વિસ્તારોમાં ભોળા લોકોને ધંધા-રોજગારમાં પ્રગતિ કરાવવા અને ઘરના દુઃખ-તકલીફો આંતરી દેવાનો દાવો કરીને વિશ્વાસમાં લેતા હતા અને ત્યારબાદ વિધિ પૂજાના નામે મોટી રકમ પડાવતા હોવા અંગે મળેલી પૂર્વ બાતમીના આધારે પદ્ધર પોલીસે વોચ ગોઠવીને કાર સહિત ત્રણેય આરોપીઓ અરવિંદનાથ ઉર્ફે ફક્કો જીવણનાથ પરમાર, બળવંત હીરા વાદી અને પરબત નથભુ રાઠોડને દબોચી લીધા હતા. પોલીસે આરોપીઓ પાસેથી રોકડા રૂ ૧૭,૨૪૦, ચાર નંગ મોબાઈલ ફોન, વિધિની સામગ્રીમાં વપરાતો ઘીનો ડબ્બો, શ્રીફળ અને અલ્ટો કાર મળી કુલ રૂ.૧,૩૨,૭૪૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પકડાયેલા આરોપીઓનો ગુનાહિત ઈતિહાસ તપાસતાં ચોંકાવનારી વિગતો સામે આવી છે.

# જામનગરમાં અર્ધનગ્ન હાલતમાં યુવકનો મૃતદેહ મળી આવ્યો, તમામ પાસાઓથી તપાસ શરૂ

**જામનગર**

વાલકેશ્વરી નગરી મેઈન રોડ વિસ્તારમાં અજાણ્યા પુરુષનો અર્ધનગ્ન હાલતમાં મૃતદેહ મળ્યો હતો. ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકોના ટોળેટોળા સ્થળ પર એકત્રિત થઈ ગયા હતા. બનાવ અંગેની જાણ સીટી ‘બી’ ડિવિઝન પોલીસને થતાં પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે મૃતદેહનો કબજો સંભાળી જરૂરી પંચનામું સહિતની કાર્યવાહી હાથ ધરી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે જી.જી. હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. પ્રાથમિક તબક્કે મૃતકની ઓળખ થઈ શકી નથી. મૃતક કોણ છે, ક્યાંનો રહેવાસી છે અને તેનું મોત કયા સંજોગોમાં થયું છે તે અંગે પોલીસે તપાસ શરૂ કરી છે.

# બાબા બાગેશ્વરના દિવ્ય દરબારમાં અનેક લોકો ધૂણવા લાગ્યા, મહિલાએ લોકોને લાફા ઝીંક્યા

## શાસ્ત્રીના દરબારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો

**રાજકોટ**

રાજકોટમાં બાબા બાગેશ્વર ધામનો દિવ્ય દરબાર યોજાવાનું નક્કી થયું છે ત્યારથી જ વિવાદ શરૂ થયો છે. અહીં ધીરેન્દ્રશાસ્ત્રીના આહવાન બાદ દરબારમાં ભૂત-પ્રેતના નામે લોકો ધુણ્યાં હતા. જેના કારણે ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ધુણતા લોકોના દ્રશ્યો કેમેરામાં કેદ થયા છે. જેના વીડિયો ઘણાં જ વાયરલ થઈ રહ્યાં છે. રવિવારે રાતે દિવ્ય દરબારમાં પ્રેતબાધા દૂર કરવાની વાતો વચ્ચે ત્યાં હાજર કેટલાક લોકો અચાનક ધૂણવા લાગ્યા હતા. આ લોકો ધીરેન્દ્રશાસ્ત્રીના સ્ટેજની સામે આવીને ધૂણ્યાં હતા. જેમાં મોટી સંખ્યામાં મહિલાઓ હતી. મહિલાઓ સાથે મોટી ઉંમરના પુરુષો અને યુવાનો પણ દેખાયા હતા. આ દરમિયાન એક મહિલાએ પોતાને પ્રેતબાધા થઈ હોવાનું જણાવીને સિક્યુરિટી કર્મચારીઓ, પત્રકાર અને કેટલાક ભક્તોને લાફા ઝીંકી દીધા હતા. તેની લોકો સાથે ઝપાઝપી થતી હોય તેવા દ્રશ્યો પણ સામે આવ્યા છે. ઘટનાના કારણે થોડા સમય માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

# પાકિસ્તાનના નવા પેંતરાથી કચ્છ સરહદ પર ખતરો, 16 સેટેલાઈટથી જાસૂસી શરૂ

**ભુજ**

ઓપરેશન સિંદૂર બાદ ભારત-પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ હોવા છતાં સરહદની સુરક્ષા માટે નવો પડકાર સામે આવ્યો છે. પ્રાપ્ત વિગતો મુજબ પાકિસ્તાને છેલ્લા ૧૬ મહિનામાં ૧૬ જેટલા અર્થ-ઓબ્ઝર્વેશન સેટેલાઈટ અવકાશમાં તૈનાત કર્યા છે અને તેની સીધી નજર હવે કચ્છના સંવેદનશીલ વિસ્તારો પર મંડરાયેલી છે. આ સેટેલાઈટ હાઈ-રિઝોલ્યુશન કેમેરા અને એ.આઈ આધારિત ઈમેજ પ્રોસેસિંગથી સજ્જ હોવાથી સરહદી સલામતી દળ અને ભારતીય સેનાની હિલચાલ, ઉપરાંત નવા બનતા બંકર અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં થતા નાના ફેરફાર પણ પકડી શકે છે. ભારત-પાક સરહદથી માત્ર ૫૦ કિ.મી. દૂર આવેલા નલિયા એરબેઝ પર પડી છે.

સ્વદેશ

FRIDAY, 12 JUNE 2026



## શિલ્પાના ખોટા આરોપ સામે મહારાષ્ટ્ર સરકાર પગલાં લેશે

મુંબઇ : શિલ્પા શિંદેએ પ્રોડયુસર પર જાતીય શોષણ કરવા બદલ ખોટા આરોપ લગાડયા હતા. જે હવે તેને ભારી પડતા જણાઇ રહ્યા છે. હવે એઆઇસીડબલ્યુએને મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે અભિનેત્રીના વિરુદ્ધ સખત એકશન લેવાની માંગણી કરી છે. ભાભીજી ઘર પર હૈ ની અભિનેત્રી શિલ્પા શિંદે ખોટા આરોપના કબૂલનામા પર ફસાઇ ગઇ છે. તેણે હાલ સ્પષ્ટતા કરી હતી કે, ૨૦૧૬માં ભાભીજી ઘર પર હૈના પ્રોડયુસર પર જાતીય શોષણ કરવાનો ખોટો આરોપ મુકીને કેસ કર્યો હતો. હવે આ બદલ ઓલ ઇન્ડિયન સિને વર્કર્સ એસોસિયેશને અભિનેત્રીના વિરુદ્ધ મહારાષ્ટ્રના મુખ્યમંત્રીને કાર્યવાહીની માંગણી કરી છે.

## રશ્મિકા મંદાનાની ફી 3 વર્ષમાં 4 કરોડથી વધીને 15 કરોડ



મુંબઈ : બોલિવુડમાં છેલ્લાં કેટલાંક વર્ષોમાં ફીમાં સતત વધારો મેળવનારા કલાકારોમાં રશ્મિકા મંદાના મોખરે છે. હજુ ત્રણ વર્ષ પહેલાં ચાર કરોડ રુપિયા ફી વસૂલનારી રશ્મિકા હાલ ફિલ્મ દીઠ ૧૫ કરોડ રુપિયા વસૂલી રહી હોવાની ચર્ચા છે. રશ્મિકાએ 'એનિમલ' તથા 'છાવા' બંને માટે ચાર કરોડ રુપિયા લીધા હતા. 'પુષ્પા ટુ' માટે તેને ૧૦ કરોડ મળ્યા હોવાનું કહેવાય છે. હવે નવી ચર્ચા એવી છે કે 'કોકટેલ ટુ'માં તેણે ૧૫ કરોડ રૂપિયા ચાર્જ કર્યા છે. રશ્મિકા એ રીતે નસીબદાર રહી છે કે તેની મોટાભાગની ફિલ્મો હિટ થતી રહી છે. આથી તે દરેક ફિલ્મ પછી ફી વધારો માગી રહી છે. હવે રશ્મિકાની શાહિદ કપૂર તથા ક્રિતી સેનન સાથેની 'કોકટેલ ટુ' રજૂ થવાની છે.

## બોલીવુડમાં કિર્તી સુરેશને વધુ એક રોમાન્ટિક થ્રીલર ફિલ્મની ઓફર



મુંબઈ : કિર્તી સુરેશને બોલિવુડમાં વધુ એક રોમાન્ટિક ફિલ્મની ઓફર થઈ હોવાનું કહેવાય છે. જોકે, કિર્તી સુરેશે પોતે આ પ્રોજેક્ટ અંગે કોઈ વિગતો હજુ સુધી જાહેર કરી નથી. કિર્તી સુરેશની રાજ કુમાર રાવ સાથેની ફિલ્મ 'રફતાર' આગામી જુલાઈમાં રીલિઝ થવાની હતી પરંતુ તેને બદલે આ ફિલ્મ હવે આગામી દશેરા સુધી ઠેલાઈ ચૂકી છે. આ દરમિયાન કિર્તીને બોલિવુડમાં વધુ એક પ્રોજેક્ટ મળી ચૂક્યો હોવાનો દાવો થઈ રહ્યો છે. આ ફિલ્મ મોટાં બજેટની હશે અને તે રોમાન્સ તથા થ્રીલરનું જોનર ધરાવતી હશે એમ કહેવાય છે. કીર્તી આ અગાઉ વરુણ ધવન સાથેની 'બેબી જોન' ફિલ્મમાં જોવા મળી હતી. જોકે, તેને ધારી સફળતા મળી ન હતી.

# અભિનેત્રી પર એક સમયે બોલિવૂડે લગાવ્યો હતો 'અપશુકનિયાળ'નો સિક્કો, 13 ફિલ્મોમાં થઇ રિજેક્ટ



# વિધા બાલન : સુપરસ્ટાર અભિનેત્રી

બોલીવૂડમાં એવા ઘણા કલાકારો છે જેમણે સફળતાના શિખરે પહોંચતા પહેલાં વર્ષો સુધી આકરા રિજેક્શનનો સામનો કરવો પડ્યો છે. આજે આપણે ફિલ્મ ઈન્ડિસ્ટ્રીની એક એવી જ લેડી સુપરસ્ટારની વાત કરી રહ્યા છીએ, જેણે આ ખાસ મુકામ સુધી પહોંચવા માટે અત્યંત દર્દનાક અને માનસિક સંઘર્ષનો તબક્કો વેઠ્યો છે. આપણે વાત કરી રહ્યા છીએ બોલીવૂડની એવરગ્રીન અને પ્રખ્યાત અભિનેત્રી વિદ્યા બાલનની. આજે ઈન્ડસ્ટ્રીમાં તેને શ્રેષ્ઠ એક્ટિંગ અને પાવરફુલ પાત્રો માટે ઓળખવામાં આવે છે, પરંતુ તેની કરિયરના શરૂઆતના દિવસો કોઈ ખરાબ સપનાથી કમ નહોતા. કરિયરની શરૂઆતમાં જ ફિલ્મમેકર્સે તેના પર 'મનહૂસ' હોવાનો સિક્કો મારી દીધો હતો અને એક પછી એક 13 ફિલ્મોમાંથી તેને બહારનો રસ્તો બતાવી દેવાયો હતો. જોકે, આટલા આકરા તિરસ્કાર પછી પણ આ હસીનાએ ક્યારેય હિંમત ન હારી અને પોતાની દમદાર એક્ટિંગના જોરે એવો પલટવાર કર્યો કે બોલીવૂડનો ઈતિહાસ બદલાઈ ગયો.

એક એવો સમય હતો જ્યારે ફિલ્મમેકર્સ વિદ્યા બાલનને ફિલ્મ માટે અશુભ માનવા લાગ્યા હતા. શરૂઆતમાં વિદ્યાએ જે સાઉથના પ્રોજેક્ટ્સ સાઈન કર્યા હતા તે કોઈને કોઈ કારણસર બંધ પડી ગયા. બસ, આ જ વાતને પકડીને મેકર્સે તેને અનલકી ગણાવી દીધી અને જોતજોતામાં 13 ફિલ્મોમાંથી તેને રિજેક્ટ કરી દેવામાં આવી. આ સતત મળેલા નકારાત્મક પ્રતિસાદ અને લોકોના કડવા વર્તને વિદ્યા બાલનનો આત્મવિશ્વાસ સંપૂર્ણપણે હચમચાવી દીધો હતો અને તે અંદરથી ખરાબ રીતે તૂટી ગઈ હતી.

એક ઈન્ટરવ્યુમાં વિદ્યાએ પોતાના એ દર્દને શેર કરતા જણાવ્યું હતું કે, ઈન્ડસ્ટ્રીના શરૂઆતના દિવસોમાં લોકો જ્યારે તેને 'મનહૂસ' કહેતા ત્યારે એ વાતો તેના દિલ પર એટલી ઊંડી અસર કરતી કે તે ઘણીવાર આખી રાત રડી-રડીને સૂઈ જતી હતી.

વિદ્યા બાલને ખૂબ જ નાની ઉંમરે ઝી ટીવીના પ્રખ્યાત સિટકૉમ શો 'હમ પાંચ'થી પોતાની એક્ટિંગ કરિયરની શરૂઆત કરી હતી. આ ટીવી શો એ સમયે સુપરહિટ રહ્યો હતો અને તેના કારણે વિદ્યા માટે ફિલ્મોના દરવાજા પણ ખુલ્યા હતા. જોકે, ફિલ્મી સફર ધાર્યા જેટલી સરળ નહોતી.

તેણે પોતાના એક ડ્રીમ પ્રોજેક્ટ 'ચક્રમ' વિશે ખુલાસો કરતા જણાવ્યું હતું કે, તે એક એડ શૂટના સિલસિલામાં સાઉથ ઈન્ડિયા ગઈ હતી, જ્યાં ફિલ્મમેકર્સ ઓડિશન લઈ રહ્યા હતા. આ દરમિયાન તેને ફિલ્મ 'ચક્રમ' માટે ઈન્ટરવ્યુ આપવા કહેવામાં આવ્યું. વિદ્યાની માતા સાઉથના સુપરસ્ટાર મોહનલાલની બહુ મોટી ફેન હોવાને કારણે તેમણે વિદ્યાને તરત જ હા પાડી દીધી હતી. પરંતુ અફસોસ કે ત્યાં પણ તેને ભારે રિજેક્શન અને નિષ્ફળતાનો સ્વાદ ચાખવો પડ્યો હતો. આમ છતાં, બાળપણથી જોયેલા અભિનેત્રી બનવાના સપનાને પૂરું કરવા માટે વિદ્યા ફરી બેઠી થઈ.

ધીમે-ધીમે પોતાની મહેનતથી બોલીવૂડમાં જગ્યા બનાવ્યા બાદ વિદ્યા બાલનની કરિયરમાં સૌથી મોટો ટર્નિંગ પોઈન્ટ વર્ષ 2010માં આવ્યો. આ વર્ષે તેની ફિલ્મ 'નો વન કિલ્ડ જેસિકા' રિલીઝ થઈ, જે સાચી ઘટના પર આધારિત હતી અને તેણે દર્શકોના દિલ જીતી લીધા.

જોકે અસલી ધમાકો થવાનો હજુ બાકી હતો. ત્યારબાદ વિદ્યા બાલન સિલ્વર સ્ક્રીન પર 'ધ ડર્ટી પિક્ચર'માં સિલ્ક સ્મિતાના રોલમાં નજરે પડી. આ ફિલ્મમાં વિદ્યાએ અત્યંત બોલ્ડ, બેબાક અને સાવ હટકે અંદાજ અપનાવીને બોલીવૂડની રૂઢિચુસ્ત પરંપરાઓને તોડી નાખી. ફિલ્મે બોક્સ ઓફિસ પર 100 કરોડ રૂપિયાથી વધુનું શાનદાર કલેક્શન કરીને ઈતિહાસ રચી દીધો. આ એક જ ફિલ્મે તેને બોલીવૂડની ટોચની અભિનેત્રીઓની લીગમાં લાવીને ઉભી રાખી દીધી અને જે મેકર્સ ક્યારેય તેને રિજેક્ટ કરતા હતા, આજે તેઓ વિદ્યાના નામે આખી ફિલ્મ હિટ કરાવવાનો દાવો કરે છે.



પેડ્ડીમાં જાહ્‌વી કપૂરના અશ્લીલ દ્રશ્યો બદલ ડાયરેક્ટરે માફી માંગી


# પેડ્ડી ફિલ્મમાં જાહ્‌વી કપૂરનાં અશ્લીલ ચિત્રણથી ચાહકો નારાજ

મુંબઈ : રામ ચરણ અને જાહ્‌નવી કપૂરની 'પેડ્ડી' ફિલ્મ રીલિઝ થયા બાદ જાહ્‌નવીનો લૂક જોઈ દર્શકો બળાપો કાઢી રહ્યો છે. દર્શકોની ફરિયાદ છે કે જાહ્‌નવીને બહુ ભદ્દી અને અશ્લીલ રીતે દર્શાવાઈ છે. ફિલ્મમાં તેનાં પાત્રનું કોઈ ખાસ મહત્વ પણ નથી. ફિલ્મમાં જાહ્‌નવીને કોઈ ચીજવસ્તુની જેમ રજૂ કરવામાં આવી છે. માત્ર ને માત્ર તેના દૈહિક સૌંદર્ય પર જ કેમેરો ફોક્સ કરાયો છે. જાહ્‌નવીએ આવો રોલ શા માટે સ્વીકાર્યો તે અંગે પણ ચાહકો સવાલ ઉઠાવી રહ્યા છે. કેટલાક લોકોએ સેન્સર બોર્ડની નજરમાંથી આ દ્રશ્યો કેમ નીકળી ગયાં તેવો પણ સવાલ કર્યો છે.

રામચરણની પેડ્ડી બોક્સ ઓફિસ પર કમાણી કરી રહી છે, તેવામાં જાહ્‌નવી કપૂર પર ફિલ્માવવામાં આવેલા દ્રશ્યો દર્શકોને વાંધાજનક લાગતાં હોબાળો થયો હતો. સોશયલ મીડિયા પર તેના પાત્રને ઓવરસેક્સુઅલાઈઝડ જણાવીને ફિલ્મમાં મહિલાઓને આ રીતે દર્શાવવા બદલ પ્રશ્નો ઉઠાવ્યા હતા. આ પ્રતિક્રિયાને જોઈને દિગ્દર્શક બુચ્ચી બાબૂ સાના ભાવુક બની ગયોહતો અને તેણે દર્શકોની મહિલાઓ પ્રત્યેની ભાવનાઓનું સમ્માન કરતાં માફી માંગી હતી. એટલું જ નહી તેણે વાંધાજનક દ્રશ્યોને દૂર કરવાની ઘોષણા પણ કરી હતી. ડાયરેકટરે માફી માંગતા કહ્યું હતું કે, તેના સિનેમાનો ઉદેશ્ય મનોરંજન તેમજ લોકોને પ્રેરિત કરવાનો હતો. કોઈની ભાવના દુભાવવી તેમજ મહિલાઓને અપમાનિત કરવાનું કલ્પનામાં પણ વિચાર્યું નહોતું. અમે આ સંબંધિત હિસ્સોમાં આવશ્યક બદલાવ ચોક્કસ કરશું.



# ॥ સંસ્કૃતિ ॥




હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા કલેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news

### રશિયાને પુરુષોની ઘટતી સરેરાશ ઉંમર અને વસ્તીની ચિંતા સતાવવા માંડી

# રશિયામાં 'અમરત્વ' પ્રોજેક્ટ : ઘડપણ રોકવા મથામણ




**ઓફબીટ**
ધવલ શુક્લ

માનવજાત હંમેશાથી સનાતન યુવાની અને અમરત્વની ઝંખના કરતી રહી છે. આ વૈજ્ઞાનિક યુગમાં માણસની આ મહેચ્છાને ફળીભૂત કરવા ઉધામા થઈ રહ્યા છે. જેમાં રશિયાએ વિશ્વનું ધ્યાન ખેંચ્યું છે. રશિયાના પ્રમુખ વ્લાદિમિર પુતિનના અંગત માર્ગદર્શન હેઠળ તોતિંગ બજેટ સાથે 'ન્યૂ હેલ્થ પ્રિઝર્વેશન ટેક્નોલોજી'પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ્ય જેન થેરાપી, બાયોપ્રિન્ટિંગ અને ક્રાયોથેરાપી જેવી આધુનિક બાયોટેક્નોલોજીના સહારે વધતી ઉમરને રોકવાનો અને માનવ અંગોના સફળ પ્રત્યારોપણ દ્વારા આયુષ્ય વધારવાનો છે. રશિયામાં પુરુષોની ઘટતી સરેરાશ ઉમર અને વસ્તીની ચિંતા વચ્ચે શરૂ થયેલો આ સરકારી કાર્યક્રમ વિજ્ઞાનની મદદથી વૃદ્ધાવસ્થાને યુવાનીમાં પલટાવવાનો એક ક્રાંતિકારી અને તેટલો જ વિવાદાસ્પદ વૈશ્વિક પ્રયાસ સાબિત થઈ રહ્યો છે.

જાણકારોના મતે રશિયાએ ઘડપણને દૂર કરીને યુવાની ટકાવી રાખવાનું અને યુવાની પાછી મેળવવાનું કામ શરૂ કરી દીધું છે. આ પ્રયાસમાં રશિયન સંશોધકો સફળ પણ થયા છે. રશિયાના પ્રમુખ વ્લાદિમિર પુતિન પોતે અંગત રીતે આ પ્રોજેક્ટમાં રસ લઈ રહ્યા છે અને તેણે અબજો ડોલરનું તેમાં રોકાણ કર્યું છે.

ન્યૂ હેલ્થ પ્રિઝર્વેશન ટેક્નોલોજીના નામે થઈ રહેલા સંશોધન માટે અંદાજે ૨૬ અબજ ડોલર એટલે કે સરેરાશ ૨ લાખ કરોડ રૂપિયાથી વધારે ખર્ચ કરવાનું આયોજન છે. રશિયાએ બે વર્ષ પહેલાં એટલે કે ૨૦૨૪માં પ્રોજેક્ટ પર કામ શરૂ કર્યું હતુ. ૨૦૩૦ સુધીમાં અંદાજે ૧.૭૫ લાખ લોકોની જિંદગી બચાવવાનું કે તેમને નવજીવન આપવાનું કામ આ પ્રોજેક્ટ હેઠળ કરવામાં આવશે. ગત વર્ષે પુતિને આ વિશે એક મોઘમ ઉલ્લેખ કર્યો હતો. જાણકારો માને છે કે, પુતિન, જિનપિંગ અને કિમ જોંગ ઉન વચ્ચે થયેલી વાતચીતમાં આ બાબતની જ ચર્ચા કરવામાં આવી હતી. તે સમયે જિનપિંગ અને કિમ જોંગ ઉન દ્વારા આ સંશોધન અને ટેક્નોલોજી અંગે આશ્ચર્ય પણ વ્યક્ત કરવામાં આવ્યું હતું. વાત એવી છે કે, ગત વર્ષે સપ્ટેબરમાં બેઈજિંગ ખાતે બીજા વિશ્વયુદ્ધની સમાપ્તિના ૮૦ વર્ષની ઉજવણી કરવામાં આવી હતી. આ દરમિયાન ચીને વિશાળ સૈન્ય પરેડનું આયોજન કરીને શક્તિ પ્રદર્શન કર્યું હતું. તેમાં મુખ્ય મહેમાન તરીકે પુતિનને તેડાવાયા હતા. આ ઉપરાંત ઉત્તર કોરિયાના સરમુખત્યાર કિમ જોંગ ઉન પણ ત્યાં પહોંચ્યા હતા.

તિયાનમેન સ્ક્વેર ખાતે પરેડનું નિરિક્ષણ કરવા દરમિયાન ત્રણેય વચ્ચે આ ટેક્નોલોજી અંગે વાત થઈ હતી. તે સમયે એક માઈક્રોફોનમાં આ વાત રેકોર્ડ થવા લાગી હતી. પુતિને ત્યારે જિનપિંગને જણાવ્યું હતું કે, જો માનવ અંગોનો સતત ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવે તો આપણે ધારીએ તેટલા લાંબા સમય સુધી માણસને જીવતો રાખી શકીએ છીએ અને સ્વસ્થ રાખી શકીએ છીએ. વારંવાર આવું કરવામાં આવે તો માણસ અમર પણ થઈ શકે છે. પુતિનની વાતના જવાબમાં જિનપિંગે જણાવ્યું હતું કે, હાલમાં માણસને ૧૫૦ વર્ષ સુધી જીવાડવા પ્રયોગો થઈ જ રહ્યા છે, અમે તેનું સમર્થન કરીએ છીએ.

રશિયામાં પુતિને આ પ્રોજેક્ટ પોતાની દીકરી મારિયા વારોત્સેવાની આગેવાનીમાં શરૂ કર્યો છે. તે એન્ડોક્રાયોનોલોજિસ્ટ છે અને નેશનલ જેનેટિકલ કાર્યક્રમોની આગેવાની પણ કરે છે. તે ઉપરાંત કુર્ચાતોવ ઈન્સ્ટિટયૂટના પ્રમુખ અને ભૌતિક વિજ્ઞાની મિખાઈલ કોવાલ્યુકનો પણ આ ટીમમાં સમાવેશ કરાયો છે. તેઓ પુતિનના ખૂબ જ જુના અને વિશ્વાસપાત્ર સાથી છે.

તેમણે પણ થોડા સમય પહેલાં જણાવ્યું હતુ કે, અનિશ્ચિત કાળ સુધી ખરાબ અંગો બદલવા અને તેને સાજા કરવા માટે દુનિયા હવે વિજ્ઞાનની મદદથી સક્ષમ બની જશે. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે, મનુષ્યને અમર બનાવવો હાલમાં મુશ્કેલ જણાઈ રહ્યો છે પણ તે અશક્ય નથી. જાણકારોના મતે મૂળ વાત એવી છે કે, રશિયામાં લોકોની સરેરાશ ઉમર ઘટી રહી છે. ૨૦૨૪માં રશિયનોની સરેરાશ જિંદગી ૭૩.૪૪ વર્ષ હતી. તેમાં મહિલાઓની જીવનની સરેરાશ ૭૮.૮૮, જ્યારે પુરુષોની માત્ર ૬૮.૨૬ વર્ષ હતી. અમેરિકાની સાથે તેની સરખામણી કરવામાં આવે તો મહિલાઓની સરેરાશ જિંદગી ૮૦ વર્ષથી વધારે જ્યારે પુરુષોની ૭૪ વર્ષથી વધુ છે. રશિયામાં પુરુષોનું સરેરાશ જીવન ઘણું ઓછું છે. પશ્ચિમી દેશોની સરખામણીમાં તો ઘણું ઓછું છે. તેના કારણે જ રશિયાના અધિકારીઓ અને પુતિન ચિંતામાં છે. ઘટતી જનસંખ્યા અને સરેરાશ જીવનને વધારવા માટે અને પુરુષોની જિંદગી વધારવા માટે તેમણે આ પ્રયોગો તેમણે શરૂ કર્યા છે.

ઉમર વધારવા માટે આ અખતરો બીજે પણ થયો છે. ફેબ્રુઆરી ૨૦૨૬માં હાર્વર્ડ મેડિકલ સ્કૂલના પ્રોફેસર ડેવિડ સિક્લેરે પણ એન્ટી એજિંગ અંગે સંશોધન કર્યું હતું. તેમણે વર્લ્ડ ગવર્નમેન્ટ સમિટમાં જણાવ્યું હતું કે, અમે પહેલી વખત પરિક્ષણ કરવાના છીએ કે, વૃદ્ધાવસ્થાને અટકાવીને યુવાનીમાં ફેરવી શકાય છે કે નહીં. તેમનું સંશોધન એપિજેનેટિક પ્રોગ્રામિંગ થેરાપી ઉપર આધારિત હતું. તેઓ ખરાબ કોશિકાઓને યુવાવસ્થામાં જ પૂનઃસ્થાપિત કરીને વધતી ઉમર અટકાવી દે છે. તેના દ્વારા ઉમરને રિવર્સ કરી શકાય છે.

રશિયાના અધિકારીઓ દ્વારા જ આ ટેક્નોલોજી અને સંશોધનને પ્રમાણિત કરવામાં આવ્યું છે. રશિયાના ઉચ્ચ અધિકારીઓએ તેને ન્યૂ ટેક્નોલોજીઝ ફોર હેલ્થ પ્રિઝર્વેશન નેશનલ પ્રોજેક્ટ નામ આપ્યું છે. આ એક સરકારી કાર્યક્રમ છે. ગત મહિને રશિયાની સરકારે આ મુદ્દે અધિકારિક જાહેરત પણ કરી હતી. જેન થેરાપી દ્વારા વધી ઉમરને રોકવામાં આવશે અને માણસની ઉમર રિવર્સ કરવાનો પ્રયાસ થશે. રશિયાના ડેપ્યુટિ સાયન્સ મિનિસ્ટર ડેનિસે પણ આ ટેક્નોલોજીના વખાણ કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, વૃદ્ધાવસ્થા સામેની લડાઈમાં આ એક મોટું હથિયાર સાબિત થશે. તેનાથી સમગ્ર માનવજાતને ફાયદો થશે. સંશોધકોએ જણાવ્યું કે, આ બાયોટેક્નોલોજી ચાર સ્તરે કામ કરશે. રશિયન વૈજ્ઞાનિકોએ જેન થેરાપી વિકસિત કરી છે. જે સેલ્યુલર એજિંગને ધીમી પાડવા માટે ડિઝાઈન કરવામાં આવી છે. આ થેરાપી ડીએનએના સ્તરે જ વૃદ્ધાવસ્થાને આગળ વધતા રોકવા માટે અસરકારક કામગીરી કરશે. તે ઉપરાંત સંશોધકોએ બાયોપ્રિંટિંગ ટેક્નોલોજી વિકસાવી છે. તેઓ ૨૦૩૦ સુધીમાં બાયોપ્રિંટ થકી અંગો બનાવીને તેને પ્રત્યારોપિત કરવામાં સફળતા મેળવી લેશે તેવો દાવો કરાઈ રહ્યો છે. તેના દ્વારા માણસમાં ગમે ત્યારે ગમે તે અંગ બદલી શકાશે. તે સિવાય જેનોટ્રાન્સપ્લાન્ટ પદ્ધતિ વિકસાવાઈ છે. મિની પીગમાં માણસોની સારવાર માટેના અંગો તૈયાર કરવામાં આવી રહ્યા છે. જ્યારે પણ જરૂર પડે ત્યારે આ અંગોને કાઢીને માણસોમાં ટ્રાન્સપ્લાન્ટ કરી શકાશે. તેમાં મિનિ પિગમાં જેનેટિક એડિટિંગ કરાયું છે. તેના દ્વારા તેનું શરીર માણસોના શરીર સાથે મેચિંગ કરી શકે અને તે અંગોને સાચવી શકે તેવી પદ્ધતિ વિકસાવાઈ છે. તેમાં કિડની, હાર્ટ, લિવર જેવા અંગોનો સમાવેશ થાય છે. ચોથો અને મહત્ત્વનો તબક્કો છે ક્રાયોથેરાપી. તેમાં ખૂબ જ નીચે તાપમાને સારવાર કરવામાં આવે છે. ખાસ કરીને કોઈ પણ ઈજા થાય ત્યારબાદ તે ટિશ્યૂને રાહત આપવા અને સારવાર માટે કે પછી કેન્સર સેલ અથવા તો એબનોર્મલ ટિશ્યૂને પ્રીઝ કરવા માટે જે તાપમાન જોઈએ તે તાપમાન રાખવામાં આવે છે. તેના દ્વારા રોગના ટિશ્યૂનો નાશ કરાશે અને ખોડ ખાપણને દૂર કરી શકાશે.

**રશિયાએ તોતિંગ બજેટ સાથે 'ન્યૂ હેલ્થ પ્રિઝર્વેશન ટેક્નોલોજી'પ્રોજેક્ટ શરૂ કર્યો છે. આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ્ય જેન થેરાપી, બાયોપ્રિન્ટિંગ અને ક્રાયોથેરાપી જેવી બાયોટેક્નોલોજીના સહારે વધતી ઉંમરને રોકવાનો અને અંગોના સફળ પ્રત્યારોપણનો છે**

સાઉથલેક સીનીયર ક્લબના 'ગ્રાન્ડ ગાલા વન' કાર્યક્રમમાં કેનેડિયન સાંસદો અને ધારાસભ્યોની પ્રેરક ઉપસ્થિતિ, વરિષ્ઠોનું સન્માન થયું

# વરિષ્ઠ નાગરિકોએ અંતાક્ષરી અને ગીતો સાથે માણ્યો વન-ડે પિકનિકનો આનંદ

## સાંસદ શફકત અલી અને ધારાસભ્ય અમરજોત સંધુએ વરિષ્ઠોના સ્વાસ્થ્ય માટે યોગાના મહત્વને સ્વીકાર્યું

**સાઉથ લેક**

સાઉથલેક સીનીયર ક્લબ કેનેડા ફાઉન્ડેશન દ્વારા 7 જૂને રવિવારે સવારના 10.00થી 18.00 કલાક દરમિયાન ચિંગુકોસી પાર્કમાં યોજાયેલી પીકનીકમાં ગ્રાન્ડ ગાલા વન, ભોજન સાથે યોગા, રમતો, ગીતો, અંતાક્ષરી વગેરેનો લગભગ 200 વરિષ્ઠ નાગરિકોએ ઉત્સાહભેર આનંદ માણ્યો હતો.

કાર્યક્રમની શરૂઆતમાં પોતાની નાદુરસ્ત તબિયત અને કૌટુંબિક જવાબદારીઓને ધ્યાને રાખી પરદેશ હોવા છતાં સાથે હોવાનો અહેસાસ કરાવતા પ્રમુખ અમિત ભટ્ટ વિડીયો અને ફોનથી પળ પળની માહિતી મેળવી અને જરૂરી માર્ગદર્શન પૂરું પાડતા રહ્યા હતા. તેઓની અનુપસ્થિતિમાં રેહાના હાફીઝ (સેક્રેટરી) અને ભરત શર્મા (ખજાનચી)એ કાર્યક્રમ આગળ ધપાવ્યો હતો. સભ્યોની નોંધણી, નવા સભ્યોની રસીદ, અન્ય પરચુરણ કાર્ય અને માર્ગદર્શન આપવાનું કામ પરબત બોરડે સંભાળ્યું હતું. કાર્યક્રમમાં સઘળી કામગીરીની દેખરેખ, ચા-નાસ્તો-ભોજનની વ્યવસ્થા અને જરૂરી માર્ગદર્શન ભરત શર્માએ પૂરું પાડ્યું હતુ.





કાર્યક્રમની શરૂઆત યોગાથી થયા બાદ શિક્ષક-ટ્વિંકલના દર્શાવવા મુજબ બધી યોગ વિધિ ધ્યાનથી સાંભળી સૌએ તેનું અનુસરણ કર્યું હતુ. આ જ શિક્ષક દ્વારા જે ભાગ લઈ શકે તેમને અતિ સુંદર મંત્રમુગ્ધ કરનારા નૃત્યનો લાભ પણ આપ્યો હતો.

કાર્યક્રમને દીપાવવા ફેડરલ, પ્રોવિન્સ અને મ્યુનિસિપાલિટીમાંથી મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

મેયર પેટ્રિક બ્રાઉને પોતાનાં ઉદબોધનમાં આ ક્લબને સંબોધતા જણાવ્યું કે, જુદી જુદી ભાષાની અને બ્રામ્પટનની અનેક ક્લબમાં આ ક્લબ અગત્યનું, આગવું સ્થાન ધરાવે છે, જે વિવિધ કાર્યક્રમો આખા વર્ષ દરમિયાન કરતી રહી છે. તેમણે પતંગોત્સવ અને યોગા દિવસની શુભેચ્છાઓ પાઠવી હતી. સાંસદ શફકત અલીએ કાર્યક્રમ જળહળતો રહે અને વિવિધ પ્રવૃત્તિઓ તથા આજના સારા વાતાવરણનો દરેક વરિષ્ઠ નાગરિકને પૂરતો લાભ મળે તેવી પોતાના અંતઃકરણથી શુભેચ્છાઓ પાઠવી હતી.

ધારાસભ્ય અમરજોત સંધુએ કહ્યું હતુ કે, તેઓ હંમેશાં આવી પ્રવૃત્તિઓને માન આપે છે, અને તેના વિકાસમાં ખડે પગે સાથે રહે છે. આજના કાર્યક્રમની સફળતા સાથે યોગા પ્રત્યે આકર્ષણ બતાવી, સ્વાસ્થ્ય માટે જરૂરી ગણાવ્યા હતા. રીજિયોનલ કાઉન્સિલર રોવેના સંતોષે આ બાબતોને પુષ્ટિ આપી જણાવ્યું કે, આ ક્લબ હરહંમેશ પ્રગતિનાં પંથે રહેશે અને અતિ સુંદર કાર્યથી વરિષ્ઠ નાગરિકોને આનંદમય વાતાવરણ પૂરું પાડશે.

રેહાના હાફીઝના માર્ગદર્શનમાં હર્ષા ભટ્ટ, કીર્તિ ભાવસાર, કીર્તિ આચાર્ય, મુકેશ શાહ, ડાહ્યાભાઈ પટેલ, ભાનુ મિસ્ત્રી, અનિલ ભાવસાર, શશીકાંત ઓઝા અને બીજા વરિષ્ઠ નાગરિકોએ પોતાના કંઠસ્થ અને કેરિઓકેની મદદથી વિવિધ ફિલ્મી ગીતો રજૂ કરી સર્વેને ભાવવિભોર કર્યા હતા. કાઉન્સિલર રોડ પાવરે કહ્યું હતુ કે, વરિષ્ઠ નાગરિકોને આજનો દિવસ યાદગાર બની રહે તથા વિવિધ રમતો, યોગા, ગીતો, અંતાક્ષરી વગેરેનો ભરપૂર આનંદ માણે તેવી શુભકામના પાઠવું છુ.

મેયર પેટ્રિક બ્રાઉન, સાંસદ શફકત અલી, ધારાસભ્ય અમરજોત સંધુ, રીજિયોનલ કાઉન્સિલર રોવેના સંતોષ તથા કાઉન્સિલર રોડ પાવરની ઉપસ્થિતિમાં ક્લબને પ્રશસ્તિપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. સાંસદ સોનિયા સિધુ અને કાઉન્સિલર પોલ વિન્સેન્ટીએ પણ ટેલિફોનના માધ્યમથી કાર્યક્રમની સફળતા માટે શુભેચ્છા આપી હતી. રેહાના હાફીઝ દ્વારા અંતાક્ષરી, સંગીત ખુરશી, તથા અન્ય કાર્યક્રમો દ્વારા સર્વેને આનંદ આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. ભરત શર્માનાં માર્ગદર્શનમાં ક્રિકેટ જેવી રમતનો ઘણા વરિષ્ઠ નાગરિકોએ લાભ લીધો હતો. સંગીત વ્યવસ્થા યોગ્ય રીતે સંભાળનાર અનિલ ભાવસાર અને અલકેશ પટેલને બિરદાવાયા હતા. મનહર પટેલ, શંકર આરડે, રમેશ આંબલિયા, ચંદ્રકાંત પટેલ, જગદીશ પટેલ અને વિનોદ ગોંડલીયાએ રસોડા વિભાગમાં સુવ્યવસ્થિત ફરજ બજાવી તબક્કાવાર દરેકને ભાવપૂર્વક જમાડ્યા હતા. સવારે 11.00 કલાકે ચા-ગોટા / દાળવડાનો સૌએ લાભ લીધો હતો. બપોરે આશરે 13.30 થી 14.30 કલાક દરમિયાન પૂરી, બે શાક, શ્રીખંડ, દાળ-ભાત, પાપડનો સ્વાદ સૌએ માણ્યો હતો. સાંજના ભોજનમાં ખીચડી, કઢી, કઠોળ વગેરે પીરસતાં સર્વેએ આભાર માન્યો હતો.


MOTEL for SALE

NIRAJ PANCHOLI, REALTOR®
Mechanical Engineer (Ahmedabad, India)
Cell: 647-866-2790
Email: ncpancholi@gmail.com
Website: www.niraj-pancholi.c21.ca
Multiple Awards Winner Since 2011
Selling Businesses, Commercial & Residential Properties Since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



MOTEL KING: Specializing in Selling Motels, Proven Records of SOLD over 50 Motels & Hotels in ONTARIO
Licensed to work in ALBERTA as well – Property visit can be scheduled during my trip to Alberta

90+ Room Franchise Hotel – Indoor Corridor, Fully Renovated and Upgraded in WINDSOR – Asking $7,200,000
Close to Hwy 401 and USA Border, Easy Operation, 3.5 Acres of Commercial Lot – potential for future development
Exclusive Listing: Buyer must have a 40% - 50% down payment. For more info NDA and Buyer Rep Agreement to sign

43 Room Motel + Restaurant (241 Pizza) + 2 Apt on 6 Acre Commercial Lot in Cochrane, ON – Asking $3,900,000
Both businesses are money making and run through the employees – Absentee Owner since 2019. Great NOI and EBITA

17 Room Motel in Huntsville - $2.3M
Absentee Owner since last 4 years
Great income and NOI
Renovated Rooms, Located in the downtown,
Everything is at a walking distance

54 Room Hotel & Restaurant - $4.9M
Located in 1000 Islands/Gananoque
Year round profitable operation. Well maintained property. Clsoe to Hwy 401, Casino and 1000 Island Crusie Line. Excellent NOI / EBITA – Great investment. About 40% Down require.

21 Room Motel & Restaurant in Gravenhurst
Asking $1,499,000
All rooms are occupied by the long-term people paying monthly. 3 Acres of lot, Municipality services. Selling AS IS
Ideal for builder or contractor

4 Small Motels for Sale in Northern Ontario – About 1-2 hours from Sudbury & North Bay
12 to 18 Rooms – Asking $875,000 to $1,300,000. About 15% to 25% down payment require.
Call for more info. Buyer to sign NDA first.

Motels and Hotels in ALBERTA: Small Motels and Franchise Hotels are available
Call for more info. Buyer to sign NDA for reviewing the financials on any property

Motel Jobs AND Working Partner Opporunity (min $200,000 to invest)
Ontario & Alberta
Front Desk, Housekeeping, General work
Must speak good English for front desk
(must be on WP, PR or Citizen)
Accommodation + Competitive Salary

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1, ONTARIO Office: 905-366-8100
Brilliant Realty , 1135 64 Ave SE #202, Calgary, T2H 2J7, ALBERTA – Direct Contact: 647-866-2790

# ફિફા વર્લ્ડ કપ હોસ્ટિંગમાં કેનેડાનો દબદબો

## 'સ્પોર્ટ્સ ઇલસ્ટ્રેટેડ' રેન્કિંગમાં વાનકુવર નંબર-1, ટોરોન્ટો ત્રીજા સ્થાને

### શાનદાર ટ્રાન્સપોર્ટ, ચાલવાની સુવિધા અને ખુશનુમા હવામાનને કારણે વાનકુવરે બાજી મારી; અમેરિકાનું સાન ફ્રાન્સિસ્કો છેલ્લે પટકાયું

**ટોરોન્ટો**

વિશ્વપ્રસિદ્ધ મેગેઝિન 'સ્પોર્ટ્સ ઈલસ્ટ્રેટેડ' દ્વારા જાહેર કરાયેલા તાજેતરના રેન્કિંગમાં કેનેડાના વાનકુવર શહેરને ફૂટબોલ વર્લ્ડ કપ મેચોનું આયોજન કરતા ઉત્તર અમેરિકાના તમામ 16 યજમાન શહેરોમાં સર્વશ્રેષ્ઠ (નંબર-1) જાહેર કરાયું છે. આ યાદીમાં કેનેડાના બંને યજમાન શહેરોએ શાનદાર પ્રદર્શન કર્યું છે, જેમાં વાનકુવર ટોચ પર છે, જ્યારે ટોરોન્ટો (સિએટલ પછી) ત્રીજા ક્રમે રહ્યું છે. મેગેઝિને સ્ટેડિયમનું સ્થાન, મેચ શેડ્યૂલ, આબોહવા પરિવહન, પ્રવાસી પ્રવૃત્તિઓ અને ચાલવાની ક્ષમતા જેવા વિવિધ પાસાઓનું વિશ્લેષણ કરીને આ ક્રમ આપ્યો છે. વાનકુવરનું 'બી.સી. પ્લેસ સ્ટેડિયમ' ડાઉનટાઉનની મધ્યમાં આવેલું છે. તેની આસપાસ જ અસંખ્ય બાર અને રેસ્ટોરન્ટ્સ હોવાથી ચાહકોએ અન્ય શહેરોની જેમ ગાડીઓ લઈને ફરવાની જરૂર નહીં પડે. ઉપરાંત અહીંનું ડાઉનટાઉન કોર એરપોર્ટ અને ઉપનગરો સાથે મેટ્રો લાઈન (સ્કાયટ્રેન)થી ખૂબ સરસ રીતે જોડાયેલું છે. જ્યારે યુએસ ડોલર અને યુરોની સરખામણીમાં કેનેડિયન ડોલરનું મૂલ્ય ઓછું હોવાથી અમેરિકન અને યુરોપિયન પ્રવાસીઓ માટે વાનકુવર ખૂબ સસ્તું અને પોસાય તેવું સાબિત થશે.

ટોરોન્ટો ત્રીજા નંબરે આવવાનું મુખ્ય કારણ તેનું ડાઉનટાઉન સ્ટેડિયમ અને લેક ઓન્ટેરિયોની નિકટતા છે. આ ઉપરાંત શહેરની બહુસાંસ્કૃતિકતા પણ પ્રવાસીઓ માટે પ્લસ પોઈન્ટ બની છે. મેગેઝિનના મતે ટોરોન્ટોનું 40,000 સીટો વાળું સ્ટેડિયમ ભલે નાનું હોય, પણ તે ટૂર્નામેન્ટના અન્ય વિશાળ સ્ટેડિયમો કરતાં ચાહકોને વધુ ઘનિષ્ઠ અને યાદગાર અનુભવ કરાવશે.

#### સાન ફ્રાન્સિસ્કો અને કેન્સાસ સિટી કેમ પાછળ રહી ગયા?

મેગેઝિનના રેન્કિંગમાં અમેરિકાનું સાન ફ્રાન્સિસ્કો છેલ્લે (16મા) ક્રમે આવ્યું છે. કારણ કે, તેનું સ્ટેડિયમ ડાઉનટાઉનથી ઘણું દૂર છે. આવી જ રીતે કેન્સાસ સિટીનું એરોહેડ સ્ટેડિયમ પણ મુખ્ય શહેરની બહાર હોવાથી ત્યાં ચાહકોએ એરપોર્ટથી સ્ટેડિયમ પહોંચવા માટે ખાસ કોચ બસ સિસ્ટમ પર નિર્ભર રહેવું પડશે, જે પ્રવાસીઓ માટે અસુવિધાજનક સાબિત થઈ શકે છે.

#### બ્રિટિશ કોલંબિયાના પ્રીમિયર ડેવિડ એબીએ ખુશી વ્યક્ત કરી

આંકડા જાહેર થતાં જ બી.સી. (બ્રિટિશ કોલંબિયા)ના પ્રીમિયર ડેવિડ એબીએ સોશિયલ મિડિયા પ્લેટફોર્મ X ઉપર ખુશી વ્યક્ત કરતા લખ્યું કે, "ઉત્તર અમેરિકાના 16 શ્રેષ્ઠ શહેરોની સામે વાનકુવરને આ લાયક સન્માન મળતું જોઈને મને ગર્વ થાય છે.



# 'ફેક' લાયસન્સના સહારે 16 વર્ષ સુધી 900 ફ્લાઈટો ઉડાવી, પાઈલટ પર ગંભીર આરોપ

### મુસાફરોની સુરક્ષા સાથે કોઈ બાંધછોડ કરાઈ ન હોવાનો એર કેનેડાનો દાવો

**ઓન્ટેરિયો**

કેનેડામાં 'એરલાઈન ટ્રાન્સપોર્ટ પાઈલટ લાયસન્સ' ન હોવા છતાં એર કેનેડાના પૂર્વ કેપ્ટન 59 વર્ષીય જ્યોફ્રી વૉલે લગભગ 16 વર્ષ સુધી મોટા પેસેન્જર વિમાનો ઉડાવ્યાની ચોંકાવનારી વિગતો બહાર આવી છે.

પીલ રીજનલ પોલીસે "પ્રોજેક્ટ ઈકારસ" નામના ઓપરેશન હેઠળ તપાસ હાથ ધર્યા બાદ 1 જૂનના રોજ વૉલની ધરપકડ કરવામાં આવી હતી. તપાસકર્તાઓનું કહેવું છે કે, વૉલે વર્ષ 1998માં એવિએશન ક્ષેત્રે પોતાના કરિયરની શરૂઆત કરી હતી અને 2009માં તેઓ કેપ્ટન બન્યા હતા. આ જ પદ પર નિમણૂક મેળવવા માટે ATPL જરૂરી હતું, પરંતુ આરોપ છે કે, તેમણે બોગસ દસ્તાવેજોનો ઉપયોગ કરીને આ હકીકત છુપાવી હતી.

પોલીસનું કહેવું છે કે, વૉલે કથિત રીતે એર કેનેડા અને ટ્રાન્સપોર્ટ કેનેડાને બોગસ લાયસન્સ બતાવીને ગુમરાહ કર્યા હતા.

2009થી 2025 વચ્ચે વૉલે 900થી વધુ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ફ્લાઈટોમાં કેપ્ટન તરીકેની જવાબદારી સંભાળી હતી. આ દરમિયાન તેમણે બોઈંગ 767,777 અને 787 જેવા મોટા વિમાનો ઉડાવ્યા હતા અને હજારો મુસાફરોને તેમના ગંતવ્ય સ્થાન સુધી પહોંચાડ્યા હતા. પોલીસના જણાવ્યા પ્રમાણે આ સમયગાળા દરમિયાન તેમણે અંદાજે 30 લાખ કેનેડિયન ડોલરનો પગાર પણ મેળવ્યો હતો.

રસપ્રદ વાત એ છે કે, વૉલ માત્ર પાયલટ જ નહોતો. પોતાના 27 વર્ષના લાંબા કરિયર દરમિયાન તેમણે એર કેનેડા પાઈલટ્સ એસોસિએશનમાં ઘણા મહત્વપૂર્ણ હોદ્દા સંભાળ્યા અને સંસ્થાની સર્વોચ્ચ ગવર્નિંગ કાઉન્સિલના અધ્યક્ષ પણ બન્યા હતા. ગયા વર્ષે ટોરોન્ટોના પિયર્સન એરપોર્ટ પર નિયમિત ચકાસણી દરમિયાન ટ્રાન્સપોર્ટ કેનેડાને તેમના દસ્તાવેજોમાં ગેરરીતિઓ માલૂમ પડતાં આ સમગ્ર મામલાનો ખુલાસો થયો હતો. ત્યારબાદ જાન્યુઆરી મહિનામાં આ અંગે તપાસ શરૂ કરવામાં આવી હતી. જોકે, એર કેનેડાનું કહેવું છે કે, મુસાફરોની સુરક્ષા સાથે કોઈ બાંધછોડ કરવામાં આવી નથી. અમારા તમામ પાઈલટ્સ દર 6 મહિને ક્ષમતા પરીક્ષણ અને દર વર્ષે ફ્લાઈટ મૂલ્યાંકનમાંથી પસાર થાય છે. કંપનીનો દાવો છે કે, વૉલ પાસે માન્ય કોમર્શિયલ પાઈલટ લાયસન્સ હતું અને તેમણે તમામ ટેકનિકલ ટ્રેનિંગ સફળતાપૂર્વક પૂર્ણ કરી હતી.

# શાળા સમયમાં ફેરફારથી લાખો ડોલરની બચત થશે : એન.એફ.ના મંત્રીનો દાવો

### સપ્ટેમ્બર 2027થી સ્કૂલ સમયપત્રકમાં એક કલાકનો ફેરફાર પ્રસ્તાવિત
### વિપક્ષે બાળ સંભાળ અને અસુવિધા અંગે ચિંતા વ્યક્ત કરી

**ન્યુફાઉન્ડલેન્ડ**

ન્યુફાઉન્ડલેન્ડ અને લેબ્રાડોરના પરિવહન મંત્રી બેરી પેટને જણાવ્યું છે કે, શાળા શરૂ થવાના સમયમાં ફેરફાર કરવાથી સરકારને દર વર્ષે $5 મિલિયનથી $6 મિલિયન (અંદાજે 50 થી 60 લાખ ડોલર)ની મોટી બચત થઈ શકે છે. ગયા અઠવાડિયે NL શાળાઓ દ્વારા પરિવારોને એક સર્વે મોકલવામાં આવ્યો હતો, જેમાં પ્રાંતની ડઝનેક શાળાઓ માટે શરૂઆત અને સમાપ્તિનો સમય બદલવા અંગે મંતવ્યો માંગવામાં આવ્યા છે. જો આ પ્રસ્તાવ મંજૂર થશે, તો સપ્ટેમ્બર 2027થી કેટલાક શાળાના સમયપત્રકોમાં એક કલાકનો ફેરફાર થઈ શકે છે. પરિવહન મંત્રી બેરી પેટને સોમવારે જણાવ્યું હતું કે, નવા સમયપત્રકને કારણે ઓછી બસોની જરૂર પડશે. કારણ કે તેમાં "ડબલ રન" સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવશે. દરેક સ્કૂલ બસનો વાર્ષિક ખર્ચ લગભગ $100,000 થાય છે. આ સિસ્ટમનો ઉપયોગ કરીને કન્સેપ્શન બે સાઉથમાં પહેલાથી જ સફળતા મળી ચૂકી છે.

ઉંમરના આધારે થયેલા અભ્યાસોના ફાયદાને ધ્યાનમાં રાખીને, મોટી ઉંમરના વિદ્યાર્થીઓ માટે શાળા શરૂ થવાનો સમય મોડો રાખવામાં આવશે. બચેલા નાણાંનો ઉપયોગ શિક્ષણ પ્રણાલીના અન્ય મહત્વના કાર્યો, જેવા કે શાળાની જાળવણી અને મરામતમાં કરવામાં આવશે. NDP નેતા જીમ ડિન અને MHA શીલાઘ ઓ'લેરીએ જણાવ્યું કે, તેઓ સતત એવા પરિવારોના સંપર્કમાં છે, જેઓ આ સંભવિત ફેરફારથી ચિંતિત છે. કૌટુંબિક સમયપત્રક અને બાળ સંભાળની વ્યવસ્થા ખોરવાઈ જવાથી પરિવારો પર નકારાત્મક અસર પડી શકે છે.

# આણંદના યુવકનું ફ્રેન્ચ નદી પાસે માર્ગ અકસ્માતમાં મોત

**આણંદ**

આણંદ જિલ્લાના ઓડ ગામ માટે દુઃખદ સમાચાર સામે આવ્યા છે. ઉચ્ચ શિક્ષણ અને ઉજ્જવળ ભવિષ્યના સપના લઈને કેનેડા ગયેલા ઓડના આશાસ્પદ યુવક દિવ્યકુમાર કિરણભાઈ પટેલનું માર્ગ અકસ્માતમાં કરુણ અવસાન થયું છે. ડિગ્રી મેળવવા જતાં સમયે કેનેડાની ફ્રેન્ચ નદી નજીક હાઈવે નંબર-૬૯ પર સર્જાયેલા અકસ્માતમાં ૨૧ વર્ષીય દિવ્યકુમારે જીવ ગુમાવ્યો હતો. આ દુર્ઘટનાના સમાચાર મળતા જ ઓડ ગામમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે. વિદેશની ધરતી હવે ગુજરાતીઓના લોહીથી રક્તરંજિત બની રહી છે. ક્યાંક ગુજરાતીઓની હત્યા, ક્યાંક ગુજરાતીઓ પર હુમલો, તો ક્યાં અકસ્માતે ગુજરાતીઓના જીવ ગુમાવવાના કિસ્સાઓ સતત ડરાવી રહ્યાં છે. આવામાં આણંદના યુવકનું કેનેડામાં માર્ગ અકસ્માતમાં કરૂણ મોત નિપજ્યું છે. ડિગ્રી લેવા જતા સમયે ૨૧ વર્ષીય દિવ્યકુમાર પટેલે અકસ્માતમાં જીવ ગુમાવ્યો છે. કેનેડાથી આવેલા દુઃખદ સમાચારથી પરિવાર પર આભ તૂટી પડ્યું હતું. જુવાનજોધ દીકરા દિવ્યકુમારના નિધનથી ઓડ ગામમાં શોકનો માહોલ ફેલાયો છે. ૨૧ વર્ષીય દિવ્યકુમાર કિરણભાઈ પટેલ સ્નાતક થયા બાદ ડિગ્રી લેવા જતાં સમયે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ૯ જુનના રોજ ફ્રેન્ચ નદી નજીક હાઈવે નં. ૬૯ પર અકસ્માત સર્જાયો હતો. એક જુવાનના મોતથી ઉજ્જવળ ભવિષ્યના સપનાઓ અધૂરા રહી ગયા છે.

# કેનેડામાં રિયલ એસ્ટેટના અનોખા ટ્રેન્ડ : ઓન્ટેરિયો-B.C.માં ભાડા ઘટ્યા, નોવા સ્કોસિયામાં કિંમતો આસમાને

### નોવા સ્કોસિયામાં સરેરાશ માસિક ભાડું $2,343 એ પહોંચ્યું; રાષ્ટ્રીય સ્તરે સરેરાશમાં $100નો ઘટાડો

**હેલિફેક્સ**

કેનેડાના હાઉસિંગ માર્કેટમાં એક નવો વળાંક જોવા મળ્યો છે. એક નવા અહેવાલ અનુસાર, ઓન્ટેરિયો અને બ્રિટિશ કોલંબિયાજેવા મોટા પ્રાંતોમાં ભાડાના ખર્ચમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. જ્યારે બીજી તરફ નોવા સ્કોસિયા જેવા સ્થળોએ કિંમતો ઝડપથી વધી રહી છે. આ વધારા પાછળનું મુખ્ય કારણ એ છે કે, ત્યાં મકાનોનો પુરવઠો વધતી માંગને પહોંચી વળવામાં નિષ્ફળ રહ્યો છે. ગયા મહિને નોવા સ્કોસિયામાં સરેરાશ માસિક ભાડું $2,343 નોંધાયું હતું, જે અત્યાર સુધીના સૌથી મોંઘા ગણાતા પ્રાંત B.C.($2,328) કરતાં પણ વધુ છે. અહેવાલ મુજબ, કેનેડામાં એકંદરે ઈમિગ્રેશન દર ઓછો થયો હોવા છતાં અન્ય પ્રાંતોમાંથી લોકો નોવા સ્કોસિયા તરફ સ્થળાંતર કરી રહ્યા હોવાથી ત્યાંની વસ્તી વધી રહી છે અને ભાડાના ભાવને ટેકો મળી રહ્યો છે. બજારના નિષ્ણાતોના મતે, કિંમતોનો આધાર તમે કેવા પ્રકારનું મકાન શોધી રહ્યા છો તેના પર રહેલો છે. એક બેડરૂમ એપાર્ટમેન્ટ/કોન્ડો માટે મે મહિનામાં નોવા સ્કોસિયામાં સરેરાશ કિંમત આશરે $2,053 રહી હતી. જ્યારે ઓન્ટેરિયોમાં આ આંકડો $1,977 હતો. ત્રણ બેડરૂમવાળું ઘર બાબતે બ્રિટિશ કોલંબિયામાં તેની કિંમત $3,278 છે, જ્યારે મેરીટાઈમ પ્રાંત (નોવા સ્કોસિયા)માં તે $3,028 આસપાસ છે. નિષ્ણાત લાડાસના જણાવ્યા અનુસાર ટોરોન્ટો અને વાનકુવર જેવા મોટા શહેરોમાં હવે લોકો માટે પોતાનું ઘર ખરીદવું અસંભવ બની રહ્યું છે, જેથી તેઓ ખરીદી કરવાને બદલે મોટા ભાડાના એપાર્ટમેન્ટ અથવા કોન્ડો તરફ વળી રહ્યા છે.

માત્ર એટલાન્ટિક કેનેડા જ નહીં, પરંતુ અન્ય વિસ્તારોમાં પણ સામાન્ય વધારો જોવા મળ્યો છે. સાસ્કાચેવાનમાં સરેરાશ વાર્ષિક ભાડું 2.3 ટકા વધીને $1,474 પ્રતિ માસ અને મેનિટોબામાં 0.6 ટકા વધીને $1,672 માસિક થયું છે.

જોકે, રાષ્ટ્રીય સ્તરે રાહતના સમાચાર છે. દેશભરમાં સરેરાશ માસિક ભાડું એક વર્ષ અગાઉ કરતાં લગભગ $100 ઘટ્યું છે અને હાલમાં કેનેડામાં સરેરાશ માસિક ભાડું આશરે $2,029 છે.

#### ક્યા શહેરોમાં ઘટાડો નોંધાયો?

- રિચમંડ હિલ (ઓન્ટેરિયો): વાર્ષિક ધોરણે સૌથી મોટો 14.3 ટકાનો ઘટાડો
- લોંગ્યુએલ (ક્વિબેક): ભાડામાં 13.3 ટકાનો ઘટાડો
- વાનકુવર: સરેરાશ માસિક ભાડામાં 6.3 ટકાનો ઘટાડો
- ટોરોન્ટો: સરેરાશ માસિક ભાડામાં 3.9 ટકાનો ઘટાડો

# મણિપુર ફરી બળ્યું : 28 દિવસથી ગુમ 6 લોકોની હત્યા, બંધનું એલાન

## લોકોની સાચી ઓળખ કરવા માટે મૃતદેહને ઇમ્ફાલની JNIMS અને RIMS હોસ્પિટલમાં DNA ટેસ્ટ માટે મોકલવામાં આવશે

**ઇમ્ફાલ**

મણિપુરના કાંગપોકપી જિલ્લાના લેઈલોન વૈફેઈ ગામમાંથી છ લોકોના અત્યંત ખરાબ હાલતમાં મૃતદેહ મળી આવ્યા છે, જેના કારણે રાજ્યમાં ફરીથી મોટો તણાવ ઊભો થયો છે. આ મૃતદેહ ગત 13 મેના રોજ કોન્શાખુલથી પાછા ફરતી વખતે અપહરણ કરાયેલા છ નાગા નાગરિકોના હોવાની આશંકા છે.

મણિપુર પોલીસ, સીઆરપીએફ અને આસામ રાઈફલ્સના 450 જવાનોની 15 ટીમોએ સ્નિફર ડોગ્સ અને ફોરેન્સિક ટીમની મદદથી સતત 24 કલાક સુધી મોટું સર્ચ ઓપરેશન ચલાવ્યું હતું. આ ઓપરેશન પછી બુધવારે બપોરે આ લાશ મળી આવી હતી. જોકે, મૃતદેહ એટલી હદે સડી ગયા છે કે તેને માત્ર જોઈને ઓળખવા મુશ્કેલ છે. મણિપુર પોલીસે સોશિયલ મીડિયા પર આ અંગે સત્તાવાર માહિતી આપીને કાયદાકીય કાર્યવાહી શરૂ



કરી છે. હવે આ લોકોની સાચી ઓળખ કરવા માટે મૃતદેહને ઇમ્ફાલની JNIMS અને રીમ્સ હોસ્પિટલમાં DNA ટેસ્ટ માટે મોકલવામાં આવશે.

બીજી તરફ મૃતદેહ મળતાં નાગા સમુદાયના લોકો અને મૃતકોના સંબંધીઓ મોટી સંખ્યામાં JNIMS અને રીમ્સ હોસ્પિટલ ખાતે એકઠા થઈ ગયા હતા. ધીમે-ધીમે આ ભીડ ઉગ્ર બનવા લાગી હતી અને હોસ્પિટલને ઘેરી લીધી હતી. પરિસ્થિતિ વણસતી જોઈને પોલીસે તાત્કાલિક બેરિકેડ્સ લગાવી દીધા હતા અને ઉગ્ર બનેલી ભીડને વિખેરવા માટે ટીયર ગેસ છોડવો પડ્યો હતો. આ ઘટનાના ઘેરા પ્રત્યાઘાત રૂપે બુધવાર સાંજે સેનાપતિ જિલ્લામાં એક ઉગ્ર ટોળાએ બે ટ્રકોને આગ ચાંપી દીધી હતી, જોકે સદનસીબે આ આગજનીમાં કોઈ જાનહાનિ થઈ નથી.

પરિવારજનો અને અલગ-અલગ સંગઠનોના જણાવ્યા મુજબ, લાપતા થયેલા આ છ નાગા પુરુષોના નામ મનુ થિયુમાઈ, કેનપીબૌ, ફેનરોન્ગવી થિયુમાઈ, દિલીપ થિયુમાઈ, કાલિવાન્ગબૌ અબોનમાઈ અને સીએચ ફેનરીલુંગ છે. આ તમામ લોકો ગત 13 મેના રોજ કોન્શાખુલથી પાછા આવી રહ્યા હતા, ત્યારે લેઈલોન વૈફેઈ ગામ પાસેથી અચાનક ગાયબ થઈ ગયા હતા.

# શંકરાચાર્ય સામે ખોટો આરોપ રામચંદ્ર દાસના કહેવા પર મૂક્યો : બ્રહ્મચારી

**નવી દિલ્હી**

જ્યોતિર્મઠના શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતી પર બટુકોના યૌન શોષણનો ગંભીર આરોપ લગાવનાર આશુતોષ બ્રહ્મચારી હવે પોતાના જ નિવેદનથી ફરી ગયા છે. તેમણે એક વીડિયો જાહેર કરીને સનાતન ધર્મગુરુ સામે કરેલો કેસ તદ્દન ખોટો હોવાની કબૂલાત કરી છે. આશુતોષ બ્રહ્મચારીનું કહેવું છે કે, 'મેં શંકરાચાર્ય વિરુદ્ધ આ નકલી કેસ મારા જ ગુરુબંધુ રામચંદ્ર દાસના કહેવાથી અને તેમના ભારે દબાણમાં આવીને કર્યો હતો.' આ સમગ્ર ષડયંત્રમાં કેટલાક સરકારી અધિકારીઓ પણ સામેલ હોવાનો આરોપ તેમણે લગાવ્યો છે, જેના કારણે ધાર્મિક જગતમાં ભારે ખળભળાટ મચી ગયો છે. એટલું જ નહીં, તેમણે પોતાના જ ગુરુની હત્યા કરાવવાનું પણ એક ગુપ્ત પ્લાનિંગ કર્યું હતું. મને ખોટી રીતે ભટકાવીને આ આખી રમત રમવામાં આવી હતી, જેના કારણે મને ભારે માનસિક ત્રાસ ભોગવવો પડ્યો છે.

આ મામલે આશુતોષ બ્રહ્મચારીએ મથુરાના એસએસપી (SSP)ને લેખિત ફરિયાદ કરી છે. તેમણે આક્ષેપ કર્યો છે કે રામચંદ્ર દાસે બે આશ્રમો હડપ કરવા માટે એક નકલી વસિયત (ખોટું વિલ) બનાવી હતી.

# બંગાળમાં મમતા બેનરજીને ઝટકો : સ્પીકરના નિર્ણય પર સ્ટે આપવા હાઈકોર્ટનો ઈનકાર

## વિધાનસભામાં ઋતબ્રત બેનર્જી હાલ વિપક્ષના નેતા તરીકે કાર્ય કરતા રહેશે

**કોલકાતા**

પશ્ચિમ બંગાળમાંથી સત્તા ગુમાવ્યા બાદ તૃણમૂલ કોંગ્રેસના વડા મમતા બેનરજી એક પછી એક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. ત્યારે હવે વિપક્ષના નેતાના પદના ચાલી રહેલા વિવાદ મુદ્દે હાઈકોર્ટે મમતા બેનરજીને મોટો ઝટકો આપ્યો છે. વિધાનસભામાં વિપક્ષના નેતાના પદને ચાલી રહેલા વિવાદ મામલે કોલકાતા હાઈકોર્ટે તૃણમૂલ કોંગ્રેસને તાત્કાલિક રાહત આપવાનો ઈનકાર કર્યો છે. કોર્ટે હાલ માટે વિપક્ષના નેતાની નિમણૂક પર કોઈ રોક લગાવી નથી. તેથી ઋતબ્રત બેનર્જી હાલ વિપક્ષના નેતા તરીકે યથાવત રહેશે.

TMCનું કહેવું છે કે, વિપક્ષના નેતાની પસંદગી માત્ર સ્પીકરની ઈચ્છા મુજબ થઈ શકતી નથી. વિધાનસભામાં કઈ પાર્ટી મુખ્ય વિપક્ષ છે અને તેની પાસે કેટલા ધારાસભ્યો છે તે પણ ધ્યાનમાં લેવું જરૂરી છે. પાર્ટીનો આરોપ છે કે એક બળવાખોર નેતાને આ મહત્વનું પદ આપીને વિધાનસભાની પરંપરાઓ અને રાજકીય સંતુલનને નુકસાન પહોંચાડવામાં આવ્યું છે.

ગુરુવારે થયેલી સુનાવણી દરમિયાન TMCએ સ્પીકરના નિર્ણય પર તાત્કાલિક રોક લગાવવાની માંગ કરી હતી. જોકે હાઈકોર્ટે આ માંગ સ્વીકારી નથી અને કોઈ સ્ટે ઓર્ડર આપ્યો નથી. તેના કારણે ઋતબ્રત બેનર્જી હાલ વિપક્ષના નેતા તરીકે કાર્ય કરતા રહેશે. જોકે મામલો હજુ કોર્ટમાં ચાલુ છે. હવે આ કેસની આગામી સુનાવણી 16 જૂને થશે, જ્યાં બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ કોર્ટ આગળનો નિર્ણય લઈ શકે છે.

# મહારાષ્ટ્રના બીડમાં દુર્ઘટના : 50 લોકોને લઈ જતી હોડી પલટી, 2 મહિલાના મોત, 1 ગંભીર

## ક્ષમતા કરતાં વધુ મુસાફરો બેસાડાયા, જવાબદાર લોકો સામે કાર્યવાહી કરવા માંગ

**મુંબઈ**

મહારાષ્ટ્રના બીડ જિલ્લાના પુરુષોત્તમપુરી ખાતે ગોદાવરી નદીમાં શ્રદ્ધાળુઓથી ભરેલી હોડી પલટી જતાં 2 મહિલા શ્રદ્ધાળુઓના મોત થયા છે, જ્યારે 1 મહિલાની હાલત ગંભીર છે. દુર્ઘટના સમયે નાવમાં 50થી વધુ લોકો સવાર હોવાનું જણાવાયું છે.

માહિતી મુજબ, અધિક માસ યાત્રા દરમિયાન ભગવાન પુરુષોત્તમ મંદિરના દર્શન માટે જઈ રહેલા શ્રદ્ધાળુઓને લઈ જતી હોડી નદીમાં



પલટી ગઈ હતી. સ્થાનિક લોકો અને ઘટનાને નજરે જોનારાઓના જણાવ્યા અનુસાર, હોડીમાં ક્ષમતા કરતાં વધુ મુસાફરો બેસાડવામાં આવ્યા હતા, જેના કારણે અકસ્માત સર્જાયો હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

મૃતકોની ઓળખ પ્રમિલા શેષરાવ રાઠોડ (55), લોનાર, બુલઢાણા અને પ્રયાગાબાઈ જ્ઞાનદેવ ડોકે (70) તરીકે થઈ છે. જ્યારે સિંધૂબાઈ અર્જુન મવાળ (75) ગંભીર હાલતમાં સારવાર હેઠળ છે. દુર્ઘટના બાદ સ્થળ પર અફરાતફરી મચી ગઈ હતી. સ્થાનિક લોકોએ અને બચાવ ટીમોએ તરત જ રાહત કામગીરી શરૂ કરીને નદીમાં ડૂબી રહેલા લોકોને બહાર કાઢ્યા અને હોસ્પિટલમાં ખસેડ્યા હતા.

# ઉરી સેક્ટરમાં LOC નજીક બ્લાસ્ટ ભારતીય સૈન્યના બે જવાન શહીદ

**જમ્મુ કાશ્મીર**

જમ્મુ-કાશ્મીરના ઉરી સેક્ટરમાં લાઈન ઑફ કન્ટ્રોલ (LoC) નજીક એક અત્યંત દુઃખદ ઘટના સામે આવી છે. મંગળવારે મોડી સાંજે ઉરીના કમલકોટ વિસ્તારમાં લાઈન ઑફ કન્ટ્રોલ પાસે અચાનક થયેલા એક જોરદાર બ્લાસ્ટમાં ભારતીય સેનાના બે જવાન ગંભીર રીતે ઘાયલ થયા હતા અને ત્યારબાદ સારવાર દરમિયાન તેમણે દમ તોડી દીધો હતો. આ અકસ્માત તે સમયે થયો જ્યારે બંને બહાદુર જવાનો સરહદ પર પોતાની ફરજ બજાવી રહ્યા હતા. વિસ્ફોટ એટલો ભયાનક હતો કે જવાનોને બચાવવાની તમામ કોશિશો નિષ્ફળ નીવડી હતી.

આ આકસ્મિક ઘટનાને પગલે સમગ્ર દેશ સહિત શહીદ જવાનોના પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. દેશની રક્ષા કાજે પોતાનું સર્વોચ્ચ બલિદાન આપનારા આ બંને વીર જવાનો મહારાષ્ટ્રના વતની હતા. શહીદ જવાનોની ઓળખ ચવ્હાણ વિક્રમ બાલકૃષ્ણ અને અર્જુન જાધવ રાજેન્દ્ર તરીકે થઈ છે. જેમાં વિક્રમ બાલકૃષ્ણ મહારાષ્ટ્રના એરોલીના રહેવાસી હતા, જ્યારે અર્જુન જાધવ રાજેન્દ્ર મહારાષ્ટ્રના સતારા જિલ્લાના કરાડ તાલુકાના શાહપુર ગામના વતની હતા. માતૃભૂમિની સેવા કાજે આપેલા આ સર્વોચ્ચ બલિદાનને રાષ્ટ્ર હંમેશા આદરપૂર્વક યાદ રાખશે.

# ભારતમાં પાક.ના ગેંગસ્ટર-આતંકવાદી નેટવર્કનો ખુલાસો પંજાબ-હરિયાણાના 18 સ્થળોએ NIAની ટીમોએ દરોડા પાડ્યા

## પાક.નો ગેંગસ્ટર ઓનલાઇન ગેમિંગથી ભારતના યુવાનોને ગેંગમાં સામેલ કરી રહ્યો હોવાનો ઘટસ્ફોટ

**ચંડીગઢ**

કેન્દ્રીય તપાસ એજન્સી એનઆઈએ દ્વારા મંગળવારે પંજાબ અને હરિયાણામાં વિવિધ સ્થળે દરોડા પાડવામાં આવ્યા હતા. આતંકવાદીઓ અને ગેંગસ્ટર્સ વચ્ચેની સાંઠગાંઠને લઈને એનઆઈએ દ્વારા આ દરોડા પાડવામાં આવ્યા હતા. નવ જિલ્લાના આશરે ૧૮ જેટલા સ્થળોએ તપાસ કરવામાં આવી હતી. આ દરોડા પાક.ના કુખ્યાત ડોન શહઝાદ સાથે જોડાયેલા છે.

પાકિસ્તાની ડોન શહઝાદ ભટ્ટી સામે એનઆઈએ દ્વારા કાર્યવાહી ઝડપી બનાવી દેવાઈ છે, એનઆઈએની ટીમો દ્વારા પંજાબ




અને હરિયાણામાં મોટા પાયે શહઝાદ ગેંગ સાથે જોડાયેલા ગેંગસ્ટર્સ સામે તપાસ કરવામાં આવી રહી છે. ગેંગસ્ટર્સ અને આતંકવાદીઓ દ્વારા મળીને કોઈ મોટી ઘટનાને અંજામ આપવામાં આવી શકે છે તેની શંકાને પગલે અગાઉથી જ સાવચેતીના ભાગરૂપે એનઆઈએ દ્વારા શંકાસ્પદો સામે પગલા લેવાઈ રહ્યા છે. જે દરમિયાન અનેક ડિજિટલ ડિવાઈસ અને દસ્તાવેજો પણ જપ્ત કરાયા છે.

ગેંગસ્ટરમાંથી આતંકવાદી બનેલા શહઝાદ ભટ્ટી દ્વારા સરહદ પારથી આતંકી નેટવર્ક ચલાવવાના મોટા કાવતરાનો પર્દાફાશ કરાયો છે. શહઝાદ ભટ્ટીએ પંજાબ અને હરિયાણામાં હુમલા કરાવ્યા હતા, જેમાં ૨૦૨૫માં સિરસામાં મહિલા પોલીસ સ્ટેશન પર બ્લાસ્ટ, સોશિયલ મીડિયા ઈન્ફ્લુએંસર રોજર સંધૂના ઘર પર ગ્રેનેડ હુમલો, આ વર્ષે અંબાલામાં બલદેવનગર પોલીસ સ્ટેશન પર હુમલાનો પણ સમાવેશ થાય છે.

# કૈલાશ માનસરોવર યાત્રામાં ભારતીયો માટે નો- એન્ટ્રી ચીનની ફરીથી આડોડાઈ

**લખનઉ**

ચીન સરકારે જૂન-જુલાઈમાં ભારતીય નાગરિકોને કૈલાશ માનસરોવર યાત્રાની પરમીટ પર પાબંધી લગાવી લીધી છે. ડ્રેગનની અવળચંડાઈને લીધે શ્રદ્ધાળુઓ તિબેટ-ચાઈના બોર્ડર પર અટવાયાં છે. હવે માત્ર બિન નિવાસી ભારતીય(એનઆરઆઈ)ને જ કૈલાશ માન સરોવરની યાત્રા માટે મંજૂરી આપવાનું નક્કી કરાયું છે. ટૂંકમાં, ડ્રેગને ભારતીય યાત્રાળુઓની આસ્થા પર ઘા કર્યો છે. થોડાક દિવસો અગાઉ જ ચીન સરકારે ભારતીય શ્રદ્ધાળુઓ માટે કોમન કિચનનો નિયમ લાગુ કર્યો હતો. ધાર્મિક માન્યતા સાથે પ્રાદેશિક સ્વાદ જાળવવો મુશ્કેલ બન્યો હતો તેમ છતાં યાત્રાળુઓએ ચીન સરકારની મનમાની ચલાવી લીધી હતી.

# ભારત-બાંગ્લાદેશ સરહદ પર હોબાળો, બંને દેશોની સેના વચ્ચે તણાવ, ઘૂસણખોરોને ખદેડતા પથ્થરમારો

**નવી દિલ્હી**

પૂર્વોત્તર રાજ્ય મેઘાલય અને બાંગ્લાદેશની આંતરરાષ્ટ્રીય સરહદ પર મોટો હોબાળો થયો હતો. સીમા સુરક્ષા દળ (BSF) દ્વારા કથિત રીતે એક બાંગ્લાદેશી નાગરિકને પરત મોકલવાની કાર્યવાહી બાદ બંને દેશોની સરહદ પર ભારે ભીડ એકઠી થઈ ગઈ હતી અને ત્યારબાદ પથ્થરમારાની ઘટનાઓ સામે આવી હતી. આ ઘટના મેઘાલયના દક્ષિણ પશ્ચિમ ગારો હિલ્સ જિલ્લાના મહેન્દ્રગંજ વિસ્તારમાં આવેલા નંદિર ચાર સરહદી વિસ્તારની હોવાની માહિતી મળી રહી છે.

સ્થાનિક સૂત્રોના જણાવ્યા પ્રમાણે સંબંધિત વ્યક્તિએ કથિત રીતે ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશ કર્યો હતો. સુરક્ષા એજન્સીઓ દ્વારા તેને કસ્ટડીમાં લીધા બાદ BSFએ તેને બાંગ્લાદેશ તરફ પરત મોકલવાની પ્રક્રિયા શરૂ કરી. જોકે, આ મામલો ત્યારે વધુ ગૂંચવાયો જ્યારે બાંગ્લાદેશ બોર્ડર ગાર્ડ્સ (BGB) અને સરહદ પાર હાજર સ્થાનિક લોકોએ કથિત રીતે તે વ્યક્તિનો સ્વીકાર કરવાનો ઈનકાર કરી દીધો.

માહિતી પ્રમાણે BGBના ઈનકાર બાદ તે વ્યક્તિ બંને દેશોની સરહદ વચ્ચે ફેન્સિંગ પાસે જ ફસાઈ ગયો. આના કારણે સમગ્ર વિસ્તારમાં ભારે ભ્રમ અને તણાવની સ્થિતિ સર્જાઈ ગઈ. સ્થાનિક લોકોનો દાવો છે કે સંબંધિત વ્યક્તિએ ખુદને બાંગ્લાદેશી નાગરિક હોવાનું જણાવ્યું હતું, તેમ છતાં બાંગ્લાદેશ તરફથી તેને પોતાના કબજામાં લેવાનો સ્પષ્ટ ઈનકાર કરી દેવામાં આવ્યો હતો.

આ ઘટનાના સમાચાર વાયુવેગે ફેલાતા જ સરહદની બંને બાજુએ મોટી સંખ્યામાં લોકો એકઠા થવા લાગ્યા હતા. જોતજોતામાં સેંકડો લોકો સરહદની નજીક પહોંચી ગયા અને માહોલ તણાવપૂર્ણ બની ગયો. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા પ્રમાણે સરહદ પર એકઠી થયેલી ભીડ વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ બંને તરફથી પથ્થરમારો શરૂ થઈ ગયો હતો.

## બંગાળ બાદ તેલંગાણામાં ૪9 લાખ મતદારો પર સંકટ, ચૂંટણી પંચ ફટકારશે નોટિસ

**નવી દિલ્હી**

પશ્ચિમ બંગાળ બાદ હવે તેલંગાણામાં પણ મતદાર યાદીને લઈને મોટો વિવાદ સામે આવ્યો છે. ચૂંટણી પંચની પ્રાથમિક તપાસમાં રાજ્યની મતદાર યાદીમાં આશરે ૪9 લાખ શંકાસ્પદ અથવા ગડબડયુક્ત એન્ટ્રીઓ મળી આવી છે. હવે આ મામલે વિશેષ તપાસ (SIR) હાથ ધરવામાં આવશે, જેના પરિણામે રાજ્યના રાજકીય સમીકરણોમાં મોટા ફેરફારની શક્યતા છે. ચૂંટણી પંચે વર્ષ 2002ની મતદાર યાદીની હાલની યાદી સાથે સરખામણી કરી હતી. આ પ્રક્રિયા દરમિયાન મતદારોના ડેટામાં 11 પ્રકારની ગડબડીઓ મળી આવી. તેલંગાણાના મુખ્ય ચૂંટણી અધિકારી સી. સુદર્શન રેડ્ડીએ આ વિગતો જાહેર કરી હતી.

# ભારતીય બેંકો પર AI સ્કેમનો મોટો ખતરો દર વર્ષે 40 કરોડથી વધુનું નુકસાન : રિપોર્ટ

### આર્થિક કૌભાંડો-AI આધારિત ડિજિટલ જોખમોથી પ્રભાવિત દેશોમાં ભારત મોખરે

**નવી દિલ્હી**

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ટેક્નોલોજી જ્યાં એકતરફ નાણાકીય ક્ષેત્રને આધુનિક બનાવી રહી છે, ત્યાં બીજી તરફ તે ભારતીય બેંકિંગ સેક્ટર માટે એક મોટો માથાનો દુખાવો બની ગઈ છે. 'બાયોકેચ' દ્વારા કરવામાં આવેલા એક વૈશ્વિક સર્વેક્ષણમાં બહાર આવ્યું છે કે, ભારતની આશરે 84% બેંકિંગ સંસ્થાઓએ છેલ્લા એક વર્ષમાં ફ્રોડના કારણે થતા નાણાકીય નુકસાનમાં મોટો વધારો નોંધ્યો છે.



આ સર્વેમાં વિશ્વના 25 દેશોના 1,440 નાણાકીય લીડર્સે ભાગ લીધો હતો, જેમાં ભારત આર્થિક કૌભાંડો અને AI આધારિત ડિજિટલ જોખમોથી સૌથી વધુ પ્રભાવિત દેશોમાં મોખરે રહ્યું છે.

આ અહેવાલમાં બેંકિંગ અને નાણાકીય ગુના નિવારણ સાથે જોડાયેલા ભારતના 100 અગ્રણી નિષ્ણાતોનો અભિપ્રાય લેવામાં આવ્યો હતો. તેમાંથી આશ્ચર્યજનક રીતે 90% નિષ્ણાતોએ સ્વીકાર્યું છે કે તેમની સંસ્થાઓમાં છેતરપિંડીના પ્રયાસોમાં અભૂતપૂર્વ વધારો થયો છે, જે 81%ના વૈશ્વિક સરેરાશ કરતાં ઘણો વધારે છે. અગાઉના વર્ષના સર્વેમાં આ આંકડો માત્ર 70% હતો, જે દર્શાવે છે કે સાયબર ગુનેગારો હવે ભારતીય બેંકોને વધુ નિશાન બનાવી રહ્યા છે.

## વૈષ્ણોદેવી મંદિરમાં ભક્તોનું ઘોડાપૂર સપ્તાહમાં 3 લાખ ભક્તોએ કર્યા દર્શન

**જમ્મુ કાશ્મીર**

વૈષ્ણોદેવી યાત્રામાં વધતી ભીડને કારણે હેલિકોપ્ટર સેવા, બેટરી કાર, રોપવે તેમજ ભવન ખાતે રહેવાની સુવિધાઓ લગભગ સંપૂર્ણપણે બુક થઈ ગઈ છે. તેથી યાત્રાળુઓને પ્રવાસ પહેલાં ઉપલબ્ધ સુવિધાઓ અને હાલની સ્થિતિ અંગે માહિતી મેળવીને જ પ્રવાસનું આયોજન કરવાની સલાહ આપવામાં આવી રહી છે. શ્રાઈન બોર્ડના આંકડા મુજબ જૂન મહિનાની શરૂઆતથી જ યાત્રાળુઓની સંખ્યામાં સતત વધારો જોવા મળી રહ્યો છે. 1 જૂને 37,100 ભક્તોએ દર્શન કર્યા હતા, જ્યારે 2 જૂને આ આંકડો વધીને 40,200 થયો હતો. ત્યારબાદ 3 જૂને 40,300, 4 જૂને 40,000, 5 જૂને 42,500, 6 જૂને 47,500, 7 જૂને 48,300 અને 8 જૂને 48,500 શ્રદ્ધાળુઓ માતાના દર્શન માટે પહોંચ્યા હતા. આ વધતી સંખ્યા છેલ્લા કેટલાક વર્ષોના રેકોર્ડને પડકારતી જોવા મળી રહી છે. યાત્રાળુઓની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને અનેક વખત નોંધણી કેન્દ્રો નિર્ધારિત સમય પહેલાં બંધ કરવાની ફરજ પડી હતી. 6 જૂને રાત્રે 10 વાગ્યા સુધી ચાલુ રાખવાની હતી, પરંતુ ભારે ભીડને કારણે તેને રાત્રે 8 વાગ્યે જ બંધ કરી દેવામાં આવી. એ જ રીતે રવિવારે પણ તમામ નોંધણી કેન્દ્રો સાંજે લગભગ 7 વાગ્યે બંધ કરવામાં આવ્યા હતા.

## MPમાં મીનાક્ષી નટરાજનનું નામાંકન રદ, ભાજપના 3 ઉમેદવારો બિનહરીફ

**ઈન્દોર**

મધ્ય પ્રદેશમાં રાજ્યસભા ચૂંટણી પહેલાં કોંગ્રેસ પક્ષને બહુ મોટો રાજકીય ફટકો લાગ્યો છે. ભાજપ દ્વારા નોંધાવવામાં આવેલા સત્તાવાર વાંધા બાદ ચૂંટણી અધિકારીએ કોંગ્રેસના ઉમેદવાર મીનાક્ષી નટરાજનનું નામાંકન પત્ર રદ કરી દીધું છે. આ ઘટનાક્રમ બાદ હવે રાજ્યની ત્રણેય રાજ્યસભા બેઠકો પર ભાજપની દાવેદારી મજબૂત થઈ ગઈ છે, અને તેના ત્રણેય ઉમેદવારો બિનહરીફ ચૂંટાઈ આવે તેવી પૂરેપૂરી સંભાવના છે.

મળતી માહિતી મુજબ, મીનાક્ષી નટરાજન દ્વારા ઉમેદવારી ફોર્મ ભર્યા બાદ ભાજપે તેમની સામે ગંભીર વાંધો ઉઠાવ્યો હતો. ભાજપના નેતાઓએ આરોપ લગાવ્યો હતો કે, નટરાજને તેલંગાણામાં પોતાની વિરુદ્ધ નોંધાયેલા એક ગુનાહિત કેસની માહિતી સોગંદનામામાં જાણી જોઈને છુપાવી હતી. આ ઉપરાંત, સોગંદનામામાં તેમની મિલકતો અને બેંક બેલેન્સની વિગતો પણ સ્પષ્ટ રીતે દર્શાવવામાં આવી નહોતી. ચૂંટણી નિયમો અનુસાર, દરેક ઉમેદવારે પોતાના ગુનાહિત કેસ, મિલકત, આવક અને લોનની તમામ વિગતો સંપૂર્ણ પારદર્શિતા સાથે જાહેર કરવી ફરજિયાત હોય છે.

# ઘૂસણખોરો સામે કડકાઈ બાદ બાંગ્લાદેશમાં વિરોધ વંટોળ, સરહદે આંદોલનની તૈયારી

### 12 જૂને વિરોધની સંગઠનોની જાહેરાત, 15 જૂને ઢાકામાં રેલી-સભા યોજવાની જાહેરાત

**કોલકાતા**

પશ્ચિમ બંગાળમાં ગેરકાયદેસર રીતે રહેતા બાંગ્લાદેશી નાગરિકોને કાનૂની પ્રક્રિયા બાદ પરત મોકલવાની કાર્યવાહી ચાલી રહી છે. આ મુદ્દે હવે બાંગ્લાદેશમાં વિરોધ શરૂ થયો છે. બાંગ્લાદેશની જમાત-એ-ઈસ્લામી અને અન્ય ઈસ્લામી સંગઠનોએ ભારત વિરુદ્ધ વિરોધ પ્રદર્શન કરવાની જાહેરાત કરી છે.

આ સંગઠનો 12 જૂને ભારત-બાંગ્લાદેશ સરહદ નજીક વિવિધ વિસ્તારોમાં માર્ચ અને રેલીઓ યોજશે. આ કાર્યક્રમનું નેતૃત્વ જમાત-એ-ઈસ્લામીના નેતા શફીકુર રહમાન કરશે. તેમાં 11 રાજકીય અને ધાર્મિક સંગઠનો ભાગ લેશે. શેખ હસીના વિરોધી વિદ્યાર્થી આંદોલન સાથે જોડાયેલી નેશનલ સિટિઝન પાર્ટી પણ તેમાં સામેલ થશે.

સંગઠનોએ 12 જૂને સરહદી જિલ્લાઓ અને ચેકપોસ્ટો પાસે રેલીઓ યોજવાની અને 15 જૂને ઢાકામાં મોટી રેલી અને સભા યોજવાની જાહેરાત કરી છે. ઉપરાંત સેમિનાર અને ગોળમેજ બેઠકનું પણ આયોજન કરવામાં આવશે. NCPના મુખ્ય સંયોજક નસીરુદ્દીન પટવારીએ સરહદ નજીક રહેતા લોકોને 'હ્યુમન શિલ્ડ' (માનવ દિવાલ) બનાવવા અપીલ કરી છે. તેમનું કહેવું છે કે સરહદ વિસ્તારમાં રહેતા લોકો મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. તેમણે બાંગ્લાદેશ બોર્ડર ગાર્ડને વધુ મજબૂત બનાવવાની પણ માંગ કરી છે. જમાત-એ-ઈસ્લામીના નેતા એએચએમ હમીદુર રહમાન આઝાદે દાવો કર્યો છે કે છેલ્લા ત્રણ મહિનામાં અનેક લોકોને સરહદ પાર મોકલવાના પ્રયાસો થયા છે.

## ઈશ્વરની કૃપાથી લાંબો સમય ભારત માતાની સેવાનો મોકો મળ્યો : વડાપ્રધાન મોદી

**નવી દિલ્હી**

એક ચૂંટાયેલા વડાપ્રધાન તરીકે નરેન્દ્ર મોદીએ નવો રેકોર્ડ સ્થાપિત કર્યો છે, તેઓ ૧૨ વર્ષ સુધી ચૂંટાયેલા વડાપ્રધાન તરીકે સત્તા પર રહેનારા દેશના પ્રથમ વડાપ્રધાન બન્યા છે, જેને પગલે ભાજપ દ્વારા દેશભરમાં તેની ઉજવણીઓ ચાલી રહી છે. એવામાં પીએમ મોદીએ કહ્યું હતું કે આ સફરમાં સાથ આપનારા તમામનો આભાર માનું છું, ભારત માતાની આટલા વર્ષો સુધી સેવા કરવાની આ તક ઈશ્વરની કૃપાથી જ મળી શકે. મારા માટે જનતા જનાર્દન જ ઈશ્વરનું રુપ છે. દિલ્હીમાં ભારત મંડપમમાં ભાજપ અને તેના સાથી પક્ષો દ્વારા કેન્દ્રમાં એનડીએના ૧૨ વર્ષના શાસનની ઉજવણીના ભાગરૂપે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

## દેશમાં કેન્સરની દવાઓની અછત વચ્ચે કેન્દ્ર સરકાર દ્વારા ભાવ વધારાને મંજૂરી

### અછતને લીધે દેશમાં હોસ્પિટલોમાં સપ્લાયમાં પણ અવરોધ

**નવ દિલ્હી**

કેન્દ્રે નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટી (એનપીપીએ)ને કેન્સરની દવાઓ સિસ્પ્લેટિન અને કાર્બોપ્લેટિનનાં ભાવ વધારવા માટેની સૈદ્ધાંતિક મંજૂરી આપી હતી. બીજી તરફ આ દવાની અછતને કારણે સમગ્ર દેશની હોસ્પિટલોમાં સપ્લાયમાં અવરોધ ઉભો થયો છે.

ડિપાર્ટમેન્ટ ઓફ ફાર્માસ્યુટિકલ (ડીઓપી)એ એનપીપીએને પત્ર લખીને આ ભાવ વધારા માટે ડ્રગ્સ પ્રાઈસ કન્ટ્રોલ ઓર્ડર (ડીપીસીઓ)નાં પેરા ૧૯ હેઠળ મંજૂરી આપી છે. પ્રાઈસિંગ ઓથોરિટી આગામી બે દિવસમાં આ અંગે નિર્ણય લઈ શકે છે. ડીપીસીએનો પેરા 19 સરકાર અને એનપીપીએને અસામાન્ય પરિસ્થિતિમાં જનહિતમા કોઈ પણ દવાની મહત્તમ કીંમત કે રીટેલ કીંમત નક્કી કરવા કે તેમાં ફેરફાર કરવાનો વિશેષ અધિકાર આપે છે.

આ પગલું ફાર્માસ્યુટિકલ ઈન્ડસ્ટ્રીની એ અપીલો પછી ભરવામાં આવ્યું છે જેમાં કેન્સરની આ બે દવાઓની કીંમતમાં એક વખત વધારો કરવાની માંગ કરી હતી.

## મથુરાના બાંકે બિહારી મંદિર નજીક શ્રદ્ધાળુઓ પર મકાનની છત પડતાં 7 જણાં ઘાયલ

**મથુરા**

મથુરા જિલ્લામાં આવેલા વિશ્વપ્રસિદ્ધ ઠાકુર બાંકે બિહારી મંદિરના ગેટ નંબર 5 નજીક મંગળવારે એક મોટી દુર્ઘટના સર્જાઈ છે. મંદિરથી આશરે 200 મીટરના અંતરે આવેલી એક ત્રણ માળની ઈમારતનો છજ્જો અચાનક નીચેથી પસાર થઈ રહેલા શ્રદ્ધાળુઓ પર તૂટી પડ્યો હતો. આ ભયાનક અકસ્માતમાં બાંકે બિહારીના દર્શને આવેલા આશરે 7 શ્રદ્ધાળુઓ ગંભીર રીતે ઘાયલ થયા છે. ઘટનાસ્થળે હાજર સ્થાનિક લોકો અને સુરક્ષાકર્મીઓએ ઘાયલોને તાત્કાલિક સારવાર માટે જિલ્લા હોસ્પિટલમાં દાખલ કર્યા છે. બાંકે બિહારી મંદિરની બિલકુલ નજીક આવેલા એક ખાનગી મકાનની છત તૂટવાને કારણે આ અકસ્માત સર્જાયો હતો.

# અમેરિકાના હુમલા બાદ ઈરાને સ્ટ્રેટ ઓફ હોર્મુઝ ફરી બંધ કર્યું

## વૈશ્વિક બજારોમાં ચિંતા, બે જહાજો પર હુમલાનો દાવો, ઈરાનના ટાપુઓ અને સૈન્ય મથકો પર યુએસ સેનાનો પ્રચંડ પ્રહાર

**તહેરાન**

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલો સૈન્ય સંઘર્ષ હવે ચરમસીમાએ પહોંચી ગયો છે. ઈરાનની સર્વોચ્ચ સંયુક્ત સૈન્ય કમાન્ડે વૈશ્વિક વેપાર માટે અત્યંત મહત્વપૂર્ણ ગણાતા 'હોર્મુઝ સ્ટ્રેટ' ને અમેરિકાના હુમલાને પગલે ફરી એકવાર સંપૂર્ણપણે બંધ કરવાની સત્તાવાર જાહેરાત કરી દીધી છે. ઈરાને કડક શબ્દોમાં ચેતવણી આપી છે કે, જો કોઈ પણ તેલ ટેન્કર કે વ્યાપારી જહાજ આ દરિયાઈ માર્ગ પરથી પસાર થવાનો પ્રયાસ કરશે તો તેના પર સીધો સૈન્ય હુમલો કરવામાં આવશે.

હોર્મુઝ સ્ટ્રેટ વિશ્વના સૌથી સંવેદનશીલ અને વ્યૂહાત્મક દરિયાઈ માર્ગો પૈકીનો એક



છે, જ્યાંથી દુનિયાભરના તેલ પુરવઠાનો મોટો હિસ્સો પસાર થાય છે. ઈરાનની આ નાકાબંધીને કારણે આંતરરાષ્ટ્રીય ઉર્જા બજાર અને વૈશ્વિક અર્થતંત્ર પર મોટું સંકટ તોળાઈ રહ્યું છે. ઈરાની સત્તાવાર ન્યૂઝ એજન્સીઓ અને ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ ના જણાવ્યા અનુસાર, નિયમોનું ઉલ્લંઘન કરનારા બે જહાજોને દરિયામાં પહેલેથી જ નિશાન બનાવવામાં આવ્યા છે. જોકે, અમેરિકન સેન્ટ્રલ કમાન્ડ એ ઈરાનના આ દાવાને નકારી કાઢતા કહ્યું છે કે આ જળમાર્ગ સંપૂર્ણ બંધ નથી થયો અને અમેરિકન જહાજો પર કોઈ સફળ હુમલો થયો નથી.

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને સંરક્ષણ મંત્રી પીટ હેગસેથના આદેશ પર અમેરિકન દળોએ ઈરાનના અનેક મહત્વના સૈન્ય ઠેકાણાઓ પર 'સેલ્ફ-ડિફેન્સ સ્ટ્રાઈક' (સ્વ-બચાવમાં હુમલા) શરૂ કર્યા છે. સરકારી ન્યૂઝ એજન્સી IRNA ના અહેવાલ મુજબ ઈરાનના દક્ષિણ ભાગોમાં ભારે બોમ્બમારો થયો છે:

### ઈરાનનો જવાબ, 3 દેશોમાં 18 US સૈન્ય ઠેકાણા હચમચાવ્યા

ઈરાને પણ અમેરિકા સામે આરપારની લડાઈનું એલાન કરી વળતો પ્રહાર કર્યો છે. ઈરાનની ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ એ દાવો કર્યો છે કે તેણે બહેરીનમાં સ્થિત અમેરિકન નૌકાદળના પાંચમા બેડાના હેડક્વાર્ટરને નિશાન બનાવીને 'શાહિદ-136' વિનાશક આત્મઘાતી ડ્રોનથી મોટો હુમલો કર્યો છે. ઈરાને ફરી એકવાર બહેરીન, કુવૈત અને જોર્ડનમાં આવેલા અમેરિકન સૈન્ય ઠેકાણાઓને હચમચાવી નાખ્યા હતા. અમેરિકન સૈન્ય મથકો અને એરબેઝ પર મોટું નુકસાન કર્યું છે.

# ટેરિફ વસૂલી બાદ ટ્રમ્પ મુસીબતમાં 166 અબજ ડોલર પરત કરવા ફરમાન

**વોશિંગ્ટન**

અમેરિકન પ્રમુખ ટ્રમ્પના તંત્ર અને કોર્ટને જાણે 36નો આંકડો ચાલી રહ્યો હોય તેમ લાગે છે. કોર્ટના એક પછી એક ચુકાદા ટ્રમ્પના તંત્ર વિરુદ્ધ આવી રહ્યા છે. આવા વધુ એક ચુકાદામાં કોર્ટે ટ્રમ્પ તંત્રની તે દલીલ ફગાવી દીધી છે કે સુપ્રીમ કોર્ટે ટેરિફ પેટે ઉઘરાવેલી રકમ પરત કરવાના કેસમાં તેઓ તેમની સામે કેસ કરનારા 4000 આયાતકારોને જ રકમ ચૂકવશે. ટ્રમ્પ તંત્રએ ટેરિફ પેટે ઉઘરાવેલી રકમ ફક્ત તેમની સામે કેસ કરનારાઓને જ નહીં પણ જે બધાએ ટેરિફ ચૂકવ્યો છે તે બધાને ચૂકવવાની છે, જે 166 અબજ ડોલર થાય છે.

ફેડરલ જજ રિચાર્ડ ઈટોને ટ્રમ્પ તંત્રને બરોબર ખંખેરતા જણાવ્યું હતું કે સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ જ્યારથી ટેરિફ રદ કરવામાં આવ્યા ત્યારથી 80 દિવસમાં બધાને ચૂકવણી કરી દેવાની છે. તેનું કારણ એ હતું કે ટ્રમ્પ તંત્રએ આમ તો 166 અબજ ડોલર ચૂકવવાના છે, પરંતુ જો તે ટેરિફ સામે કેસ કરનારા ચાર હજાર આયાતકારોને જ રકમ ચૂકવે તો માંડ 11 અબજ ડોલર જ ચૂકવવાના આવે. હવે ટ્રમ્પ તંત્રએ તેનું અર્થઘટન અહીં એવું કર્યુ હતું કે 80 દિવસ સુધીમાં જેટલાને ચૂકવણી થશે તેટલાને કરીશું, તેમા જે બાકી રહી ગયા તેને નહી કરાય.

# ગુઆંગશીમાં 'રહસ્યમય' વિસ્ફોટમાં 7ના મોત 17થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા, તંત્રમાં દોડધામ

## કાટમાળમાંથી લોકોને બહાર કઢાયા, આસપાસની ઈમારતોને પણ ભારે નુકસાન

**શાંઘાઈ**

ચીનના દક્ષિણ-પશ્ચિમ વિસ્તારમાં આવેલા ગુઆંગશી પ્રાંતના શિંગઆન કાઉન્ટીમાં આજે વહેલી સવારે એક જોરદાર બ્લાસ્ટ થયો છે. આ ભયાનક અકસ્માતમાં અંદાજે 7 લોકોના મોત થયા છે, જ્યારે 17 લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. આ ધમાકો એટલો શક્તિશાળી હતો કે તેનો અવાજ કેટલાય કિલોમીટર દૂર સુધી સંભળાયો હતો, તેમજ ધમાકાના કારણે આસપાસની ઈમારતોને ભારે નુકસાન થયું હતું અને



લોકોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડ, પોલીસ અને મેડિકલ ટીમ સહિતનો મોટો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને બચાવ કામગીરી શરૂ કરી હતી. સ્થાનિક વહીવટીતંત્રના જણાવ્યા મુજબ, આ બ્લાસ્ટ લિંગઝિયાંગ રોડ પર મધ્યરાત્રિએ આશરે 1:40 વાગ્યે થયો હતો. ઘટનાની ગંભીરતાને જોઈને તંત્ર દ્વારા તાત્કાલિક કમાન્ડ સેન્ટર ઊભું કરવામાં આવ્યું હતું. બચાવ ટીમોએ કાટમાળ નીચે કોઈ દબાયેલું ન રહે તે માટે સતત ચાર વખત સર્ચ ઓપરેશન ચલાવ્યું હતું. કાટમાળમાંથી 17 ઘાયલ લોકોને બહાર કાઢીને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

# અફેર અંગે એપસ્ટિન બ્લેકમેઈલ કરી રહ્યો હતો બિલ ગેટ્સના ચોંકાવનારા દાવાથી દુનિયા ચોંકી

## 'અનેક જૂઠી વાતો ઉમેરીને મારી સાથે સંપર્કમાં રહેવા દબાણ કરાતું હતું : બિલ ગેટ્સ

**ન્યૂયોર્ક**

માઈક્રોસોફ્ટના કો-ફાઉન્ડર બિલ ગેટ્સે અમેરિકન સંસદની એક સમિતિ સમક્ષ અત્યંત ચોંકાવનારો ખુલાસો કર્યો છે. બિલ ગેટ્સે જણાવ્યું છે કે જાતીય ગુનેગાર જેફરી એપસ્ટિને તેમના જૂના એક્સ્ટ્રા મેરિટલ અફેર (લગ્નેતર સંબંધો)ને લઈને તેમને બ્લેકમેઈલ કર્યા હતા. એપસ્ટિન ઈચ્છતો હતો કે તેમની વચ્ચેના સંબંધો પૂરા થઈ ગયા પછી પણ બિલ ગેટ્સ ફરીથી તેની સાથે સંપર્ક શરૂ કરે.



બિલ ગેટ્સ અમેરિકન સંસદની 'હાઉસ ઓવરસાઈટ એન્ડ ગવર્નમેન્ટ રિફોર્મ કમિટી' સમક્ષ હાજર થયા હતા, જે સમિતિ એપસ્ટિન મામલામાં વહીવટીતંત્રે કરેલી કામગીરી અને તેની સાથે જોડાયેલા વગદાર લોકોના નેટવર્કની તપાસ કરી રહી છે. ન્યૂઝ એજન્સી રોયટર્સના જણાવ્યા અનુસાર, બિલ ગેટ્સે સ્વીકાર્યું છે કે જ્યારે તેઓ પરોપકારના કાર્યોના મામલે એપસ્ટિને મળ્યા હતા, ત્યારે તેઓ તેના ગુનાઓની ગંભીરતાને પૂરી રીતે સમજી શક્યા નહોતા.

બિલ ગેટ્સે સમિતિ સમક્ષ જણાવ્યું હતું કે, 'એપસ્ટિને મારી આ ભૂલનો ફાયદો ઉઠાવ્યો અને તેના પર અનેક જૂઠી વાતો ઉમેરીને મારી પર ફરીથી તેની સાથે જોડાવા માટે દબાણ કર્યું હતું.' જોકે, બિલ ગેટ્સે એપસ્ટિન સાથે કોઈ પણ પ્રકારના અંગત કે દોસ્તીના સંબંધો હોવાનો સ્પષ્ટ ઈનકાર કર્યો હતો.

# શરણાર્થીઓએ હુમલાનો વીડિયો વાઈરલ કરતાં આયરલેન્ડમાં રોષ

## અનેક મકાનો અને વાહનોને આગ લગાવી દેવામાં આવી

**બેલફાસ્ટ**

આયરલેન્ડની રાજધાની બેલફાસ્ટમાં સ્ટેબિંગની એક ઘટના બાદ ભારે હિંસા ફાટી નીકળી હતી, મુખ્યત્વે વિદેશી નાગરિકોને ટાર્ગેટ કરીને બેફામ હુમલા કરવામાં આવ્યા હતા, અનેક મકાનો અને વાહનોને આગ લગાવી દેવાઈ હતી. હુમલાખોર મૂળ સુદાનથી આવ્યો હતો અને તેને આયરલેન્ડમાં શરણ આપવામાં આવી હતી. યુરોપના આ નાનકડા દેશમાં હિંસાની ઘટનાઓને પગલે વિદેશી નાગરિકોમાં ભયનો માહોલ છે.

સૌથી પહેલા સ્ટેબિંગની એક ઘટના સામે આવી હતી જેને સુદાનના નાગરિક દ્વારા અંજામ આપવામાં આવ્યો હતો. આ ઘટનામાં એક નાગરિકે પોતાની આંખ ગુમાવી હતી. સ્ટેબિંગની ઘટનાનો આરોપી વિદેશી હોવાની જાણ થયા બાદ સ્થાનિકો રોષે ભરાયા હતા, અને જ્યાં પણ વિદેશી નાગરિકો રહે છે ત્યાં હુમલા શરૂ કરી દેવામાં આવ્યા હતા. અનેક વીડિયો અને તસવીરો સામે આવી છે જેમાં ઠેરઠેર બસો, કાર, ઈમારતો સળગેલી સ્થિતિમાં જોઈ શકાય છે.

# પીઓકેમાં પાકિસ્તાની સેનાનું એવિએશન એમઆઈ 17 હેલિકોપ્ટર ક્રેશ, 21ના મોત

## તપાસમાં અકસ્માતનું કારણ ટેકનિકલ ખામી હોવાનું તારણ

**ઈસ્લામાબાદ**

પાકિસ્તાન આર્મી એવિએશનનું એક Mi-17 હેલિકોપ્ટર બુધવારે ક્રેશ થયું છે. આ અકસ્માત મુઝફ્ફરાબાદ નજીક ટેક-ઓફ દરમિયાન સર્જાયો હતો. ઈન્ટર-સર્વિસીસ પબ્લિક રિલેશન્સ (ISPR)ને ટાંકીને ત્યાંના સ્થાનિક અખબાર 'ડૉન'એ પુષ્ટિ કરી છે કે, હેલિકોપ્ટરમાં સવાર તમામ 21 સૈન્ય કર્મચારીઓના મોત થયા છે.

સૈન્ય દ્વારા જાહેર કરવામાં આવેલા નિવેદન અનુસાર, પ્રારંભિક તપાસમાં અકસ્માતનું મુખ્ય કારણ ટેકનિકલ ખામી હોવાનું સામે આવ્યું છે. હેલિકોપ્ટરે જેવું મુઝફ્ફરાબાદ નજીકથી ઉડાન



ભર્યું, કે તરત જ તે કોઈ ટેકનિકલ ગરબડનો ભોગ બન્યું અને નિયંત્રણ ગુમાવીને નીચે ગબડી પડ્યું હતું. અકસ્માતની જાણ થતાં જ સેનાની બચાવ ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને રાહત કામગીરી શરૂ કરી દીધી હતી.

# જોહાનિસબર્ગમાં 10થી વધુ બંદુકધારીઓનો સ્લમ વિસ્તારમાં ગોળીબાર, 12 લોકોના મોત

## ગેરકાયદે માઈનિંગ માટે કુખ્યાત વિસ્તારમાં ગોળીબારમાં 9થી વધુ ઘાયલ

**જોહાનિસબર્ગ**

દક્ષિણ આફ્રિકાના જોહાનિસબર્ગમાં પૂર્વ ક્લીવલેન્ડમાં બંદુકધારીઓ દ્વારા બેફામ ગોળીબાર કરાયો હતો જેમાં ૧૨ લોકોના મોત નિપજ્યા હતા અને અનેક લોકો ઘાયલ થયા હતા. રાત્રે ૧૧ વાગ્યા બાદ એક સ્લમ વિસ્તારમાં ગોળીબાર થયો હોવાની જાણ થતા પોલીસ દોડી આવી હતી, જોકે તપાસ કરતા અલગ અલગ જગ્યાએ અનેક મૃતદેહ મળી આવ્યા હતા. ૧૦થી વધુ શંકાસ્પદો કથિત રીતે એક સફેદ ટોયોટા કારમાં આવ્યા હતા અને સ્લમ વિસ્તારમાં બેફામ ગોળીબાર કરતા ગયા હતા. હુમલાખોરો બે રસ્તેથી અંદર ઘૂસ્યા હતા અને ગોળીબાર કરી દીધો હતો. એવા આરોપો થઈ રહ્યા છે કે ક્લીવલેન્ડમાં એક પેટ્રોલ સ્ટેશન પાસે ૧૦થી વધુ બંદુકધારીઓ આવી પહોંચ્યા અને હુમલો કરી દીધો હતો. હુમલામાં ૧૨થી વધુ લોકો માર્યા ગયા છે. જોકે હુમલા પાછળનું કારણ શું છે તેને લઈને તપાસ શરૂ કરવામાં આવી છે. એવા અહેવાલો છે કે જે વિસ્તારમાં ગોળીબાર થયો ત્યાં ગેરકાયદે માઈનિંગ કરનારા લોકો રહે છે તેથી બદલાની ભાવનાથી આ હુમલો કરાયો હોવાની પોલીસને શંકા છે. પોલીસે જણાવ્યું હતું કે એક વાહનમાં હુમલાખોરો આવ્યા અને પછી જે પણ દેખાયુ તેના પર ગોળીબાર કરી દીધો હતો.

# રેડ કાર્પેટ પર રોમાંસ : કેટી પેરી અને ટ્રુડોના સંબંધો પર મહોર

## ન્યૂ યોર્કના ટ્રિબેકા ફિલ્મ ફેસ્ટિવલમાં બંને કેમેરા સામે એકબીજાના પ્રેમમાં ડૂબેલા જોવા મળ્યા

### કેનેડાના ભૂતપૂર્વ વડાપ્રધાને ગર્લફ્રેન્ડ કેટીના મનભરીને વખાણ કર્યા




**ન્યૂ યોર્ક**

પોપ સનસનાટી કેટી પેરી અને કેનેડાના ભૂતપૂર્વ વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ સોમવારે સાંજે ન્યૂ યોર્કના પ્રતિષ્ઠિત 'ટ્રિબેકા ફિલ્મ ફેસ્ટિવલમાં કેમેરા સામે હસતાં-હસતાં સત્તાવાર રીતે પોતાના સંબંધોની જાહેરાત કરી દીધી છે. કેટી પેરીની નવી કોન્સર્ટ ફિલ્મ 'કેટી પેરી: ધ લાઈફટાઈમ્સ ટૂર - લાઈવ ફ્રોમ પેરિસ'ના પ્રીમિયર દરમિયાન આ હાઈ-પ્રોફાઈલ કપલ રેડ કાર્પેટ પર એકબીજાનો હાથ પકડીને રોમેન્ટિક અંદાજમાં જોવા મળ્યું હતું. સમગ્ર ઈવેન્ટ દરમિયાન તેઓ એકબીજા પ્રત્યે પ્રેમ વ્યક્ત કરતા અને કપાળ પર ચુંબન કરતા કેમેરામાં કેદ થયા હતા.

રેડ કાર્પેટ પર ૪૧ વર્ષીય પોપ સ્ટાર કેટી પેરી ગુલાબના શણગારથી સજ્જ ગ્રીક-પ્રેરિત સફેદ હોલ્ટર ગાઉનમાં અત્યંત સુંદર લાગી રહી હતી, જ્યારે ૫૪ વર્ષીય જસ્ટિન ટ્રુડો બ્લેક સૂટ અને વ્હાઈટ ઓપન-કોલર શર્ટમાં ક્લાસિક લુકમાં જોવા મળ્યા હતા. મીડિયા સાથેની વાતચીતમાં ટ્રુડો પોતાની ગર્લફ્રેન્ડ વિશે વાત કરતા રોકી શક્યા નહોતા. તેમણે 'એન્ટરટેઈનમેન્ટ ટુનાઈટ' ને મજાકિયા અંદાજમાં કહ્યું કે, "મેં આ શો ત્રણ વખત જોયો છે, પરંતુ દર વખતે હું કેટી સિવાય કોઈના પર ધ્યાન જ આપી શક્યો નહોતો. તેથી સાચું કહું તો, હું હવે પહેલી વાર આખો શો જોવા માટે ઉત્સુક છું.

આ જોડીના અફેરની ચર્ચા ગયા વર્ષે જુલાઈ મહિનામાં શરૂ થઈ હતી, જ્યારે તેઓ મોન્ટ્રીયાલના 'માઉન્ટ રોયલ પાર્ક' માં કેટીના શ્વાન (ડોગ) સાથે ફરતા અને ત્યારબાદ રાત્રિભોજનનો આનંદ માણતા જોવા મળ્યા હતા. આ મુલાકાત એવા સમયે થઈ હતી જ્યારે કેટી પેરી અને તેના મંગેતર તથા હોલિવૂડ અભિનેતા ઓર્લાન્ડો બ્લૂમે સાત વર્ષના સંબંધો બાદ અલગ થવાની જાહેરાત કરી હતી. ઓર્લાન્ડો અને કેટીને એક પુત્રી પણ છે. ઑક્ટોબરની શરૂઆતમાં કેલિફોર્નિયાના દરિયાકાંઠે સિંગરની લક્ઝરી યૉટ પર આલિંગન કરતા ફોટા વાયરલ થયા બાદ, કેટી પેરીએ પોતાની જાપાન મુલાકાત દરમિયાન ટ્રુડો સાથેની તસવીરો ઈન્સ્ટાગ્રામ પર શેર કરીને સંબંધોની સત્તાવાર કબૂલાત કરી હતી. ત્યારથી તેઓ નેટફ્લિક્સ સ્ક્રીનિંગ પાર્ટી અને કોશેલા જેવા મોટા કાર્યક્રમોમાં સાથે જોવા મળે છે.

ઉલ્લેખનીય છે કે, માર્ચ ૨૦૨૫માં કેનેડાના વડાપ્રધાનપદ પરથી હટી ગયેલા જસ્ટિન ટ્રુડોના અગાઉ સોફી ગ્રેગોઈર સાથે લગ્ન થયા હતા અને ૧૮ વર્ષના સંબંધો બાદ ૨૦૨૩માં તેઓ અલગ થયા હતા, તેમને ત્રણ બાળકો છે. ટ્રુડોનો મોટો પુત્ર ઝેવિયર જે એક ઉભરતો સંગીતકાર છે.

# FIFA વર્લ્ડ કપ : કરોડોના બજેટના ખર્ચને સરભર કરવા ટોરોન્ટો ટિકિટો રી-સેલ કરશે

## શરૂઆતમાં અંદાજિત ખર્ચ $30 મિલિયન હતો, જે વધીને $380 મિલિયન સુધી પહોંચતા હોબાળો

**ટોરોન્ટો**



શુક્રવારથી શરૂ થઈ રહેલા ફિફા વર્લ્ડ કપના આયોજન ખર્ચમાં તોતિંગ વધારો થતાં ટોરોન્ટો વહીવટીતંત્ર મુશ્કેલીમાં મુકાયું છે. પ્રારંભિક બજેટ કરતાં ખર્ચ ખૂબ વધી જતાં ટોરોન્ટો શહેરે નફો મેળવવા માટે પોતાના હિસ્સાની વર્લ્ડ કપ ટિકિટોનું બજારમાં ફરીથી વેચાણ (રી-સેલ) કરવાનો નિર્ણય લીધો છે. મેયર કાર્યાલયે આ પગલાનો બચાવ કરતાં જણાવ્યું છે કે, આ વ્યૂહરચનાથી સામાન્ય નાગરિકો પર ઝીંકાનારા પ્રોપર્ટી ટેક્સના બોજને ટાળવામાં મદદ મળશે.

મેયર કાર્યાલયના પ્રવક્તા શિર્વેન રેઝવાનીએ જણાવ્યું હતું કે, "ટિકિટોનું ફરીથી વેચાણ કરવું એ પ્રોપર્ટી ટેક્સ ડોલરનો બિનજરૂરી ખર્ચ અટકાવવા માટે વહીવટીતંત્ર દ્વારા અપનાવવામાં આવેલા વિવિધ રસ્તાઓમાંથી એક ભાગ છે. ટોરોન્ટોએ ગયા વર્ષે માર્ચમાં $૧૧ મિલિયનના મૂલ્યના આશરે ૩,૫૦૦ ટિકિટ પેકેજો ખરીદ્યા હતા. ટોરોન્ટોના મુખ્ય નાણાકીય અધિકારી સ્ટીફન કોન્ફોર્ટીએ ઈમેઈલ અપડેટ દ્વારા જણાવ્યું છે કે, શહેરે તેના હિસ્સાના ૩,૫૦૦ વર્લ્ડ કપ પેકેજોમાંથી અત્યાર સુધીમાં ૪૫૦થી વધુ પેકેજો વેચી દીધા છે. આ પ્રીમિયમ પેકેજોમાં મેચની ટિકિટો ઉપરાંત હોસ્પિટાલિટી સ્યુટ્સ અને ટોરોન્ટો સ્ટેડિયમની અન્ય ખાસ સુવિધાનો સમાવેશ થાય છે. તેને વહીવટીતંત્ર દ્વારા 'મુખ્ય આવક ઉત્પન્ન કરવાની વ્યૂહરચના' તરીકે જોવામાં આવી રહી છે. ટોરોન્ટોના ઓડિટર જનરલના ૨૦૨૫ના અહેવાલ મુજબ શહેરે શરૂઆતમાં આ મેગા ઈવેન્ટ માટે $૩૦ થી $૪૫ મિલિયનનો ખર્ચ ધાર્યો હતો. જો કે, ૨૦૨૨માં આ આંકડો વધીને $૨૮૦ મિલિયન પાર થઈ ગયો હતો અને હાલનો અંદાજિત ખર્ચ $૩૮૦ મિલિયન (આશરે ૩૧૦૦ કરોડ રૂપિયાથી વધુ) સુધી પહોંચી ગયો છે. બજેટમાં થયેલા આ અસાધારણ વધારા અને ટિકિટોના કાળાબજાર જેવા રી-સેલિંગના નિર્ણય સામે વિપક્ષે મોરચો ખોલ્યો છે. શહેરના કાઉન્સિલર અને મેયરપદના ઉમેદવાર બ્રેડ બ્રેડફોર્ડે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X ઉપર વિડિયો શેર કરીને મેયર ઓલિવિયા ચાઉની આ નીતિની આકરી ટીકા કરી છે.

# હજારો લોકો માર્ગો પર ઉતર્યા : ટ્રમ્પના જમાઈ વિરુદ્ધ આલ્બેનિયામાં પ્રચંડ દેખાવ

### લક્ઝરી રિસોર્ટ પ્રોજેક્ટના કામને અટકાવવા માંગણી



**આલ્બેનિયા**

આલ્બેનિયામાં અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના જમાઈ જેરેડ કુશનરના મહત્વાકાંક્ષી લક્ઝરી રિસોર્ટ પ્રોજેક્ટને લઈને પ્રચંડ વિરોધ સતત વધી રહ્યો છે. બુધવારે રાજધાની તિરાનામાં હજારો લોકોએ રસ્તા પર ઉતરી આવીને અત્યાર સુધીનું સૌથી મોટું પ્રદર્શન કર્યું. પ્રદર્શનકારીઓ આ પ્રોજેક્ટને પર્યાવરણ અને દેશના હિતોની વિરુદ્ધ ગણાવી રહ્યા છે. આશરે ૫ અબજ યુરોના ખર્ચ ધરાવતા આ પ્રોજેક્ટનું નિર્માણ ઝવેર્નેક વિસ્તારની નજીક પ્રસ્તાવિત છે. આ વિસ્તાર એક સંરક્ષિત વેટલેન્ડની નજીક સ્થિત છે, જ્યાં ફ્લેમિંગો, સીલ અને દરિયાઈ કાચબા જેવી અનેક દુર્લભ પ્રજાતિઓ જાવા મળે છે. પર્યાવરણ કાર્યકર્તાઓનું કહેવું છે કે આટલા મોટા પ્રવાસન પ્રોજેક્ટના કારણે આ સંવેદનશીલ ઈકોસિસ્ટમને ગંભીર નુકસાન પહોંચી શકે છે.

તિરાનાના રસ્તાઓ પર ઉતરેલા પ્રદર્શનકારીઓએ આલ્બેનિયા ઈઝ નોટ ફોર સેલ અને ન્યૂઝ અલ્બેનિયા જેવા સૂત્રોચ્ચારો કર્યા હતા. પ્રદર્શનમાં સામેલ લિઆંડ લાકરોરીએ કહ્યું કે, ઝવેર્નેક પ્રોજેક્ટને લઈને કોઈ પણ પ્રકારની પારદર્શિતા રાખવામાં નથી આવી.

# મસ્જિદ અલ અક્શા વિરુદ્ધ ઈઝરાયલના કાવતરાંથી મુસ્લિમ સમાજમાં ઉગ્ર રોષ

### ધાર્મિક કાર્યો માટે ઉપયોગી ચાર ઇમારત ખાલી કરાવાઇ

**જેરુસલેમ**

ઈઝરાયલની રાજધાની જેરુસલેમમાં આવેલી અલ-અક્સા મસ્જિદ, જેને ઈસ્લામનું ત્રીજું સૌથી પવિત્ર સ્થળ માનવામાં આવે છે, તે ફરી એકવાર વિવાદના કેન્દ્રમાં આવી છે. ફિલિસ્તીની નિરીક્ષણ સંસ્થા અલ-કુદ્સ ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યૂશને આરોપ લગાવ્યો છે કે, ઈઝરાયલે મસ્જિદ પરિસરમાં આવેલી ચાર મહત્ત્વની ઈમારતો ખાલી કરાવી દીધી છે. આ ઈમારતોનો ઉપયોગ જાર્ડન સમર્થિત ઈસ્લામિક વકફ દ્વારા વહીવટી અને ધાર્મિક કાર્યો માટે કરવામાં આવતો હતો.

સંસ્થાના જણાવ્યા મુજબ ઈઝરાયલી અધિકારીઓએ સુરક્ષા જાખમનું કારણ આપીને આ ઈમારતોને નિશાન બનાવી છે. આરોપ છે કે, છેલ્લા કેટલાક મહિનાઓ દરમિયાન ઈઝરાયલી દળોએ આ સ્થળોએ દરોડા પાડ્યા, તાળા તોડી નાખ્યા અને નવા તાળા લગાવવાની મંજૂરી પણ આપી નથી. ત્યારબાદ ઈમારતોને ખુલ્લી રાખવામાં આવી અને લોકોને અંદર પ્રવેશતા રોકવામાં આવ્યા હતા.

ખાલી કરાવવામાં આવેલી ઈમારતોમાં ઈમામ અલ-ગઝાલી ગુંબજ, દાર અલ-હદીસ અલ-શરીફ, કુબ્બત સુલેમાન અને કુબ્બત મૂસા સામેલ છે. ખાસ વાત એ છે કે, આ ચારેય ઈમારતો અલ-અક્સા પરિસરના અલગ-અલગ ખૂણાઓમાં આવેલી છે. તેથી ફિલિસ્તીની સંગઠનોનું માનવું છે કે, આ કોઈ સંયોગ નહીં પરંતુ એક સુનિયોજિત પગલું હોઈ શકે છે. અલ-કુદ્સ ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યૂશનનો દાવો છે કે, ઈઝરાયલ આ ઈમારતો પર નિયંત્રણ મેળવવા માટે ખાલી કરાવી રહ્યો છે.

# કેનેડામાં બાળકો માટે સોશિયલ મીડિયા પ્રતિબંધની તૈયારી : નવો કાયદો લાવવા ફેડરલ સરકારની તૈયારી

## સાસ્કેચવાનમાં 86 ટકા વાલી પ્રતિબંધની તરફેણમાં, 16 વર્ષથી નાના બાળકો પર રોક લગાવવાની યોજના

**ઓટ્ટાવા/ટોરોન્ટો**

કેનેડામાં યુવાનો અને બાળકોમાં સોશિયલ મીડિયાના વધતા જતા પ્રભાવ અને તેનાથી થતા નુકસાનને રોકવા માટે સરકાર એક મોટો નિર્ણય લેવા તૈયારી કરી રહી છે. ફેડરલ સરકાર તેના અપેક્ષિત 'ઓનલાઈન હાર્મ્સ બિલ'ના ભાગ રૂપે ૧૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે સોશિયલ મીડિયાના ઉપયોગ ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાની યોજના બનાવી રહી છે. કેનેડાના વિવિધ પ્રાંતો પણ આ ફેડરલ કાયદાની રાહ જોઈ રહ્યા છે અને પોતાના સ્તરે નિયમો બનાવવા પર ગંભીર વિચારણા કરી રહ્યા છે. સાસ્કાચેવન પ્રાંતના પ્રીમિયર સ્કોટ મોએ જણાવ્યું હતું કે, પ્રાંતના મોટાભાગના રહેવાસીઓ યુવાનો માટે સોશિયલ મીડિયા પર પ્રતિબંધ મૂકવાની તરફેણમાં છે. પ્રાંત દ્વારા તાજેતરમાં મોકલવામાં આવેલા સર્વેક્ષણ પોસ્ટકાર્ડ્સના આધારે જાણવા મળ્યું છે કે, આશરે ૮૬ ટકા વાલીઓ બાળકો માટે સોશિયલ મીડિયા એક્સેસ પર મર્યાદાઓ ઈચ્છે છે. આ સર્વેક્ષણ પરત કરવાની અંતિમ સમયમર્યાદા ૩૦ જૂન નક્કી કરાઈ છે. જેમાં કયા વય જૂથ અને કયા પ્લેટફોર્મ પર પ્રતિબંધ મૂકવો, તે અંગે લોકોના અભિપ્રાય લેવાઈ રહ્યા છે.

ફેડરલ સરકારના આ પ્રસ્તાવિત કાયદા પહેલા જ કેનેડાના અન્ય પ્રાંતોએ પણ આ દિશામાં પગલાં ભરવાનું શરૂ કરી દીધું છે. મેનિટોબામાં પ્રીમિયર વાબ કિન્યુએ સૌથી પહેલા જાહેરાત કરી હતી કે, તેઓ યુવાનો માટે સોશિયલ મીડિયાની સાથે-સાથે AI ચેટબોટ્સ પર પણ પ્રતિબંધ મૂકવાની યોજના ધરાવે છે.

ક્યુબેકની નેશનલ એસેમ્બલીએ જાન્યુઆરી મહિનામાં જ સોશિયલ મીડિયા માટે વયમર્યાદા ૧૫ વર્ષ નક્કી કરતો કાયદો મંજૂર કર્યો હતો, જે આગામી શૈક્ષણિક વર્ષની શરૂઆતથી લાગુ કરવાનું લક્ષ્ય છે. એ જ રીતે ઓન્ટેરિયોના શિક્ષણ પ્રધાન પોલ કેલેન્ડ્રેએ આ મુદ્દે ફેડરલ સરકાર સાથે મળીને કામ કરવાની ઈચ્છા દર્શાવી છે, જ્યારે બ્રિટિશ કોલંબિયાના એટર્ની જનરલ નિકી શર્માનું માનવું છે કે, આ મામલે ફેડરલ સરકારે જ દેશવ્યાપી આગેવાની લેવી જોઈએ.

તાજેતરમાં માર્ચ મહિનાના અંતમાં જાહેર થયેલા 'એંગસ રીડ'ના મતદાનના આંકડા પણ દર્શાવે છે કે, સમગ્ર કેનેડાના નાગરિકો આ પ્રતિબંધની વ્યાપક સ્તરે તરફેણ કરી રહ્યા છે.

# આજથી મહિલા ટી-૨૦ વર્લ્ડ કપનો પ્રારંભ, ભારત-પાક. વચ્ચે ૧૪ જૂને જંગ

## ૨૪ દિવસ સુધી ચાલનારો વર્લ્ડકપ પાંચ જુલાઇએ ફાઇનલ મેચ સાથે સમાપ્ત થશે

**નવી દિલ્હી**

મહિલા ક્રિકેટની સૌથી મોટી ટુર્નામેન્ટોમાંની એક આઈસીસી મહિલા ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬નો પ્રારંભ ૧૨ જૂનથી થવા જઈ રહ્યો છે. ઈંગ્લેન્ડ અને વેલ્સની યજમાનીમાં રમાનારી આ ટુર્નામેન્ટમાં દુનિયાની ૧૨ સર્વશ્રોષ્ઠ ટીમો ખિતાબ માટે મુકાબલો કરશે. ૨૪ દિવસ સુધી ચાલનારા આ આયોજનની ફઈનલ પાંચ જુલાઈએ ઐતિહાસિક લોર્ડ્સ ક્રિકેટ ગ્રાઉન્ડમાં રમાશે. ટુર્નામેન્ટનો ઉદ્ઘાટન મુકાબલો યજમાન ઈંગ્લેન્ડ અને શ્રીલંકા વચ્ચે એજબેસ્ટનમાં રમાશે. જ્યારે ભારતીય ફ્રેન્સની નજર ૧૪ જૂન પર ટકેલી હશે, જ્યારે ભારત અને પાકિસ્તાનની ટીમો આમને-સામને હશે.



### ભારત-પાકિસ્તાન મેચ પર સૌની નજર રહેશે

**ભારત અને પાકિસ્તાન વચ્ચેનો મુકાબલો હંમેશા રોમાંચ અને દબાણથી ભરેલો રહ્યે છે. એવામાં ટુર્નામેન્ટના શરૂઆતી તબક્કામાં જ આ ટક્કર ક્રિકેટ પ્રેમીઓ માટે કોઈ મોટા ઉત્સવથી ઓછી નહીં હોય. ભારતે ગ્રુપ સ્ટેજમાં ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકા જેવી મજબૂત ટીમોનો પણ સામનો કરવો પડશે, જેથી તેના માટે સેમિફઇનલનો રસ્તો સરળ રહેવાનો નથી.**

# બેન સ્ટોક્સ બીજી ટેસ્ટમાંથી બહાર જો રૂટ ઈંગ્લેન્ડની કમાન સંભાળશે

## નાઈટક્લબમાં થયેલી કથિત અથડામણ મામલે ECBએ તપાસ ચાલુ કરી

**લંડન**

ન્યૂઝીલેન્ડ સામે ધી ઓવલ ખાતે (૧૭ જૂન) રમાનારી બીજી ટેસ્ટ મેચ માટે ઈંગ્લેન્ડ ક્રિકેટ ટીમના કેપ્ટન બેન સ્ટોક્સ અને ફસ્ટ બોલર ગસ એટકિન્સનને ટીમમાંથી બહાર કરી દેવામાં આવ્યા છે. આ નિર્ણય તાજેતરમાં સામે આવેલા નાઈટક્લબ વિવાદ બાદ લેવામાં આવ્યો છે. બીજી તરફ, અનુભવી બેટ્સમેન જો રૂટને બીજી ટેસ્ટ માટે ઈંગ્લેન્ડનો વચગાળાનો કેપ્ટન નિયુક્ત કરવામાં આવ્યો છે.



રવિવારે રાત્રે લોર્ડ્સ ખાતે પ્રથમ ટેસ્ટમાં જીત બાદ ઈંગ્લેન્ડની ટીમે જશ્ન મનાવ્યો હતો. ખેલાડીઓ પહેલા ડ્રેસિંગ રૂમમાં અને પછી લંડનના વ્હાઈટ હોર્સ પબ પહોંચ્યા હતા, જ્યાં તેમની મુલાકાત સારાસેન્સ રગ્બી ક્લબના ખેલાડીઓ સાથે થઈ હતી. રાત્રે ૧૧ વાગ્યા પછી કેટલાક ખેલાડીઓ ચેલ્સી સ્થિત રેક્સ રૂમ્સ નાઈટક્લબમાં પહોંચ્યા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર, રાત્રે આશરે ૧ વાગ્યે ત્યાં એક અથડામણ થઈ હતી. આ સમય ઈંગ્લેન્ડ ટીમ માટે નિર્ધારિત કર્ફ્યૂ કરતા એક કલાક મોડો હતો. આ મામલામાં સ્ટોક્સ, ફસ્ટ બોલર ગસ એટકિન્સન, ઈસીબી સુરક્ષા દળના એક સભ્ય અને સારાસેન્સ એકેડમીના ખેલાડી ટોટોઆ ઔવાનું નામ સામે આવ્યું છે.

# લોર્ડ્સ અને ગદ્દાફી સ્ટેડિયમ સામે ICCની કાર્યવાહી, મેચ રેફરીના રિપોર્ટે સૌને ચોંકાવ્યા

**દુબઈ :** ICCએ વિશ્વના બે ઐતિહાસિક ક્રિકેટ મેદાનો સામે આકરી કાર્યવાહી કરતા ક્રિકેટ જગતમાં ખળભળાટ મચી ગયો છે. ક્રિકેટના મક્કા ગણાતા લંડનના લોર્ડ્સ સ્ટેડિયમ અને પાકિસ્તાનના લાહોર સ્થિત ગદ્દાફી સ્ટેડિયમની પિચોને ICCએ સત્તાવાર રીતે “અસંતોષજનક” જાહેર કરી છે. આ ખામીયુક્ત પિચો તૈયાર કરવા બદલ ICCની પિચ અને આઉટફિલ્ડ મોનિટરિંગ પ્રક્રિયા અંતર્ગત બંને પ્રતિષ્ઠિત મેદાનોને એક-એક ડિમેરિટ પોઈન્ટ પણ ફટકારવામાં આવ્યો છે.

લોર્ડ્સમાં ઈંગ્લેન્ડ અને ન્યૂઝીલેન્ડ વચ્ચે રમાયેલી પ્રથમ ટેસ્ટ મેચ તથા ગદ્દાફી સ્ટેડિયમમાં પાકિસ્તાન અને ઓસ્ટ્રેલિયા વચ્ચે રમાયેલી ત્રીજી વન-ડે મેચની પિચોનું બારીકાઈથી મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. મેચ રેફરી એન્ડી પાયક્રોફ્ટ અને ગ્રેમ લા બ્રૂયે મેચ અધિકારીઓ તેમજ બંને ટીમોના કેપ્ટનો પાસેથી મળેલા ફીડબેકના આધારે પોતાનો નકારાત્મક અહેવાલ સુપરત કર્યો હતો. આ રિપોર્ટ બાદ ICCએ તારણ કાઢ્યું હતું કે, બંને પિચો બેટ અને બોલ વચ્ચેની સંતુલિત તેમજ ન્યાયી સ્પર્ધા માટે તદ્દન અયોગ્ય હતી. ICCના કડક નિયમો અનુસાર, આ ડિમેરિટ પોઈન્ટ આગામી 5 વર્ષના રોલિંગ પીરિયડ માટે સક્રિય રહેશે.

# મોહમ્મદ સિરાજ આયરલેન્ડ-ઈંગ્લેન્ડ સિરીઝમાંથી હટી ગયો

**મુંબઈ :** ટીમ ઈન્ડિયાનો તેજીલો તોખાર મોહમ્મદ સિરાજ આયરલન્ડ અને ઈંગ્લેન્ડ પ્રવાસમાં ટી-૨૦ સીરીઝમાં નહીં રમે. સિરાજના વર્કલોડને મેનેજ કરવા માટે બોર્ડ દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો હતો. ભારતીય ક્રિકેટ બોર્ડ (મ્ઝ્રઝ્રૈં)એ મંગળવારે જણાવ્યુ હતું કે મોહમ્મદ સિરાજને તકેદારીના ભાગરુપે ટીમમાંથી હટાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. તેને આરામ કરવાની સલાહ આપવામાં આવી છે.



૩૨ વર્ષીય સિરાજના સ્થાને ટીમમાં પ્રસિદ્ધ ક્રિષ્ણાને ટીમમાં સમાવાયો છે. સિરાજ અને પ્રસિદ્ધ આઈપીએલ બાદ તાજેતરમાં જ અફઘાનિસ્તાન સામેની એકમાત્ર ટેસ્ટ મેચમાં રમ્યા હતા જેમાં ભારતે ઈનિંગ અને ૩૦૦ રનથી જીત મેળવી હતી. ભારત આગામી ૨૬ જૂનથી આયરલેન્ડ સામે બે અને એક જુલાઈથી ઈંગ્લેન્ડ સામે પાંચ મેચની ટી-૨૦ સિરીઝ રમશે.

# બાંગ્લાદેશે ઓસ્ટ્રેલિયા સામે પ્રથમવાર વન-ડે સિરીઝ જીતી

## બીજી મેચમાં પાંચ વિકેટે જીત સાથે 2-0થી સિરીઝ પર કબજો

**મીરપુર**

બાંગ્લાદેશે ઓસ્ટ્રેલિયા સામેની બીજી વન-ડે મેચમાં પાંચ વિકેટે શાનદાર જીત મેળવીને ઓસ્ટ્રેલિયા સામે ઈતિહાસમાં પહેલીવાર વન ડે સિરીઝ જીતી છે. ૨૦૨૧ માં બાંગ્લાદેશે કાંગારૂઓને ટી-૨૦ સિરીઝમાં હરાવ્યા હતા, અને હવે વન-ડે ફેર્મેટમાં પણ તેઓએ દબદબો કાયમ કર્યો છે. પ્રથમ મેચમાં ૨૧ વર્ષ બાદ ઓસ્ટ્રેલિયાને ૫૦-ઓવરના ફેર્મેટમાં હરાવનાર યજમાન બાંગ્લાદેશે અગાઉ કાંગારૂઓ સામે રમાયેલી તમામ ચારેય દ્વિપક્ષીય વન-ડે સિરીઝ ૩-૦ થી ગુમાવી હતી. આ અગાઉ ઓસ્ટ્રેલિયા સામે તેમની એકમાત્ર વન-ડે જીત ૨૦૦૫ માં ઈંગ્લેન્ડમાં રમાયેલી ટ્રાઈ-સિરીઝમાં આવી હતી. બીજી મેચમાં ઓસ્ટ્રેલિયાની ઈનિંગ્સ દરમિયાન વરસાદ પડતાં બાંગ્લાદેશને ૪૧ ઓવરમાં ૧૯૨ રનનો સંશોધિત લક્ષ્યાંક મળ્યો હતો. લક્ષ્યાંકનો પીછો કરતા બાંગ્લાદેશે પ્રથમ ઓવરમાં જ તાન્ઝિદ હસન તમીમની વિકેટ શૂન્ય રને ગુમાવી દીધી હતી. જોકે, સૌમ્યા સરકાર (૪૨ રન) અને નજમુલ હુસૈન શાંતો (૪૧ રન) એ બીજી વિકેટ માટે ૮૬ રનની ભાગીદારી નોંધાવી ટીમને મજબૂત સ્થિતિમાં મૂકી હતી.

# હાર્દિક ઈજાગ્રસ્ત : અફઘાનિસ્તાન સામેની વન-ડે સીરિઝમાંથી બહાર

**મુંબઈ :** ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે 13 જૂનથી શરૂ થવા જઈ રહેલી ત્રણ મેચોવી વન-ડે સીરિઝ પહેલા ટીમ ઈન્ડિયાને મોટો ઝટકો લાગ્યો છે. સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા ઈજાના કારણે આખી સીરિઝમાંથી બહાર થઈ ગયો છે. BCCIની મેડિકલ અપડેટ પ્રમાણે હાર્દિકને લો-ગ્રેડ ક્વાડ્રિસેપ્સ સ્ટ્રેન થયું છે. આ જાંઘના આગળના ભાગમાં સ્નાયુઓમાં ખેંચાણની ઈજા છે. મેડિકલ સ્ટાફે તેનો રિકવરી સમયગાળો લગભગ ત્રણ અઠવાડિયા હોવાનો અંદાજ લગાવ્યો છે. આવી સ્થિતિમાં તે અફઘાનિસ્તાન સામેની ત્રણેય વન-ડે મેચ માટે ઉપલબ્ધ નહીં રહેશે. હાર્દિક પંડ્યા તાજેતરમાં જ મુંબઈ ઈન્ડિયન્સ માટે IPL દરમિયાન બેક સ્પાઝમ (પીઠના સ્નાયુઓમાં ખેંચાણ)ની ઈજામાંથી સ્વસ્થ થયા બાદ ફિટનેસ ક્લિયરન્સ માટે બેંગલુરુમાં BCCIના સેન્ટર ઑફ એક્સેલન્સ (CoE) પહોંચ્યો હતો.



# ઓસ્ટ્રેલિયન ઓપન : પીવી સિંધુ અને તન્વી શર્મા બીજા રાઉન્ડમાં પહોંચ્યા

## મહિલા સિંગલ્સમાં ઇશારાની બરુઆ, માલવિકા બંસોડે પણ જીત નોંધાવી

**સિડની**

ઓસ્ટ્રેલિયન બેડમિન્ટન ઓપન ૨૦૨૬માં બુધવારે સ્ટાર શટલર પીવી સિંધુ અને યુવા સનસની તન્વી શર્માએ બીજા રાઉન્ડમાં પોતાની જગ્યા પાકી કરી લીધી છે. પૂર્વ વિશ્વ ચેમ્પિયન સિંધુએ ઓલિમ્પિક બુલેવાર્ડ વેન્યુ પર પેરુની ઈનેસ કેસ્ટિલોને સીધી ગેમમાં ૨૧-૧૩, ૨૧-૧૧ થી હરાવી હતી. બે વખતની ઓલિમ્પિક મેડલિસ્ટ સિંધુએ શરૂઆતથી જ મેચ પર પોતાનો દબદબો



જાળવી રાખ્યો અને અડધા કલાકથી પણ ઓછા સમયમાં મુકાબલો ખતમ કરી દીધો હતો. પ્રી-ક્વાર્ટર ફાઈનલમાં પીવી સિંધુનો મુકાબલો હવે દેશવાસી ઈશરાની બરુઆ સામે થશે. વિશ્વના ૩૯માં ક્રમની ઈશરાનીએ ચીનની હાન કિયાનક્સી સામે ૨૨-૨૦, ૧૦-૨૧, ૨૧-૧૪ થી જીત નોંધાવીને આગલા રાઉન્ડમાં જગ્યા બનાવી છે. બીજી તરફ, ૧૭ વર્ષીય તન્વી શર્માએ મોટો અપસેટ સર્જતાં વિશ્વની ૧૧મા ક્રમની ચાઈનીઝ તાઈપેઈની ચીઉ પિન-ચિયનને ૨૧-૧૨, ૨૨-૨૦ થી માત આપી દીધી. આગલા રાઉન્ડમાં તેનો સામનો માલવિકા બંસોડ સામે થશે.

# એશિયન ગેમ્સ માટેની પાકિસ્તાની ટીમ જાહેર : દિગ્ગજોના પત્તાં કપાયા

**ઇસ્લામાબાદ :** એશિયન ગેમ્સ 2026 માટે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB) એ પોતાની ટીમનું એલાન કરી દીધું છે. જાપાનમાં યોજાનારી આ આગામી એશિયન ગેમ્સ માટે પાકિસ્તાનની ટીમમાં અનેક દિગ્ગજ ખેલાડીઓના પત્તાં કપાયા છે. કેપ્ટન સલમાન અલી આગાથી લઈને બાબર આઝમ, શાહીન આફ્રિદી અને મોહમ્મદ રિઝવાન જેવા સ્ટાર ખેલાડીઓ આ ટીમનો હિસ્સો નથી. પ્રથમ નજરે જોતાં આ એકદમ યુવા અને નવી નવેલી ટીમ જણાઈ રહી છે, કારણ કે ટીમમાં સામેલ 4 ખેલાડીઓએ હજુ સુધી T20I ક્રિકેટમાં ડેબ્યૂ પણ નથી કર્યું. બોર્ડે આ યુવા ટીમની કમાન બેટ્સમેન સાહિબઝાદા ફરહાનને સોંપી છે, જેણે T20 વર્લ્ડ કપ 2026માં ધમાકેદાર પ્રદર્શન કર્યું હતું. 19 સપ્ટેમ્બરથી 4 ઓક્ટોબર દરમિયાન જાપાનમાં એશિયન ગેમ્સનું આયોજન થવા જઈ રહ્યું છે. તેના માટે ક્રિકેટ ટીમોની જાહેરાત થવાની શરૂઆત થઈ ગઈ છે. BCCIએ ગત અઠવાડિયે જ ટીમની જાહેરાત કરી હતી. BCCIએ ફૂલ-ફ્લેજ્ડ ટીમ આ ઈવેન્ટમાં મોકલવાનો નિર્ણય લીધો છે. જ્યાર બીજી તરફ પાકિસ્તાને આ ટૂર્નામેન્ટ માટે એકદમ યુવા ખેલાડીઓથી સજ્જ ટીમ મેદાને ઉતારવાનો નિર્ણય કર્યો છે. જેની જાહેરાત પણ PCBએ કરી દીધી છે.





# 39 દિવસ સુધી 48 દેશો વચ્ચે વર્લ્ડ કપ ફૂટબોલનો મહાસંગ્રામ

## પહેલીવાર અમેરિકા, કેનેડા અને મેકસિકોના સંયુક્ત ઉપક્રમે ટૂર્નામેન્ટનું આયોજન

ફિફ વર્લ્ડ કપ ૨૦૨૬ શરૂ થઈ ચૂક્યો છે. આજથી શરૂ થઈ રહેલી આ ટૂર્નામેન્ટ, માત્ર એક ટૂર્નામેન્ટ નહીં, પરંતુ ફૂટબોલ ઈતિહાસનું સૌથી મોટું આયોજન બનવા જઈ રહ્યું છે. પહેલીવાર ૩૨ની જગ્યાએ ૪૮ ટીમો મેદાનમાં ઉતરશે. ટૂર્નામેન્ટની યજમાની અમેરિકા, કેનેડા અને મેક્સિકો સંયુક્ત રીતે કરશે, લગભગ અઢી વર્ષ સુધી ચાલેલા ક્વોલિફિકેશન મુકાબલા બાદ ૪૮ ટીમોનું ચિત્ર સ્પષ્ટ થઈ શક્યુ હતું, આ વખતે કુલ ૧૦૪ મેચ રમાશે, જે વર્લ્ડ કપના ઈતિહાસમાં સૌથી વધુ છે, મુકાબલા ૧૬ અલગ-અલગ શહેરોમાં યોજાશે અને ટૂર્નામેન્ટ ૩૯ દિવસ સુધી ચાલશે.

### નવું ફોર્મેટ : ટૂર્નામેન્ટ કેવી રીતે રમાશે ?

» ૪૮ ટીમોને ૧૨ ગ્રુપમાં વહેંચવામાં આવી છે, દરેક ગ્રુપમાં ૪ ટીમો હશે. દરેક ટીમ ગ્રુપ સ્ટેજમાં ત્રણ મેચ રમશે. ૩૯ દિવસમાં કુલ ૧૦૪ મેચ રમાશે. ગ્રુપની ટોપ બે ટીમો અને ત્રીજા સ્થાને રહેલી આઠ બેસ્ટ ટીમો નોકઆઉટ સ્ટેજ એટલે કે રાઉન્ડ ઓફ્ ૩૨માં જશે.

» પહેલા ગ્રુપ સ્ટેજ પછી સીધો રાઉન્ડ ઓફ્ ૧૬ થતો હતો, પરંતુ હવે ૩૨ ટીમોનો નવો નોકઆઉટ રાઉન્ડ રમાશે. આનાથી મુકાબલાની સંખ્યા વધશે અને દરેક મેચનું મહત્વ પણ વધારે હશે.

» રાઉન્ડ ઓફ્ ૩૨ માં જીત મેળવનારી ટીમો પ્રી-ક્વાર્ટર ફઈનલ (૧૬ ટીમો)માં જશે. રાઉન્ડ ઓફ્ ૧૬ માં જીતનારી ટીમો પછી ક્વાર્ટર ફઈનલ અને ત્યાં જીતનારી ટીમો પછી સેમિફઈનલમાં જશે.

» ફઈનલ સુધી પહોંચનારી ટીમને હવે આઠ મેચ રમવી પડશે, જ્યારે પહેલા ચેમ્પિયન બનવા માટે વધુમાં વધુ સાત મેચ રમવી પડતી હતી.



### ટૂર્નામેન્ટની સૌથી રસપ્રદ ઘટનાઓ

» ૪૦ વર્ષ બાદ ઈરાકની વાપસીઃ ૧૯૮૬ પછી પહેલીવાર વર્લ્ડ કપમાં સ્થાન. ઈન્ટરકોન્ટિનેન્ટલ પ્લેઓફમાં બોલિવિયાને હરાવ્યું. યુદ્ધ અને રાજકીય અસ્થિરતા છતાં શાનદાર ઉપલબ્ધિ. ● ઈટાલી સળંગ ત્રીજી વાર બહારઃ ચાર વારની વર્લ્ડ ચેમ્પિયન ટીમ ક્વોલિફય ન કરી શકી. બોસ્નિયા અને હર્ઝેગોવિના સામે પ્લેઓફમાં હાર. વર્લ્ડ ફૂટબોલનો સૌથી મોટો ઝટકો. ● ઈરાન પર વિવાદ : ફિફ અધ્યક્ષ જિયાની ઈન્ફેન્ટિનોએ સ્પષ્ટ કર્યું કે અમે ઈરાનની ટીમને પૂરો ટેકો આપીશું અને તેઓ પોતાના નક્કી કરેલા કાર્યક્રમ મુજબ રમશે. જોકે, ટીમ અમેરિકામાં રોકાશે નહીં અને પોતાની મેચ રમીને તરત જ મેક્સિકો જવા રવાના થશે.

### નવા નિયમો અને નવી ટેક્નોલોજી

» સેમી-ઓટોમેટેડ ઓફસાઈડ ટેક્નોલોજીનું અપગ્રેડેડ વર્ઝન ઉપયોગમાં લેવાશે. ઓફસાઈડની સ્થિતિમાં આસિસ્ટન્ટ રેફીને તરત જ એલર્ટ મળશે, જેથી નિર્ણયો પહેલા કરતા વધુ ઝડપી અને સચોટ હશે.

» રેફરીને વધુ અધિકારો મળ્યા છે. હવે ખોટા આપવામાં આવેલા કોર્નર, ખોટા બીજા યલો કાર્ડ અને કેટલીક અન્ય સ્પષ્ટ રેફિંગ ભૂલોની પણ સમીક્ષા કરી શકાશે.

» રેફી બોડી કેમેરા પહેલીવાર વર્લ્ડ કપમાં મોટા પાયે ઉપયોગમાં લેવાશે. દર્શકોને રેફીના નજરિયાથી પણ કેટલાક ફૂટેજ જોવા મળી શકે છે.

» થ્રો-ઈન અને ગોલ કિકમાં સમય બગાડવા પર કડકાઈ. ઘણી પરિસ્થિતિઓમાં પાંચ સેકન્ડની કાઉન્ટડાઉન વ્યવસ્થા લાગુ થશે જેથી રમતની ગતિ જળવાઈ રહે.

» સબસ્ટીટયુશનમાં વિલંબ પર કાર્યવાહી. મેદાન છોડનાર ખેલાડીએ નિર્ધારિત સમયની અંદર બહાર જવું પડશે, નહીં તો ટીમને નુકસાન ઉઠાવવું પડી શકે છે.

## પહેલીવાર વર્લ્ડ કપ રમી રહેલી પ્રમુખ ટીમો

● **જોર્ડનનો પહેલો વર્લ્ડ કપઃ** પ્રિમ એશિયાની ટીમ જોર્ડને પોતાના ઈતિહાસમાં પહેલીવાર ફિફ વર્લ્ડ કપમાં સ્થાન બનાવ્યું છે. એશિયન કપ ૨૦૨૩ ની ફઈનલ સુધી પહોંચનારી ટીમે શાનદાર પ્રદર્શનના આધારે વર્લ્ડ ફૂટબોલના સૌથી મોટા મંચની ટિકિટ મેળવી.

● **ઉઝબેકિસ્તાનનું સપનું પૂરુંઃ** મધ્ય એશિયાઈ દેશ ઉઝબેકિસ્તાને પણ પહેલીવાર વર્લ્ડ કપ માટે ક્વોલિફય કર્યું છે. વર્ષોથી નજીક પહોંચીને ચૂકી જતી ટીમે આખરે ઈતિહાસ રચી દીધો.

● **કુરાકાઓએ રચ્યો ઇતિહાસઃ** કેરેબિયન દ્વીપ દેશ કુરાકાઓએ પહેલીવાર ફિફ વર્લ્ડ કપ માટે ક્વોલિફય કર્યું છે. માત્ર આશરે દોઢ-બે લાખની વસ્તી ધરાવતા આ દેશની હાજરી દર્શાવે છે કે નવા ફોર્મેટે નાના દેશો માટે પણ દરવાજા ખોલી દીધા છે.

● **કેપ વર્ડેની ઐતિહાસિક એન્ટ્રીઃ** આફ્રિકાના નાના દ્વીપીય દેશ કેપ વર્ડેએ પહેલીવાર વર્લ્ડ કપમાં સ્થાન બનાવ્યું. સીમિત સંસાધનો હોવા છતાં તેમની ઉપલબ્ધિ આ ટૂર્નામેન્ટની સૌથી પ્રેરણાદાયક વાર્તાઓમાં સામેલ છે.

